અમદાવાદ
# એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
નીલમ કોઠારીએ ગોવિંદા સાથેના અફેર પર મૌન તોડ્યું...



પેજ-09
જસપ્રીત બુમરાહની બોલિંગ એક્શન પર ઉઠ્યા સવાલ!

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 18.00 |
| સુરત | 32.00 | 20.00 |



પેજ 5
જાપાનથી બુલેટ ટ્રેનની આયાત નહીં કરાય મેક-ઈન-ઈન્ડિયા અભિગમ...

24 NOVEMBER-2024 SUNDAY

તાઈવાનના પ્રમુખ પેસિફિક દેશોની મુલાકાતે, યુ.એસ. જવા અંગે...
પેજ 10



**.....સુવિચાર.....**
મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિનો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

વર્ષ-14 । અંક-007 । વિક્રમ સંવત-2081 । કારતક વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## મહારાષ્ટ્રમાં ભાજપના ગઠબંધનની સરકાર નિશ્ચિત : શરદ પવારની એનસીપીનો અત્યાર સુધીનો સૌથી ખરાબ દેખાવ

# મહારાષ્ટ્રમાં મહાયુતિની પ્રચંડ જીત : ઝારખંડમાં સોરેન સરકાર

(એજન્સી) મુંબઇ । તા. 23

મહારાષ્ટ્ર ચૂંટણી પરિણામોમાં મહાયુતિએ એકતરફી લીડ મેળવી છે. 288 વિધાનસભા બેઠકોમાંથી, ભાજપ ગઠબંધન 230 પર આગળ છે, જેમાંથી તેણે 107 બેઠકો જીતી છે. 123 પર આગળ છે. તે જ સમયે, કોંગ્રેસની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી (MVA) 50નો આંકડો પણ પાર કરે તેવું લાગતું નથી. અત્યાર સુધી એમવીએ 22 સીટો જીતી છે અને 24 પર આગળ છે. રાજ્યમાં ભાજપના ગઠબંધનની સરકાર બનશે તે નિશ્ચિત છે. મુખ્યમંત્રી શિંદે અને દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે ત્રણેય પક્ષો સાથે મળીને નક્કી કરશે કે રાજ્યના આગામી મુખ્યમંત્રી કોણ હશે. આ પહેલા ફડણવીસે સોશિયલ મીડિયા પર લખ્યું હતું - એક હૈ તો સેફ હૈ મહાયુતિમાં ભાજપ, શિવસેના (એકનાથ શિંદે) અને NCP (અજિત પવાર)નો સમાવેશ થાય છે, જ્યારે મહાવિકાસ અઘાડીમાં કોંગ્રેસ, શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને NCP (શરદ પવાર)નો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર વિધાનસભાની 288 બેઠકો પર 20 નવેમ્બરે મતદાન થયું હતું. 2019ની સરખામણીએ આ વખતે 4% વધુ મતદાન થયું છે. 2019માં 61.4% વોટ પડ્યા હતા. આ વખતે 65.11% મતદાન થયું છે.

### એક હૈ તો સેફ હૈ...



### મારા પુત્રએ 24 કલાક સખત મહેનત કરી : મારો પુત્ર જ CM બનશે, જીત બાદ ફડણવીસના માતાનો મોટો દાવો



દેવેન્દ્ર ફડણવીસના માતા સરિતા ફડણવીસે કહ્યું કે, "મારો પુત્ર જ મુખ્યમંત્રી બનશે." મુખ્યમંત્રી એકનાથ શિંદેએ જીત બાદ આગામી CM અંગે વાત કરતા કહ્યું કે, "જો ચૂંટણીમાં કોઈ વધુ બેઠકો જીતી લે છે તો તે CMનો ચહેરો હોતો નથી. DyCM દેવેન્દ્ર ફડણવીસના માતા સરિતા ફડણવીસે કહ્યું કે, "મારો પુત્ર જ મુખ્યમંત્રી બનશે. આ એક મોટો દિવસ છે કારણ કે મારો પુત્ર રાજ્યમાં મોટો નેતા બની ગયો છે. તે 24 કલાક સખત મહેનત કરતો હતો. તે માત્ર પ્રચાર-પ્રચાર અને પ્રચાર જ કરતો રહ્યો.

**દેવેન્દ્ર ફડણવીસે કહ્યું** હું આધુનિક અભિમન્યુ છું, ચક્રવ્યૂહને ભેદી નાખ્યો

**એકનાથ શિંદેએ કહ્યું** ત્રણેય પક્ષો મળીને નક્કી કરશે CM કોણ હશે

**રાહુલ ગાંધીએ કહ્યું** અમે પરિણામોનું વિગતવાર વિશ્લેષણ કરીશું

### 26મીએ થશે નવી સરકારની રચના : તાવડે

વિનોદ તાવડેએ કહ્યું, 'બંધારણ મુજબ 26મીએ નવી સરકારની રચના થવી જોઈએ, આ વાત પાક્કી છે. 'મને લાગે છે કે, આવતીકાલે અમે રાષ્ટ્રીય અધ્યક્ષ એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે ચર્ચા કરીશું અને એ પછી 24 કે 25 તારીખે એક નિરીક્ષક અહીં આવશે.'

## I.N.D.I.A.નું સારું પ્રદર્શન : સોરેન

### રાંચીમાં પોસ્ટર લાગ્યા... શેરદિલ સોરેન ફરીથી આવ્યા

(એજન્સી) રાંચી । તા. 23

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના વલણો અનુસાર હેમંત સોરેનની જેએમએમ ફરી સત્તામાં આવશે તે નિશ્ચિત છે. 81 બેઠકો પર મતગણતરી દરમિયાન, વલણો અનુસાર, JMM ગઠબંધન 56 બેઠકો પર આગળ છે. આ આંકડો 41ની બહુમતી કરતાં 15 બેઠકો વધુ છે. ભાજપ ગઠબંધન 24 બેઠકો પર આગળ છે. જીત બાદ મુખ્યમંત્રી હેમંત સોરેને પોતાના પુત્રોનો ફોટો શેર કર્યો અને લખ્યું- મારી તાકાત. પત્ની કલ્પના પણ જીતી છે. રાજ્યની 81 બેઠકો પર 13 અને 20 નવેમ્બરે મતદાન થયું હતું, જેમાં 68% મતદાન થયું હતું. આ અત્યાર સુધીની સૌથી વધુ મતદાન ટકાવારી છે. 2019ની વિધાનસભા ચૂંટણીમાં જેએમએમને 30, કોંગ્રેસે 16 અને આરજેડીએ એક સીટ જીતી હતી. ત્રણેય પક્ષોનું ગઠબંધન હતું. ત્યારબાદ જેએમએમના નેતા હેમંત સોરેન મુખ્યમંત્રી બન્યા. ભાજપને 25 બેઠકો મળી હતી. ટ્રેન્ડમાં બહુમતી મળ્યા બાદ કોંગ્રેસના નેતાઓ હેમંત સોરેનને મુખ્યમંત્રી આવાસ પર મળ્યા હતા.



## 15 રાજ્યોની 46 વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપનો વાગ્યો ડંકો

### કોંગ્રેસ માત્ર 7 બેઠકો સુધી મર્યાદિત

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની સાથે 15 રાજ્યોની 46 વિધાનસભા અને 2 લોકસભા બેઠકો માટે મતગણતરી લગભગ પુર્ણ થઈ ગઈ છે. પ્રિયંકા ગાંધી વાયનાડ લોકસભાથી 4 લાખ 10 હજાર મતથી જીત્યા છે. તેમને કુલ 6 લાખ 22 હજાર 338 મત મળ્યા હતા. અહીં CPIના સત્યન મોકેરી (2 લાખ 11 હજાર વોટ) બીજા અને બીજેપીના નવ્યા હરિદાસ (1 લાખ 9 હજાર વોટ) ત્રીજા ક્રમે રહ્યા છે. મધ્યપ્રદેશમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા વનમંત્રી રામનિવાસ રાવત વિજયપુર બેઠક પરથી હારી ગયા છે તેમજ ઉત્તરપ્રદેશની 9 વિધાનસભા બેઠકમાંથી, ભાજપ ગઠબંધને 7 અને સપાએ 2 બેઠક જીતી છે. 'જાબની 4 વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP)એ 3 બેઠકો જીતી છે.

## વિકાસ અને સુશાસનની જીત... મહાયુતિની જીત પર PM મોદીની પ્રતિક્રિયા

વડાપ્રધાન મોદીએ દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટર ખાતે તેમના સંબોધનની શરૂઆત જય ભવાની, જય શિવાજીના નારા સાથે કરી હતી. તેમણે કહ્યું- મહારાષ્ટ્રમાં વિકાસ અને સુશાસનની જીત થઈ.અસત્ય અને વિભાજનની શક્તિઓનો પરાજય થયો છે. પરિવારવાદનો પરાજય થયો છે. આ પહેલા બીજેપી હેડક્વાર્ટર પહોંચતા બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા, ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહે તેમનું સ્વાગત કર્યું હતું. જેપી નડ્ડાએ કહ્યું- આજે ઐતિહાસિક દિવસ છે. આનો શ્રેય મોદીને જાય છે. જનતાએ પીએમ મોદીની રાષ્ટ્ર સેવાને મહોર મારી છે.

**મોદીએ જનતાનો માન્યો આભાર, કહ્યું મને એનડીએના દરેક કાર્યકર્તા પર ગર્વ**

મહારાષ્ટ્રની જનતાએ 2019માં પણ ભાજપને જનાદેશ આપ્યો હતો, ત્યારે ઉદ્ધવ ઠાકરેના સત્તાના લોભે જનતા સાથે દગો કર્યો હતો. સાંજ પહેલા જ ભાજપ કાર્યાલય ખાતે કાર્યકરો ઉમટી પડ્યા હતા. તેઓ ઢોલ વગાડીને વિજયની ઉજવણી કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં ભાજપ ગઠબંધન એકતરફી જીત્યું છે. પીએમ મોદીએ મહારાષ્ટ્રની જીતને વિકાસ અને સુશાસનની જીત ગણાવી છે. તેમણે સોશિયલ મીડિયા X પર લખ્યું કે એક થઈને આપણે વધુ ઊંચાઈ મેળવીશું!



## એરલાઈન્સને ભોજન વ્યવસ્થા કરવાનો DGCAનો કડક આદેશ

### ફ્લાઈટ મોડી પડશે તો મુસાફરો ભૂખ્યા-તરસ્યા નહીં રહે

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

શિયાળાની ઋતુમાં ધુમ્મસના કારણે ફ્લાઈટ્સ ડીલે થતી રહેતી હોય છે. જેના કારણે યાત્રીઓને પરેશાનીનો સામનો કરવો પડે છે. આને ધ્યાનમાં રાખીને ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ એરલાઈન્સને ફ્લાઈટમાં વિલંબ દરમિયાન મુસાફરોની સુવિધાનું ધ્યાન રાખવાની સૂચના આપી છે. DGCAએ ફ્લાઈટમાં વિલંબ થવાના કિસ્સામાં મુસાફરોને પાણી, નાસ્તો અને ખોરાક આપવાનું કહ્યું છે. DGCAએ અનુસાર જો ફ્લાઈટ બે કલાક લેટ થાય છે તો એરલાઈને યાત્રીઓને પીવાની પાણી ઉપલબ્ધ કરાવવાનું રહેશે. તેમજ જો બેથી ચાર કલાક માટે જો ફ્લાઈટ લેટ થાય છે તો ચા-કોફીની સાથે નાસ્તો પણ આપવાની સલાહ ડીજીસીએ કરી છે. જો ચાર કલાકથી વધુ લેટ થાય છે તો એરલાઇન્સે ભોજનની વ્યવસ્થા પણ કરી આપવાની રહેશે.

### ઓછી વિઝિબિલિટીને કારણે વેઠવી પડે છે મુશકેલી

આ સિવાય સિવિલ એવિએશન સેફ્ટી બ્યુરોએ એરલાઈન્સને હવામાન કે ટેકનિકલ કારણોસર એરક્રાફ્ટમાં ફસાયેલા મુસાફરોને ફરીથી બોર્ડિંગ માટે સરળ એન્ટ્રી આપવાનો પણ નિર્દેશ આપ્યો છે. આ પહેલા એરલાઈન્સ યાત્રિકોને પ્લેનમાંથી બહાર આવવાની મંજૂરી આપતી ન હતી. કારણ કે જો તે આવું કરે તો વારંવાર સુરક્ષા તપાસ કરવી પડે છે અને ફ્લાઈટનો ટેકઓફ સ્લોટ ગુમાવવાનું જોખમ હતું.

## દિલ્હીમાં પ્રદૂષણ ફરી ગંભીર, AQI 467 પર પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

દિલ્હી 5 દિવસ પછી ફરી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગયું. શનિવારે સવારે 6 વાગ્યે પણ દિલ્હીના 9 વિસ્તારોમાં પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં નોંધાયું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, દિલ્હીના વજીરપુરની હવા સૌથી વધુ ઝેરી છે. અહીં AQI 467 નોંધાયો હતો. તેમજ, દિલ્હીનો સરેરાશ AQI 419 નોંધાયો હતો. વધતા પ્રદૂષણને લઈને દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે દિલ્હીના મુખ્ય સચિવને GRAP-4ના નિયંત્રણોને કડક રીતે લાગુ કરવા માટે પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું કે મુખ્ય સચિવે પર્સનલી દેખરેખ રાખવી જોઈએ.

## વાયનાડમાં પ્રિયંકા ગાંધીની જીત, સંસદ પહોંચનારા ગાંધી પરિવારના 9મા સભ્ય

### પ્રિયંકા ગાંધી વાડ્રાનો રાજકારણમાં પ્રવેશ

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

દેશની બે અત્યંત મહત્ત્વની લોકસભા બેઠક વાયનાડ અને નાંદેડ પર યોજાયેલી પેટાચૂંટણીના આજે પરિણામ જાહેર થયા છે. જેમાં કેરળની વાયનાડ બેઠક ખૂબ જ મહત્ત્વની છે. વાયનાડ બેઠક પરથી જ કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી 617942 મત મેળવીને ડાબેરી મોરચા (CPI)ના સત્યન મોકેરી અને ભાજપના નવ્યા હરિદાસને હરાવ્યા છે. ગાંધી પરિવારમાંથી જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, ફિરોઝ ગાંધી, સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, મેનકા ગાંધી, વરુણ ગાંધી અને રાહુલ ગાંધી રાજકારણમાં આવી ચૂક્યા છે. હવે પ્રિયંકા ગાંધી પોતાના રાજકારણની શરૂઆત દેશના દક્ષિણ ભાગથી કરશે. નોંધનીય છે કે આ જ બેઠક પરથી તેમના ભાઈ રાહુલ ગાંધી 2024ની લોકસભા ચૂંટણીમાં 3,64,422 મતોથી વિજયી થયા હતા. જ્યારે પ્રિયંકા ગાંધીએ 4,08,036 મતોથી લીડ મેળવી છે. આ ચૂંટણી દ્વારા પ્રિયંકા ગાંધીએ રાજકારણમાં પ્રવેશ કર્યો છે.



**રાહુલે વાયનાડ બેઠક છોડતા યોજાઈ ચૂંટણી :** રાહુલ ગાંધીના રાજીનામા બાદ આ બેઠક ખાલી પડી હતી. એપ્રિલ-મેમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં રાયબરેલી બેઠક જીત્યા બાદ રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક છોડી દીધી હતી. જેના કારણે આ ખાલી પડેલી બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી.

**કેટલા ઉમેદવારો ચૂંટણી લડ્યા?** વાયનાડમાં પ્રિયંકા સહિત 16 ઉમેદવારો ચૂંટણી લડ્યા છે. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા વાયનાડ બેઠક પરથી યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના ઉમેદવાર છે. જ્યારે તેની સામે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીની આગેવાની હેઠળના ડાબેરી લોકશાહી મોરચાના ઉમેદવાર સત્યન મોકેરી અને BJPની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (NDA)ના ઉમેદવાર નવ્યા હરિદાસ છે.

### SECએ પાઠવ્યું સમન્સ

## ગૌતમ અદાણી અને સાગરને લાંચ કાંડમાં અમેરિકાનું તેડું

(એજન્સી) મુંબઇ । તા. 23

અદાણી ગ્રૂપના ચેરમેને ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી વિરુદ્ધના લાંચ કેસમાં અમેરિકન સરકારે સમન્સ પાઠવ્યું છે. અમેરિકામાં લાંચ કાંડમાં નોંધાયેલા આ કેસમાં યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશને (SEC) કુલ આઠ લોકોને આરોપી બનાવ્યા છે. સૌર ઊર્જા સંબંધિત પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવવા 265 મિલિયન ડૉલર (2200 કરોડ)ની લાંચ આપવાના આરોપ મુદ્દે અમેરિકન ઓથોરિટીએ ગૌતમ અદાણી અને સાગર અદાણીને જવાબ આપવા કહ્યું છે. એસઈસીએ ગૌતમ અદાણીના અમદાવાદમાં આવેલા શાંતિવન ફાર્મ નિવાસસ્થાન અને તેમના ભત્રીજા સાગરને બોડકદેવના નિવાસસ્થાને સમન્સ પાઠવીને 21 દિવસમાં જવાબ આપવાનો નિર્દેશ કર્યો છે.



**પ્રતિવાદીઓ લાંચ યોજના વિશે ખોટું બોલ્યા: યુએસ એટર્ની :** અમેરિકન એટર્ની બ્રાયન પીસે બુધવારના રોજ આરોપોની જાહેરાત કરતા એક નિવેદનમાં કહ્યું હતું કે, 'પ્રતિવાદિઓ પર આરોપ છે કે, તેઓએ અબજો ડૉલરનો કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય સરકારી અધિકારીઓને લાંચ આપવા માટે એક યોજના બનાવી હતી અને યોજના અંગે ખોટું બોલ્યા હતા, કારણ કે તેઓ અમેરિકનો અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો પાસેથી મૂડી એકત્ર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.'

### રશિયન મૉડ્યૂલમાં લીકેજના કારણે સ્પેસ સ્ટેશનનું સંતુલન બગડ્યું, વિસ્ફોટનો ભય

## સુનીતા સહિત અન્ય અવકાશયાત્રીઓ પર સંકટની સંભાવના



**અગાઉ લીકેજ સીલ કરાયું હતું, પણ કોઈ ફાયદો ન થયો**

આ લીકની સમસ્યા 2019માં સામે આવી હતી અને તે અંગે અમેરિકા-રશિયા બંને જાણે છે. તેનો નિવેડો લાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા હતા, જોકે તેમ છતાં હજુ સુધી આ સમસ્યા ઉકેલાઈ શકી નથી. તેના કારણે સ્પેસ સ્ટેશન પર અનેક વખત ખતરો આવ્યો હતો. જે સ્થળે લીકેજ થયું છે, તેને સીલ પણ કરવામાં આવ્યું હતું, જોકે તેમ છતાં કોઈ ફાયદો થયો નથી. શરૂઆતમાં લીકેજમાંથી ઓછી હવા નીકળી હતી, હવે હવા નીકવામાં વધારો થયો છે, જેના કારણે મોટું સંકટ સર્જાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ ગંભીર સમસ્યા ઉકેલવા માટે અમેરિકા અને રશિયા પણ વિવાદ કરી રહ્યા છે.

(એજન્સી) ન્યુયોર્ક । તા. 23

અમેરિકાની સ્પેસ એજન્સી નાસા અને રશિયાની એજન્સી રૉસકૉસમૉસના પ્રોજેક્ટ હેઠળના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં લીકેજની સમસ્યામાં વધારો થયો છે, જેના કારણે સુનીતા વિલિયમ્સ સહિત અન્ય અવકાશયાત્રીઓ પર સંકટ આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સ્પેસ સ્ટેશનના રશિયન મૉડ્યૂલ PrKમાં લીકેજ થઈ રહ્યું છે. સૌથી મોટી વાત એ છે કે, આ મૉડ્યૂલ સાથે જ Zvezda સર્વિસ મૉડ્યૂલ આવેલું છે અને તે સ્પેસ સ્ટેશનને જોડે છે. લીકેજના સંકટને લઈને અમેરિકા અને રશિયા વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. જો આ સમસ્યાનો વહેલીતકે નિવેડો નહીં લાવવામાં આવે તો સ્પેસ સ્ટેશનમાં હાજર અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ અને અન્ય લોકો પર મુસીબત આવી શકે છે. નાસાએ તાજેતરમાં જ લીક અંગે રિપોર્ટ આપ્યો હતો, જેમાં જણાવાયું હતું કે, 'લીકેજના કારણે સ્પેસ સ્ટેશન વર્ષ 2030 સુધીમાં કામ કરવાનું બંધ કરી દેશે.

## બાબા સિદ્દીકી હત્યા કેસમાં મજૂરના હોટસ્પોટનો ઉપયોગ કર્યો

### મર્ડર કેસમાં 26મી ધરપકડ : આરોપી આકાશદીપે માસ્ટરમાઈન્ડ અનમોલ સાથે વાત કરી હતી

(એજન્સી) મુંબઈ । તા. 23

મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને NCP (અજિત)ના નેતા બાબા સિદ્દીકીની હત્યા કેસમાં નવો ખુલાસો થયો છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, પંજાબના ફાઝિલ્કાથી ધરપકડ કરાયેલ આકાશદીપ ગીલે માસ્ટરમાઈન્ડ અનમોલ બિશ્નોઈ અને અન્ય કાવતરાખોરો સાથે વાત કરવા માટે મજૂરના મોબાઈલ હોટસ્પોટનો ઉપયોગ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આકાશદીપે હુમલાખોરોને હથિયારો અને અન્ય સુવિધાઓ પૂરી પાડી હતી. પૂછપરછ દરમિયાન આકાશદીપે જણાવ્યું કે પોલીસથી બચવા માટે તેણે એક મજૂરનો મોબાઈલ ફોન સ્વીચ ઓન કર્યો હતો અને અનમોલ અને અન્ય લોકો સાથે વાત કરી હતી.દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે આ કેસમાં 26મી ધરપકડ કરી. મહારાષ્ટ્રના અકોલા જિલ્લાના અકોટ તાલુકામાં રહેતા સુમિત દિનકર વાઘ (26)ની ધરપકડ કરવામાં આવી.




## અદાણી લાંચ કેસને કારણે આંધ્ર બદનામ થયું : CM ચંદ્રબાબુ

### અમે ટૂંક સમયમાં પગલાં લઈશું....

### સરકાર પ્રજા પ્રત્યે જવાબદાર હોવી જોઈએ

(એજન્સી) અમરાવતી । તા. 23

ભાજપના સહયોગી તેલુગુ દેશમ પાર્ટીના પ્રમુખ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ અદાણી લાંચ કેસ પર પ્રતિક્રિયા આપી છે. નાયડુએ વિધાનસભામાં કહ્યું હતું કે, અદાણી લાંચ કેસથી આંધ્ર પ્રદેશની બદનામી થઈ છે. તેમણે કહ્યું કે અદાણી લાંચ કેસની ચાર્જશીટ અમારી પાસે પહોંચી છે. અમે ટૂંક સમયમાં પગલાં લઈશું. તમામ દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે. સરકાર લોકો પ્રત્યે જવાબદાર હોવી જોઈએ. આવા ગુનાઓનું પુનરાવર્તન થશે જ્યાં સુધી આવા કૃત્યો કરનારાઓને ન્યાય આપવામાં આવશે નહીં. હકીકતમાં, ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર ગુરુવારે અમેરિકામાં સૌર ઉર્જા સંબંધિત કોન્ટ્રાક્ટ મેળવવા માટે લાંચ આપવા અને છેતરપિંડી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.



### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ

# સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે એ.આઈ. ટેક્નોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શક વક્તવ્ય સત્ર

(એજન્સી) સોમનાથ | તા. 23



સોમનાથ ખાતે આયોજિત રાજ્ય સરકારની ૧૧મી ચિંતન શિબિરના બીજા દિવસે 'સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે ડીપ ટેક્નોલોજી'ના ઉપયોગ તથા 'એ.આઈ. અને ડેટા એનાલિટિક્સ' વિષય પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં માર્ગદર્શક વક્તવ્ય સત્ર યોજવામાં આવ્યું હતું. એનવીડિયાના ડાયરેક્ટર શ્રી જીગર હાલાણીએ સરકારની જન કલ્યાણકારી સેવાઓની સુલભતા અને સરકારી વ્યવસ્થાપનમાં એ.આઈ. ટેક્નોલોજીના ઉપયોગ અંગે વિશદ જાણકારી આપી હતી. શ્રી જીગર હાલાણીએ ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવાની દિશા તરફની સંભાવનાઓ, ઉપલબ્ધતાઓ તથા ગુજરાતને એ.આઈ. મોડલ બનાવવા માટે હાલ થઈ રહેલી કામગીરી અંગે છણાવટ કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો લોકપ્રિય રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત' ૨૩ ભાષાઓમાં વર્તમાન સમયમાં એ.આઈ.ની મદદથી લોકો સાંભળી શકે છે અને ન્યાયાલયોમાં પણ એ.આઈ.નો અસરકારક ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકારના લોકહિતકારી અભિયાનોને વધુ અસરકારક બનાવવા તથા પ્રજાહિતલક્ષી સેવાઓ લોકોને સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે એ.આઈ. ટેક્નોલોજીને માધ્યમ બનાવી જરૂરિયાતમંદ લોકો સુધી આવી યોજનાઓનો લાભ કઈ રીતે સરળતાથી પહોંચાડી શકાય તે બાબતે તેમણે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. ગુજરાતની સંસ્કૃતિ, સભ્યતા અને કળાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે, તે સંદર્ભમાં આ સંસ્કૃતિની સાથે વણાયેલી સ્થાનિક કળાઓને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરીને સ્થાનિક કસબી - કારીગરોને રોજગારી પૂરી પાડવા માટે એ.આઈ.નો વ્યાપક ઉપયોગ કેવી રીતે થઈ શકે તે અંગે પણ તેમણે વિસ્તૃત વિવરણ રજુ કર્યું હતું. સ્થાનિક કારીગરોના આવા ઉત્પાદનોને વધુ સારી રીતે વૈશ્વિક બજારમાં પ્રદર્શિત કરવા તથા તેમના વ્યાપારને વધુ મોટા પાયે વિસ્તરણ કરવા માટે એ.આઈ. ટેક્નોલોજીનો સુચારુ ઉપયોગ કરવાની દિશા અંગે પણ આ સત્રમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાતના યુવાનોને સ્થાનિક કક્ષાએ જ રોજગારીની તકો પૂરી પાડવામાં એ.આઈ. ટેક્નોલોજી કેવી રીતે માઈલસ્ટોન સાબિત થઈ શકે છે તે અંગે એ.આઈ.નો ઉપયોગ વધારવા માટે સરકાર જે પગલાઓ લઈ શકે તેની વિગતવાર રજુઆત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી તેમણે કરી હતી. આ સત્રમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યો, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર તથા શિબિરમાં સહભાગી થયેલા ઉચ્ચ અધિકારીઓ ચર્ચામાં જોડાયા હતા અને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને અનુરૂપ આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સના આ ઈમર્જિંગ સેક્ટરનો રાજ્યના સર્વગ્રાહિ વિકાસમાં વિનિયોગ કરવા સામૂહિક વિચાર મંથન કર્યુ હતું.

## બાફ્ટાએ ભારત, UK અને USAમાં તેના બ્રેકથ્રૂ 2024 સહભાગીઓની જાહેરાત કરી

(એજન્સી) અમદાવાદ | તા. 23

નેટફ્લિક્સ દ્વારા સપોર્ટેડ બ્રિટીશ એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટ્સ (BAFTA) એ આજે તેના બાફ્ટા બ્રેકથ્રૂ ઈન્ડિયા 2024 ગ્રૂપ માટે પસંદ થયેલ ફિલ્મ, ટેલિવિઝન અને રમતો ઉદ્યોગમાંથી નવ ઉભરતી પ્રતિભાઓનું અનાવરણ કર્યું છે. બાફ્ટા તેના UK, USA અને ભારતના સહભાગીઓને એક સાથે રજૂ કરી રહ્યું છે, જેમાં વૈશ્વિક સ્તરે 43 પ્રતિભાશાળી વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી છે. જેન મિલિચિપ, બાફ્ટાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરે કહ્યું: "બાફ્ટા બ્રેકથ્રૂ, હવે તેના 11મા વર્ષમાં છે, તે ફિલ્મ, રમતો અને ટેલિવિઝનમાં કામ કરતા ઉભરતા અને પ્રતિભાશાળી 'જોવા જ જોઈએ' તેવા સર્જનાત્મક વ્યક્તિઓ પર પ્રકાશ પાડે છે. આ વર્ષે અમારી પાસે કાસ્ટિંગ ડિરેક્ટર્સ, નિર્માતાઓ, લેખકો, પર્ફોર્મર્સ, લીડ આર્ટિસ્ટ્સ, સિનેમેટોગ્રાફર્સ, લીડ ડેવલપર્સ અને વધુનો અદ્ભુત ખજાનો છે. અમે ઉદ્યોગને નોંધ લેવા વિનંતી કરીએ છીએ. નેટફ્લિક્સનો ખૂબ ખૂબ આભાર, જેનો ટેકો બાફ્ટા બ્રેકથ્રૂને શક્ય બનાવે છે." નેટફ્લિક્સ ઈન્ડિયાના કન્ટેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ મોનિકા શેરગિલે કહ્યું: "સર્જનાત્મક પ્રતિભાની આગામી તરંગને શોધવા અને તેનું પાલન કરવામાં બાફ્ટાને ટેકો આપતા આ સતત ચોથું વર્ષ છે અને આ અનુભવ અતિશય પરિપૂર્ણ રહ્યો છે. ભારત સ્ટોરીટેલર્સથી ભરપૂર છે અને આ સહયોગ અમને સર્જનાત્મક લેન્ડસ્કેપમાં ઉદ્યોગોમાં પોતાનું સ્થાન બનાવતા ઉભરતા અવાજોને ટેકો આપવાની મંજૂરી આપે છે.

## રાજપીપળાના સ્ટેટસ કોમ્પ્લેક્ષની ચાર દુકાનોને વડોદરાની એ.યુ.બેંક દ્વારા સિલ મરાતા વેપારીઓ ની દોડધામ

- **કોમ્પ્લેક્ષ બનાવનાર મૂળ માલિકે એ.યુ.બેંક માંથી લોન લીધી હતી જે ભરપાઈ નાં કરી અને આ પ્રોપર્ટી વેચી મારી વેપારીઓ ને દોડતા કરી દીધા**

ભરત શાહ - રાજપીપળા

રાજપીપળા શહેરના મુખ્ય માર્કેટમાં આવેલ સ્ટેટસ કોમ્પ્લેક્ષ વર્ષો પહેલા કાચું પતરવાલું મકાન હતું, સમીરભાઈ પાદરીયા નાં માતાના નામે આ પ્રોપર્ટી હોય જેને નવું બનાવી દુકાનો નીચે 3 ને ઉપર 3 મળી 6 દુકાનો અને ઉપર રહેવાનું એમ બે માળનો કોમ્પ્લેક્ષ બનાવી દુકાનો નું વેચાણ કરી દીધું હતું. પરંતુ આ પહેલા આં પ્રોપર્ટી પર વડોદરાની એ.યુ. બેંક માંથી લોન લીધી હતી. જેનું અંદાજિત 25 લાખ રૂપિયા ભરવાના બાકી હોય બેંક દ્વારા વડોદરાથી પોલીસ પ્રોટેક્શન સાથે આં પ્રોપર્ટી ને સિલ મારવા બેંકના કર્મચારીઓ આવ્યા હતા. માર્કેટમાં દુકાનો ખુલ્લી અને દુકાનો માં ભરચક માલ ભરેલો હોય અચાનક દુકાનોને સીલ મારવા બેંકના કર્મચારીઓ આવતા દુકાનદારો ફફળી ઉઠ્યા હતા. કેમકે તેમને આં પ્રોપર્ટી નાં મૂળ માલિકને પૂરા રૂપિયા આપી દસ્તાવેજ પણ કરાવી લીધા હતા. અને સીટી સર્વેમાં આં પ્રોપર્ટી પર કોઈ બીજો પણ નાં બોલતા આં વેપારીઓ એ દુકાનો લીધી પંરતુ આજે તેમની દુકાનો સીલ વાગી જતાં 4 દુકાનદારો મુશ્કેલમાં મુકાઈ ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે. કે પોતે જે મિલકત પર લોન લઈ ને મકાન બનાવ્યું અને એ લોન ભાપાઈ કર્યા વગર



મિલકત વેચે તો મૂળ માલિક ગુનેગાર ઠરે, અને આં દુકાનદારો ને દસ્તાવેજ કરી આપ્યા હોય તો છેતરપિંડી નો કેશ બને પંરતુ મૂળ માલિક રાજપીપળા માં જ રહેતા હોય દુકાનદારો તેમને મળતા બેંકની જે બાકી રકમ છે. તે ચૂકવી પ્રોપર્ટી છૂટી કરી સિલ 2 દિવસમાં ખોલાવી આપી તેમની મિલકત અપાવવા લેખિત બાંહેધરી પણ આપી હોય દુકાનદારો ને હાશકારો થયો છે. હવે જોવાનું એ રહ્યું કે મૂળ માલિક ક્યારે બેંકના નાણાં ભરી આ મિલકત છોડાવી વેપારીઓ ને પરત કરે છે ત્યાં સુધી વેપારીઓનો જીવ અધ્ધર રહેશે.

## મહારાષ્ટ્રમાં ભાજપનો જંગી વિજય નો શંખ નાદ થતા સાંસદ ધવલભાઈ પટેલે વિજેતા તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા

સુશીલ પવાર, ડાંગ



મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી તેમજ મહાયુતિ નો 225 જેટલી બેઠકોમાં ભવ્યાતિભવ્ય વિજય થયો છે.ત્યારે આ ચુંટણીમાં ભાજપાની રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા લોકસભાનાં દંડક તેમજ વલસાડ ડાંગ સાંસદ ધવલભાઈ પટેલને મહારાષ્ટ્રનાં પાલઘર લોકસભા બેઠકમાં આવતી 6 વિધાનસભાની જવાબદારી સોંપવામાં આવી હતી.જેમાં વલસાડ ડાંગનાં સાંસદ ધવલભાઈ પટેલે પોતાની જવાબદારી બખૂબી નિભાવી હતી.ત્યારે આ ભવ્ય વિજય બદલ સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા વિજેતા તમામ ઉમેદવારોને ટેલિફોનિક સંપર્ક કરી અભિનંદન પાઠવ્યા હતા.મહારાષ્ટ્ર રાજ્યમાં વિધાનસભાની ચુંટણીમાં ભાજપાનાં રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા લોકસભાના દંડક તેમજ વલસાડ ડાંગ સાંસદ ધવલભાઈ પટેલને મહારાષ્ટ્રના પાલઘર લોકસભા બેઠકમા આવતી 6 વિધાનસભાની જવાબદારી સોંપવામાં આવી હતી. જે પૈકી પાંચ વિધાનસભા બેઠકમાં ભવ્ય વિજય પ્રાપ્ત થયો છે.તેમાંય પણ વસઈ અને નાલાસોપારા વિધાનસભા બેઠક જેમા વર્ષોથી બહુજન વિકાસ અધાડીનો કબજો હતો.જે સાંસદ ધવલભાઈ પટેલનાં સતત પ્રવાસ, પ્રયત્નો અને કુનેહથી ભારે મતોથી ભાજપના નેતા વિજેતા બન્યા છે.આ ભવ્ય વિજય બદલ સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા વિજેતા તમામ ઉમેદવારોને ટેલિફોનિક સંપર્ક કરી અભિનંદન પાઠવ્યા હતા.તેમજ વિજેતા ઉમેદવારો દ્વારા પણ વલસાડ ડાંગનાં સાંસદ ધવલભાઈ પટેલનો અને ગુજરાત પ્રદેશ સંગઠનના આગેવાનોમાં ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, ઉમરગામ તાલુકા ભાજપ મહામંત્રી પ્રકાશભાઈ પટેલ સહિત આગેવાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વીરહેલ્થ કેર લિમિટેડે નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિકની કુલ આવક 27% વૃદ્ધિ નોંધાવી, જે ₹ 5.39 કરોડ રહી

(એજન્સી) મુંબઈ | તા. 23

વીરહેલ્થ કેર લિમિટેડ (BSE: VEERHEALTH), આયુવીર, આયુર્વેદમાં વીરહેલ્થ કેરની નિપુણતા દ્વારા સમર્થિત, કુદરતી તત્વો સાથે આયુર્વેદિક દવાઓ અને ઓરલ કેર પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં નિષ્ણાત છે. ગુણવત્તા અને સામર્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને, આયુવીરનો હેતુ તેના ગ્રાહકોને વિશેષ અને સુરક્ષિત ડેઈલી કેરનો અનુભવ આપવાનો છે. નાણાકીય પ્રદર્શન વિશે વીરહેલ્થ કેર લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ભાવિન શાહે જણાવ્યું, "નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં અમે જે પ્રગતિ કરી છે તેનાથી મને આનંદ થઈ રહ્યો છે, જે અમારા આંતરરાષ્ટ્રીય પદચિહ્નને વિસ્તૃત કરવા અને અમારી ઘરેલૂ ઉપસ્થિતિને મજબૂત કરવા પરના અમારા નિરંતર ધ્યાન દ્વારા પ્રેરિત છે. અમારા નિકાસ વેચાણમાં વૃદ્ધિ અને નવી પ્રોડક્ટ કેટેગરીના ઉમેરાએ વૈશ્વિક અને સ્થાનિક બજારોમાં અમારી સ્થિતિને નોંધપાત્ર રીતે મજબૂત કરી છે. ટોચના ઈન્સ્ટિટ્યૂશનલ સપ્લાયર્સ સહિત અનેક ઉચ્ચ-મૂલ્યના નિકાસ ઓર્ડર પ્રાપ્ત કરવાની અમારી ક્ષમતા, અમારા ઉત્પાદનની ગુણવત્તા અને શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતા પરના વિશ્વાસને રેખાંકિત કરે છે. અમારા મેન્યુફેક્ચરિંગ પદચિહ્નનું વિસ્તરણ વધતી માંગને પહોંચી વળવા અને અમારી ઉત્પાદન ક્ષમતાઓને વધારવા માટેના અમારા સક્રિય અભિગમને વધુ પ્રતિબિંબિત કરે છે. આ સિદ્ધિઓ અમારી વ્યૂહરચનાનો પુરાવો છે અને આવનારા ત્રિમાસિકમાં સતત વૃદ્ધિ અને મૂલ્ય નિર્માણનો માર્ગ મોકળો કરે છે.' કંપનીએ ગુજરાતના વાપીમાં તેના હાલના પ્લાન્ટનું નવીનીકરણ કરીને એક મોટો પ્લાન્ટ સ્થાપ્યો છે, જે યુએસ એફડીએ દ્વારા જરૂરી સીજીએમપી ધોરણોનું પાલન કરશે.

## મેડીકામેન ઓર્ગેનિક્સે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકની કુલ આવકમાં 49% વધારો નોંધાવ્યો

(એજન્સી) મુંબઈ | તા. 23

મેડિકમેન ઓર્ગેનિક્સ લિમિટેડ (MOL) (NSE- MEDIORG) ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના અગ્રણી ખેલાડીઓમાંના એક, ફાર્માસ્યુટિકલ ડોઝની વ્યાપક શ્રેણીના વિકાસ, ઉત્પાદન અને વિતરણમાં વિશેષતા ધરાવે છે, તેણે તેના નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકના અનઓડિટેડ પરિણામોની જાહેરાત કરી છે. નાણાકીય પ્રદર્શન વિશે ટિપ્પણી કરતા, મેનેજિંગ ડિરેક્ટર શ્રી બાલ કિશન ગુપ્તાએ જણાવ્યું, 'અમને નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કુલ આવક, EBITDA અને ચોખ્ખા નફામાં નોંધપાત્ર વૃદ્ધિની જાણ કરવામાં આનંદ થઈ રહ્યો છે. આ અમારા ઓર્ગેનિક હેલ્થ સોલ્યુશન્સની વધતી માંગ અને અમારી કાર્યકારી વ્યૂહરચનાઓની અસરકારકતાને પ્રતિબિંબિત કરે છે. અમારો ચોખ્ખો નફો હકારાત્મક વૃદ્ધિ દર્શાવવાનું જાળવી રાખી અમારા વ્યવસાયની મજબૂતાઈને દર્શાવે છે. આગળ જોતાં, અમે અમારી ભાવિ સંભાવનાઓને લઈન આશ્વત છીએ. અમારી સ્ફૂર્તી અમને વૈશ્વિક હેલ્થકેર અગ્રણીઓ સાથે મહત્વપૂર્ણ ભાગીદારી કરવામાં સક્ષમ બનાવે છે, જ્યારે અમારી મજબૂત પ્રોડક્ટ પાઈપલાઈન બજારની જરૂરિયાત મુજબ વધુ અને વધુ ઉત્પાદનોના વિકાસનું વચન આપે છે. ઓછા દેવા, મજબૂત નાણાકીય સદ્ધરતા અને વિસ્તરી રહેલી વૈશ્વિક હાજરી સાથે, અમે નોંધપાત્ર વૃદ્ધિ માટે તૈયાર છીએ. અમે અમારી પોતાની બ્રાન્ડ દ્વારા નિકાસ ક્ષેત્રમાં વિસ્તરણ અને વૃદ્ધિ કરવા માટે સારી સ્થિતિમાં છીએ અને અમે અમારા રોકાણકારો માટે કાયમી મૂલ્ય બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ." વૈશ્વિક પહોંચનું વિસ્તરણ કંપનીએ રવાંડામાં ડેપો ફાર્મસી યેગો લિમિટેડ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે, જે તેની વિદેશમાં હાજરીમાં વધારો કરે છે અને પૂર્વ આફ્રિકામાં ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ ઉત્પાદનો સુધી પહોંચને વિસ્તૃત કરે છે.

## નખત્રાણા પાટીદાર સમાજનાં અગ્રણી નું દુઃખદ અવસાન થતાં શોકની લાગણી ફેલાઈ

મહેશ એલ. સોની : નખત્રાણા

અખિલ ભારતીય પાટીદાર કેન્દ્રીય સમાજના ભૂતપૂર્વ મહામંત્રી અને ટ્રસ્ટી તેમજ અનેકવિધ સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા અગ્રણી ઈશ્વરભાઈ માવજીભાઈ ભગત ઉ.વ.૬૮ નું દુઃખદ અવસાન થતાં નખત્રાણા પંથક સહિત સમગ્ર ભારતના પાટીદાર સમાજમાં શોકનું ઘેરૂ મોજું ફરી વળ્યું હતું. નખત્રાણા તાલુકાના કોટડા જડોદરના



વતની અને હાલમાં નખત્રાણા રહેતા ઈશ્વરભાઈ ભગત છેલ્લા થોડા સમયથી બિમારીમાં સપડાયા હતા. ગઈકાલે બપોરના તેમને દુખાવો થતાં તાત્કાલિક દવાખાને ખસેડવામાં આવ્યા હતા પણ તેમને બચાવવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. ઈશ્વરભાઈ ભગતના અવસાનના ખબર ફેલાતાં જ ભારતભરમાં તેમના પ્રસંશકો અને મિત્રવર્તુળમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. કેન્દ્રીય સમાજના સહમંત્રી તરીકે તેમણે ૧૯૮૪ થી ૧૯૯૩ સુધી, મંત્રી તરીકે ૧૯૯૩ થી ૧૯૯૯ અને મહામંત્રી તરીકે વાલજીભાઈ શિવજીભાઈ વાડિયાના કેન્દ્રીય પ્રમુખના કાર્યકાળમાં ૨૦૦૨ થી ૨૦૦૫ સુધી સેવા આપી હતી. ત્યાર બાદ તેઓ કેન્દ્રીય સમાજના ટ્રસ્ટીપદે પણ રહ્યા હતા. યુથ સોસાયટીના મુખપત્ર પાટીદાર સંદેશ સાથે તેઓ શરૂઆતથી જ સંકળાયેલા રહ્યા હતા.

## રોયલ કોલેજ ઓફ ઓબ્સ્ટેટ્રિશિયન્સ એન્ડ ગાયનેકોલોજિસ્ટ્સની ઓલ ઈન્ડિયા કોઓર્ડિનેટિંગ કમિટી દ્વારા સર્વાઈકલ કેન્સરની રોકથામ માટે યુવાઓને ફરજિયાત રસીકરણની ભલામણ કરવામાં આવી

### ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ 2024 નિકિતા પોરવાલ સર્વાઈકલ કેન્સર નિવારણ માટે જાગૃતિ લાવવા માટે વિશેષ અતિથિ તરીકે જોડાયા

(એજન્સી) મુંબઈ | તા. 23



AICC RCOG એ તાજેતરમાં લક્ષિત વય જૂથોની મહિલાઓમાં ફરજિયાત HPV રસીકરણ પર શ્રેષ્ઠ પ્રથાઓની માર્ગદર્શિકાનું અનાવરણ કર્યું. ભારતમાં HPV રોગોના નિવારણ અને નિયંત્રણ તરફ આ પગલું મહત્વપૂર્ણ હોવાથી, RCOG ની અખિલ ભારતીય સંકલન સમિતિ HPV રસીકરણને સમર્થન આપે છે અને તમામ પાત્ર વ્યક્તિઓ તે મળી રહે તે માટે હિમાયત કરે છે. ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ 2024, નિકિતા પોરવાલે તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં શ્રેષ્ઠ પ્રથાઓની માર્ગદર્શિકાનું અનાવરણ કર્યું અને સર્વાઈકલ કેન્સરના નિવારણ પર વાત કરી.

MSD ઈન્ડિયા આ રિપોર્ટ માટે પ્રિન્ટ અને ડિસ્ટ્રિબ્યુશન પાર્ટનર છે. સર્વાઈકલ કેન્સર એ સમગ્ર વિશ્વમાં મહિલાઓમાં કેન્સરનું ચોથું મુખ્ય કારણ છે. તાજેતરના અહેવાલ મુજબ ભારતમાં કુલ નવ પ્રકારના હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) પ્રકારો લગભગ 98.4% સર્વાઈકલ કેન્સરની ઘટનાઓ માટે જવાબદાર છે. 15-44 વર્ષની ઉંમર વચ્ચેની ભારતીય મહિલાઓને અસર કરતા કેન્સરમાં તે બીજું છે. તાજેતરના ડેટા દર્શાવે છે કે ભારતમાં, દર વર્ષે આશરે 123,907 મહિલાઓને HPV સર્વાઈકલ કેન્સરનું નિદાન થાય છે, જેમાં લગભગ 77,348 આ રોગથી મૃત્યુ પામે છે. HPV ઈન્ફેક્શન માટે ઉંમર એ જોખમનું એક મહત્વપૂર્ણ પરિબળ છે, જેમાં 15 થી 25 વર્ષની વયના કિશોરો અને યુવાનો તે રોગ થવાનું વધુ જોખમ ધરાવે છે અને મોટાભાગે આ ઉંમરના લોકોને આ રોગ થાય છે. આ દિશાનિર્દેશો સર્વાઈકલ કેન્સરને અસરકારક રીતે રોકવા માટે મહિલાઓ અને ઉચ્ચ જોખમ ધરાવતા અન્ય જૂથોને સશક્ત બનાવવા માટે મહત્વપૂર્ણ ભલામણો પ્રદાન કરે છે. RCOG ના AICC દ્વારા લક્ષિત વય જૂથોની મહિલાઓમાં ફરજિયાત HPV રસીકરણ પર શ્રેષ્ઠ પ્રથાઓની ભલામણો પર સર્વસંમતિ પત્ર રજૂ કરવામાં આવ્યો હતો. સર્વસંમતિની ભલામણો વિશે બોલતા, AICC RCOGના અખિલ ભારતીય અધ્યક્ષ ડૉ. ઉમા રામે જણાવ્યું હતું કે, "HPV ઈન્ફેક્શનના જોખમો વિશે જાગૃતિ કેળવવી, ખાસ કરીને વધુ જોખમ ધરાવતા જૂથોમાં, HPV-સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવા માટે જરૂરી છે.

## શામગહાન ગામમાં પોલીસનો લોકદરબાર:-સાયબર સુરક્ષાથી લઈ અકસ્માત નિવારણ સુધીની ચર્ચા



સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં શામગહાન ગામમાં જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયાનાં અધ્યક્ષસ્થાને એક લોકદરબાર કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં શામગહાન ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ડાંગ જિલ્લાનાં શામગહાન ખાતે યોજાયેલ લોકદરબારમાં જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયાએ ગ્રામજનોને સાયબર ક્રાઈમ, બેંકિંગ છેતરપિંડી, ટ્રાફિક નિયમો, મહિલા સશક્તિકરણ અને પોક્સો એક્ટ જેવા વિષયો પર માહિતગાર કર્યા હતા.તેમણે ગ્રામજનોને અજાણ્યા વ્યક્તિઓના ફોન કોલ અંગે સાવચેત રહેવા અને કોઈપણ સંજોગોમાં પોતાનો પાસવર્ડ કે OTP શેર ન કરવા અંગે સલાહ આપી હતી.આ લોકદરબાર કાર્યક્રમમાં જિલ્લા પોલીસ વડા યશપાલ જગાણીયાએ ઉપસ્થિત ગ્રામજનોને બેંકિંગ ફ્રોડ વિશે માહિતગાર કર્યા હતા.

## એવીજીનો નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિકમાં ચોખ્ખો નફો 213% વધ્યો

(એજન્સી) મુંબઈ | તા. 23

એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડ, (BSE - 543910, NSE - AVG), એક અગ્રણી મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રદાતાએ, નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક અને બીજા ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. નાણાકીય પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી સંજય ગુપ્તાએ જણાવ્યું, "અમે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક અને બીજા ત્રિમાસિક માટેના અમારા મજબૂત નાણાકીય પ્રદર્શનની જાણ કરીને આનંદ અનુભવીએ રહ્યાં છીએ, જે આવક, EBITDA, ચોખ્ખા નફા અને શેર દીઠ કમાણીમાં નોંધપાત્ર વાર્ષિક વૃદ્ધિ દ્વારા ચિહ્નિત થયેલ છે, આ વૃદ્ધિ શ્રેષ્ઠતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અને અમારા હિતધારકો માટે લાંબા ગાળાના મૂલ્ય નિર્માણ માટેના અમારા વ્યૂહાત્મક અભિગમને રેખાંકિત કરે છે. નવા ઉદ્યોગ અને બિઝનેસ સેગમેન્ટમાં નવા ગ્રાહકોનો ઉમેરો જેમ કે, સ્ટીલ, સિમેન્ટ, UPSRTC સાથે એક્સપ્રેસ પાર્સલ સેવાઓ માટે અધિકૃત ભાગીદાર તરીકે નિમણૂક લોજિસ્ટિક્સ સેક્ટરમાં અમારી મજબૂત સ્થિતિ દર્શાવે છે.

અમારા 20-ફૂટ ઈલેક્ટ્રિક ટ્રકનું તાજેતરનું લોન્ચિંગ ટકાઉ લોજિસ્ટિક્સ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને વધુ પ્રકાશિત કરે છે, અને અમારા ઈવી અને એલએનજી કાફલાને અપનાવવાથી પર્યાવરણને અનુકૂળ પ્રેક્ટિસને ટેકો આપવા અને અમારા ગ્રાહકોના ટકાઉપણું લક્ષ્યોને પૂર્ણ કરવાના અમારા મિશન સાથે સંરેખિત થાય છે.

અમારૂં ધ્યાન ગ્રાહક સંતુષ્ટિ પર રહેલુ છે, મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા અનન્ય ઉકેલો પૂરા પાડવા માટે ગ્રાહકો સાથે વ્યૂહાત્મક ભાગીદારી ઊભી કરવી, ઉદ્યોગમાં જવાબદાર લોજિસ્ટિક્સ ભાગીદાર તરીકે એક નવો માપદંડ સ્થાપિત સેટ કરે છે."

## રૂપકડાં વિદેશી પક્ષીઓનું કચ્છમાં થયું આગમન



મહેશ એલ.સોની નખત્રાણા

શિયાળો શરૂ થતાં જ દર વર્ષે કચ્છમાં વિદેશી પક્ષીઓના ધાડા ઉતરી પડતાં હોય છે ત્યારે ચાલુ વર્ષે પણ સુરખાબ સહિતના પક્ષીઓ કચ્છના મહેમાન બન્યા છે.

અબડાસા વિસ્તારના પિંગ્લેશ્વર, સિંધોડી, સુથરી,જખૌ સહિતનાં દરિયાઈ કાંઠાળ વિસ્તારમાં ચોમાસાના મીઠાં તેમજ દરિયાઈ ખારા પાણી ભરેલા હોઈ તેવા વિસ્તારોમાં વિદેશી પક્ષીઓનું આગમન થઈ ચૂકયું છે. તો ધોળાવીરા નજીકની ફ્લેમિંગો સિટીમાં પણ મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓના ધાડા ઉતરી રહ્યા છે.

દર વર્ષે લગભગ દોઢ સો જેટલી અલગ અલગ જાતિના વિદેશી પક્ષીઓ કચ્છની મહેમાન ગતી માણવા આવી પહોંચતા હોય છે.ત્યારે તેમને જોવા પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં હોય છે.

## હોલાની વેન્ચર્સ કેપિટલ ફંડ: 5 મહિનામાં 24% વળતર

(એજન્સી) મુંબઈ | તા. 23

હોલાની વેન્ચર કેપિટલ ફંડ (એચવીસીએફ)નું નવેમ્બર, 2024ના ન્યૂઝલેટરમાં ફંડની તાજેતરની પ્રવૃત્તિઓ, બજારની આંતરદૃષ્ટિ અને પોર્ટફોલિયો કામગીરીની ઝાંખી પૂરી પાડવામાં આવી છે, જે ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો (એસએમઈ)ને ટેકો આપવા માટે એચવીસીએફની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે. ન્યૂઝલેટરમાં ઉચ્ચ વૃદ્ધિ અને ટકાઉપણાની સંભાવના દર્શાવતી કંપનીઓમાં વ્યૂહાત્મક રોકાણો સાથે એસએમઈ ક્ષેત્રને સશક્ત બનાવવા માટે એચવીસીએફના સમર્પણ પર ભાર મૂકવામાં આવ્યો છે. ભારતમાં ગતિશીલ એસએમઈ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ) માર્કેટ પર મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કરીને, એચવીસીએફે એસએમઈના સાર્વજનિક થવાના વધતા વલણ પર ધ્યાન આપ્યું છે, જે આ કંપનીઓમાં જોવા મળી રહેલી વૃદ્ધિની સંભાવના અને રોકાણની તકો દ્વારા પ્રેરિત છે. બીએસઈ એસએમઈ આઈપીઓ ઈન્ડેક્સમાં મહત્વપૂર્ણ વૃદ્ધિ જોવા મળી છે, જે રોકાણકારો માટે આ ક્ષેત્રના આકર્ષણને દર્શાવે છે. હોલાની વેન્ચર્સ કેપિટલ ફંડ-1 એ એક કેટેગરી 1 અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (એઆઈએફ) છે, જે 300 કરોડના ભંડોળ અને 100 કરોડના વધારાના ગ્રીન શૂ વિકલ્પ સાથે આ માર્કેટમાં સક્રિયપણે ભાગ લે છે. ફંડના વ્યૂહાત્મક રોકાણ અભિગમમાં એન્કર ઈન્વેસ્ટમેન્ટ, ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર (ક્યૂઆઈબી) આઈપીઓ અને અનલિસ્ટેડ ઈક્વિટીમાં રોકાણનો સમાવેશ થાય છે, જેનો હેતુ મજબૂત વૃદ્ધિની સંભાવના સાથે વૈવિધ્યસભર પોર્ટફોલિયો બનાવવાનો છે. એચવીસીએફ એક કેટેગરી 1 અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (એઆઈએફ) છે, જેનું પ્રારંભિક ભંડોળ 300 કરોડના અને વૈકલ્પિક વિસ્તરણ 100 છે, જે એસએમઈમાં સક્રિયપણે રોકાણ કરે છે. તેણે ઓક્ટોબર 2024 સુધીમાં 50%ની ડ્રોડાઉન કેપિટલ સાથે 226 કરોડની પ્રતિબદ્ધતા રકમની જાણ કરી હતી.

## ઝીલ ગ્લોબલ સર્વિસિસે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં સંકલિત ચોખ્ખા નફામાં 101% વૃદ્ધિ નોંધાવી

(એજન્સી) નવી દિલ્હી | તા. 23

ઝીલ ગ્લોબલ સર્વિસિસ લિમિટેડ (NSE- ZEAL) ભારતના કાર્ગો જનરલ સેલ્સ એન્ડ સર્વિસ એજન્ટ (GSSA) ઉદ્યોગમાં અગ્રણી કંપનીઓ પૈકીની એક છે. નવીનતા અને સેવા ઉત્કૃષ્ટતા માટે તેની પ્રતિબદ્ધતા માટે જાણીતી આ કંપનીએ તેના અનઓડિટેડ નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક પરિણામોની જાહેરાત કરી છે. નાણાકીય પ્રદર્શન પર ટિપ્પણી કરતા, મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિશાલ શર્માએ જણાવ્યું, 'વધતી માંગ સાથે કાર્ગો ઉદ્યોગ નફાકારક સાબિત થયો છે અને અમે આ તકનો લાભ ઉઠાવ્યો છે, તેમજ નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં 82% ટોપલાઈન વૃદ્ધિ સાથે મજબૂત પ્રદર્શન કર્યું છે અને અમારો ચોખ્ખો નફો બમણા કરતાં વધુ થઈ ગયો છે. વધુમાં, ગયા વર્ષે બોમ્બેથી પેસેન્જર ફ્લાઈટ્સની રજૂઆતે અમારી વૃદ્ધિમાં વધુ યોગદાન આપ્યું છે. નાણાકીય વર્ષ 24ની લગભગ 90% આવક અને માત્ર અડધા વર્ષની અંદર 80% ચોખ્ખો નફો હાંસલ કરવો એ ઉપર તરફનો મજબૂત માર્ગ દર્શાવે છે, જે નાણાકીય વર્ષના બાકીના સમયગાળા માટે અમને અનુકૂળ સ્થિતિ આપે છે. વધુમાં, નવી ભાગીદારી અને યુએઈમાં તાજેતરમાં રચિત પેટાકંપની સાથે, અમે નવા બજારોમાં પ્રવેશવા અને પર્યાપ્ત તકો ખોલવા માટે તૈયાર છીએ. અમારા વ્યાપક વૈશ્વિક નેટવર્ક અને ગહન સ્થાનિક કુશળતાનો લાભ ઉઠાવીને, અમે અમારા ગ્રાહકોની વિકસતી જરૂરિયાતોને અનુરૂપ નવીન ઉકેલો પૂરા પાડવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પ્રતિભા વ્યવસ્થાપન અને પ્રક્રિયા અનુકૂલન પર અમારૂં વ્યૂહાત્મક ધ્યાન કાર્યક્ષમતા વધારવા, ગ્રાહક સંતોષ વધારવા અને અમારા ગ્રાહક આધારને વિસ્તૃત કરવાનું જાળવી રાખે છે. ભવિષ્ય તરફ જોતા, અમે અમારા આંતરરાષ્ટ્રીય પદચિહ્નને વધારવા માટે સક્રિયપણે કામ કરી રહ્યા છીએ, જે અમારૂં માનવુ છે કે તે સતત વૃદ્ધિ અને બજારની નવી તકો મેળવવા માટે મહત્વપૂર્ણ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વડોદરાના તાંદલજા વિસ્તારમાં દબાણ હટાવ કામગીરી હાથ ધરાઈ, જપ્ત થતો સામાન બચાવવા વેપારીએ ખેંચાખેંચી કરી

# બીજા દિવસે પણ વેપારી-તંત્ર વચ્ચે ઘર્ષણ...

## કાલે દબાણ હટાવ કામગીરી સમયે તંત્ર અને વેપારીઓ વચ્ચે ઘર્ષણ થયા બાદ આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો

(એજન્સી) વડોદરા | તા.23

વડોદરા શહેરના નાગરવાડા વિસ્તારના ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની સયાજી હોસ્પિટલના પટાંગણમાં હત્યા કરાયા બાદ તંત્ર દ્વારા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી આ ઝુંબેશ આજે પણ યથાવત રહી છે.આજે તાંદલજા વિસ્તારમાં રસ્તા પર કરવામાં આવેલા હંગામી દબાણો દૂર કરાયા હતા. ગઈકાલે દબાણ હટાવ કામગીરી સમયે તંત્ર અને સ્થાનિક વેપારીઓ વચ્ચે ઘર્ષણ થયા બાદ આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તેમ છતાં કેટલાક સ્થળો પર વેપારીઓ અને તંત્ર વચ્ચે ઉગ્ર બોલાચાલી થતી જોવા મળી હતી. ભાજપાના પૂર્વ કાઉન્સિલરના પુત્ર તપન પરમારની હત્યા થયા બાદ વડોદરા મનપા દ્વારા દબાણો દૂર કરવાની ઘનિષ્ઠ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે પ્રથમ દિવસે સંવેદનશીલ મચ્છીપીઠ, સલાટવાડા, નાગરવાડા, સંગમ ચાર રસ્તાથી ફતેપુરા ચાર રસ્તા અને તે બાદ ન્યાયમંદિર, દૂધવાળા મોહલ્લા , પથ્થરગેટ, નવાપુરા, મહેબુબપૂરા સહિતના વિસ્તારોમાં રસ્તા ઉપર ગેરકાયદેસર ઉભી રહેલી લારીઓના દબાણો તેમજ કાચા પાકા શેડના દબાણો દૂર કરવામાં આવ્યા હતા.




**સતત બીજા દિવસે તંત્ર અને લોકો વચ્ચે ઘર્ષણ થયું:** પોલીસ બંદોબસ્ત સાથે શુક્રવારે શહેરના નવાપુરા મહેબુબપુરામાં પહોંચેલી દબાણ શાખાની ટીમ દ્વારા રોડ ઉપરની લારીઓ જપ્ત કરવાની શરૂઆત કરતાંની સાથે જ સ્થાનિક લોકોના ટોળા અને લારીઓના માલિકોના ટોળા ધસી આવ્યા હતા અને પોતાની લારીઓ જપ્ત કરતાં બચાવવા માટે દબાણ શાખાની ટીમ સાથે ઘર્ષણ થયું હતું.

લોકોના ટોળેટોળા સ્થળ ઉપર આવી જતા દબાણ શાખાની ટીમ દ્વારા વધુ પોલીસ પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. આજે પણ તાંદલજા વિસ્તારમાં દબાણ શાખાની ટીમ પોહચતાં લોકટોળા એકત્રિત થયા હતા. જો કે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હોવાના કારણે કોઈ અપ્રિય ઘટના બની ન હતી.

### હંગામી દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે- દબાણ શાખાના અધિકારી

આ અંગે દબાણ શાખાના અધિકારી રાજેશ મેકવાને જણાવ્યું હતું કે, વડોદરા મહાનગરપાલિકાના વહીવટી વોર્ડ નંબર 10 અને 11ના વિસ્તારમાં આવેલા તાંદલજા પોલીસ સ્ટેશનથી લઈ સુધી અને ડી માર્ટથી આગળના સન ફાર્મા રોડ સુધીના હંગામી દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહીમાં શેડ, ગેરકાયદેસર લારી ગલ્લા સહિત માર્જિન ભાગમાં આવેલા જે બોર્ડ કે બેનર છે તે મંજૂરી વગરના છે તેને હટાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

વધુમાં જણાવ્યું કે હાલમાં વિસ્તારમાં કાર્યવાહી ચાલી રહી છે અને આગળ સનફાર્મા રોડ ઉપર પણ ગેરકાયદેસર દબાણોને દૂર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરમાં છેલ્લા પાંચ દિવસથી સતત આ જ પ્રકારની કાર્યવાહી ચાલી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણો પર હાલમાં દબાણ શાખા કાર્યવાહી કરી રહી છે, પરંતુ લોકોમાં એક ચર્ચા છે કે આ પ્રકારની કાર્યવાહી કાયમી ધોરણે કરવામાં આવે તો ચોક્કસથી રાહદારીઓ અને લોકોને રાહત મળી શકે છે.

# નકલી ચૂંટણી, આધાર, પાનકાર્ડ બનાવવાનું કૌભાંડ

### આરોપી મામા-ભાણેજને 3 દિવસના રિમાન્ડ, 205 ચૂંટણી-પાનકાર્ડ સહિતના બોગસ ડોક્યુમેન્ટ કબજે...

(એજન્સી) સુરત | તા.23

સુરતના મોટા વરાછા થઈ દુબઈથી ચાલતા 111 કરોડના ઓનલાઇન ચીટિંગમાં પકડાયેલા આરોપી નાનજી બારૈયાએ આધારકાર્ડમાં એડ્રેસ ચેંજ કરાવ્યું તે ગ્રાહક સેવા કેન્દ્ર પર સાયબર ક્રાઈમે રેડ કરી મામા-ભાણેજને પકડી પાડ્યા છે. તેમના લેપટોપમાંથી ભાજપના મહિલા કોર્પોરેટરની ડિજિટલ સહી અને સિક્કા ઉપરાંત 205 ચૂંટણીકાર્ડ અને પાનકાર્ડ સહિતના બોગસ ડોક્યુમેન્ટો મળી આવ્યા છે. આરોપીએ સીએસસીમાં આધારકાર્ડ અને ચૂંટણીકાર્ડમાં એડ્રેસ ચેંજ કરાવવામાં બોગસ ડોક્યુમેન્ટો બનાવી અપલોડ કરી દેતા હતા.



**કોર્ટે બંનેના 3 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા**

સાયબર ક્રાઈમના કર્મી યોગેશે વરાછા પોલીસમાં ફરિયાદ આપતાં પોલીસે કેન્દ્રના સંચાલક ભાવેશ ગજેરા (ઉં.વ.34, રહે. બી 11 ગોપીનાથજીનગર લજામણી ચોક મોટા વરાછા મૂળ રહે. વંડા ગામ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી) અને તેના ભાણેજ પ્રતિક કોલડીયા (ઉં.વ.22, રહે. બી 34 ગોપીનાથજી નગર લજામણી ચોક મોટા વરાછા, મૂળ રહે. દાધીયા ગામ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી) સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. કોર્ટે બંનેના 3 દિવસના રિમાન્ડ આપ્યા છે. બંને આરોપી મહિલા કોર્પોરેટરની જાણ બહાર ડિજિટલ સહી-સિક્કા મેળવીને ખેલ કરતા હતા. સાઈબર ક્રાઈમની ટીમે બે દિવસ પહેલાં વરાછા વૃદાવન સોસાયટીના ગ્રાહક સેવા કેન્દ્ર પર દરોડા પાડ્યા હતા. સેન્ટરમાંથી 2 લેપટોપ, 3 મોબાઇલ, મોર્ફો (ફિંગર પ્રિન્ટ ડિવાઇસ), વેબકેમ સહિત 1.33 લાખની મતા જપ્ત કરી હતી.

**500 રૂપિયા વસૂલતા હતા**

સીએસસી સેન્ટર ચલાવનાર ભાવેશ ગજેરાએ કર્મચારી પ્રતિકને 15 હજારના પગાર પર રાખ્યો હતો. બોગસ ડોક્યુમેન્ટો બનાવવાનું ભાવેશે પ્રતિકને શીખવ્યું હતું. 300થી 500 રૂપિયા લઈ બોગસ ડોક્યુમેન્ટના આધારે એડ્રેસ ચેંજ કરી આપતા હોવાની પણ વાત છે.
આ મામલે વોર્ડ નંબર 1ના મહિલા કોર્પોરેટર ભાવીષા પટેલે જણાવ્યું હતું કે, મેં કોઈ ડોક્યુમેન્ટ આપ્યા નથી. મને આ બાબતે કોઈ જાણકારી નથી. મારી સહી અને સિક્કાનો ખોટી રીતે ઉપયોગ કરાયો છે. વળી આ વિસ્તાર પણ મારો નથી.

## પાર્સલોમાંથી સોની પ્લેસ્ટેશનની-એપલ એરપોર્ડ કાઢી લઈને ડિલિવરી બોયે છેતરપિંડી કરી

(એજન્સી) મોરબી |તા.23

મોરબીમાં ઓનલાઈન વસ્તુઓ મંગાવતા વ્યક્તિઓને સાવધાન થઈ જવા જેવી ઘટના સામે આવી છે, જેમાં ઓનલાઈન કંપનીમાંથી સોનીના પ્લેસ્ટેશનની ગેમીંગ આઈટમ તેમજ એપલના એરપોર્ડ વિગેરે ગ્રાહકોએ મંગાવ્યા હતા, જેની ડિલિવરી માટેના પાર્સલમાંથી તેને કાઢી લઈને તે પાર્સલમાં અન્ય બીજી કોઈ નોનયુઝ વસ્તુઓ મૂકી દીધી હતી અને કંપની સાથે છેતરપિંડી કરવામાં આવતી હતી, જેથી હાલમાં ડિલિવરી બોય સામે 1,23,500ની કિંમતના મુદ્દામાલની છેતરપિંડી કરી હોવા અંગેની ફરિયાદ નોંધાઈ છે.
રાજકોટમાં આવેલા રાજનગર-5 ચંદ્રેશનગર મેઈન રોડ સાલ પ્લાઝા બિલ્ડિંગની પાછળ રહેતા મહેશભાઈ મોહનભાઈ રાઠોડ (63) એ હાલમાં મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રફિક હનીફભાઈ ભટ્ટી (રહે. વાવડી રોડ દરગાહ પાસે ન્યુ ક્રિષ્ના પાર્ક સોસાયટી મોરબી) સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, તેઓની ફ્લિપકાર્ટ પ્રા.લિ. નામની કંપનીની લોજિસ્ટિક કંપની ઈન્ટાકાર્ટ પ્રા.લિ. કંપનીમાં આરોપી ડિલિવરી બોય તરીકે ફરજ બજાવતો હતો અને જુદા જુદા ગ્રાહકો દ્વારા જે વસ્તુઓ મંગાવવામાં આવી હતી, તેમાં સોની પ્લેસ્ટેશનની કુલ 9 ગેમિંગ આઈટમ, એપલ એરપોર્ડ એક નંગ અને એપલ એરપોર્ડ પ્રો એક નંગ, આ આઈટમો પાર્સલમાંથી કાઢી લેવામાં આવી હતી. જેની કુલ કિંમત 1,23,500 થાય છે.
ગ્રાહકને ડિલિવરી માટે જે પાર્સલ આવેલા હતા તે પાર્સલમાં અન્ય બીજી નોનયુઝ વસ્તુઓ મૂકી દઈ કંપનીની સાથે છેતરપિંડી કરી હતી, જેથી હાલમાં નોંધાયેલી ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધીને આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.આ અંગેની આગળની વધુ તપાસ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. સી.એમ. કરકર ચલાવી રહ્યા છે.

## મહેસાણા એલસીબી ટીમે બ્રાહ્મણવાડા ચેકપોસ્ટ ખાતેથી દારૂ ભરેલું કન્ટેનર ઝડપ્યું

(એજન્સી) મહેસાણા | તા.23



મહેસાણા LCBની ટીમે ગત મોડી રાત્રે બાતમીના આધારે વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું હતું. જેની ગણતરી મોડી રાત સુધી ચાલી હતી. સમગ્ર કેસમાં બ્રાહ્મણવાડા ચેક પોસ્ટ ખાતે વોચ ગોઠવી વિદેશી દારૂ સમેત 64.43 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.
મહેસાણા LCB ટીમના પી.એસ.આઈ એમ.બી પઢીયાર સહિતની ટીમને બાતમી મળી હતી કે, GJ10GB6655 નંબરના કન્ટેનર માં દારૂ ભરી રાજસ્થાન થી ઊંઝા થઈને અમદાવાદ બાજુ જવાનું હોવાની જાણ થતાં LCB ટીમ રાત્રે ઊંઝા નજીક આવેલા બ્રાહ્મણ વાળા ચેકપોસ્ટ ખાતે વોચ ગોઠવી તપાસ આદરી હતી એ દરમિયાન કન્ટેનર આવતા જ પોલીસે ઝડપી લીધું હતું.
કન્ટેનરમાં તપાસ કરતા રાજસ્થાનના જાટ હરીશ ને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે તેને ઝડપી કન્ટેનર માં તપાસ કરતા કન્ટેનર માંથી તપાસ દરમિયાન તેમાંથી 800 થી વધુ વિદેશી દારૂ બોટલ કિંમત 37,38,048 નો દારૂ ઝડપાયો છે. ત્યારે તપાસ દરમિયાન 25 લાખનું કન્ટેનર, 5 હજારનો મોબાઈલ મળી કુલ 62,43,048 નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ડ્રાઈવર ને વિદેશી દારૂ પંજાબ લુધિયાના ખાતેથી સુરેન્દ્ર સિંહ ભરી આપેલ અને આ દારૂ ગુજરાત માં કોઈએ મંગાવ્યો હતો. આ દરમિયાન પોલીસે ડ્રાઈવરને ઝડપી મુદ્દામાલ કબ્જે કરી ઊંઝા પોલીસમાં ગુનો નોંધાવી વધુ તપાસ આદરી છે.

## ધ્રાંગધ્રામાં ભાવુક દૃશ્યો સર્જાયા, કહ્યું- સરકાર પાસે દીકરાનો ન્યાય જોઈએ

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 23

પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગ બાદ વિદ્યાર્થીનું મોત થયું હતું. ધ્રાંગધ્રાના જેસડા ગામના મોતને ભેટેલા યુવાનને ન્યાય અપાવવા રજૂઆત કરવા ગયેલી મહિલાઓ સહિતના પરિવારજનો ચોધાર આંસુએ રડી પડ્યાં હતાં. આ ભાવુક દૃશ્યો જોઈએ હાજર સૌ કોઈની આંખોના ખૂણા ભીના થઇ ગયા હતા.
ત્યાં હાજર એક મહિલાએ તો આક્રોશ સાથે ત્યાં સુધી જણાવ્યું હતું કે, બધી માતાને એક-એક દીકરો છે, આજે આમના દીકરા સાથે થયું, કાલે કોઈ બીજાના દીકરા સાથે આવું થશે, તો કોણ અમને અમારો દીકરો આપશે? અમને સરકાર પાસે આ દીકરાનો ન્યાય જોઈએ, ત્યાં સુધી અમે અહીંથી ડગવાના નથી. પાટણ ધારપુર મેડિકલ કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા ધ્રાંગધ્રા તાલુકાના જેસડા ગામનો જુનિયર વિદ્યાર્થી અનિલ મેથાણિયાનું કોલેજના સિનિયર વિદ્યાર્થીઓએ રેગિંગ કરતાં એનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બાદમાં કોલેજ દ્વારા પોલીસ ફરિયાદ



કરાતાં 15 સિનિયર વિદ્યાર્થીઓને કોલેજમાંથી સસ્પેન્ડ કરવાની સાથે એમની વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી એમને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. પાટણ ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગના કેસમાં મોતને ભેટેલા ધ્રાંગધ્રાના જેસડા ગામના યુવાન અનિલ મેથાણિયાને ન્યાય અપાવવા ધ્રાંગધ્રા પ્રાંત કલેક્ટરને રજૂઆત કરવા ગયેલી આજુબાજુના ગામોની મહિલાઓ સહિતના પરિવારજનો ચોંધાર આંસુએ રડી પડ્યાં હતાં.

### જામનગરના ખોડિયાર કોલોનીમાં એક યુવાન પર ત્રણ શખ્સોએ છરી વડે હુમલો કર્યો

જામનગર | જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં એક યુવાન પર પૈસાની લેતી દેતીના મામલે ત્રણ શખ્યોએ છરી વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાંથી પસાર થઈ રહેલા ધર્મેનરસિંહ પ્રાગજી રાઠોડ નામના 23 વર્ષના યુવાન પર પૈસાની લેતી દેતીના મામલે હાર્દિક ચંગર, નીતિન સિંગરખીયા અને ઈરાન નામના ત્રણ શખ્સોએ છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તેમજ જો પોલીસ ફરિયાદ કરવા જશે તો જાનથી મારી નાખશે, તેવી ધમકી આપી હતી. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીએ આરોપી પાસેથી રૂપિયા 25,000 હાથ ઊછીના લીધા હતા, અને તે પરત આપી દીધા હતા. તેમ છતાં પૈસાની માંગળી કરાતાં ઝઘડો થયો હતો, અને તેનું મન દુ:ખ રાખીને આ હુમલો કરાયો હતો. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે જામનગરની સરકારી જી.જી હોસ્પિટલમાં દાખલ કરાયો છે, જ્યારે હુમલાખોર ત્રણેય આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી પોલીસ તેઓને શોધી રહી છે.

## 3 ડાલામથાં કાળ બનીને ત્રાટક્યાં, 30 સેકન્ડનો જીવ બચાવવાનો સંઘર્ષ...

(એજન્સી) અમરેલી | તા.23

અમરેલી જિલ્લામાં સિંહોના વીડિયો અલગ અલગ રીતે સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે. ત્યારે જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે, જેમાં એક ઝાફરાબાદી ભેંસ પર 3 ડાલામથાંએ હુમલો કર્યો હતો, જોકે ભેંસે પ્રતિકાર કરતાં ત્રણેયની ચુંગાલમાંથી બચી શકી હતી અને નાસી છૂટી હતી. 30 સેકન્ડના જીવ બચાવવાના ભેંસના સંઘર્ષના CCTV ફૂટેજ સામે આવ્યા છે.
ગામની શેરીઓમાં માધા કવાડ નામની વ્યક્તિની જાફરાબાદી ભેંસનો 3 સાવજ શિકાર કરવા માટે પ્રથમ હુમલો કર્યો હતો, પરંતુ બહાદુરીપૂર્વક ભેંસે હાર ન માની સામનો કરવા માટેનો પ્રયાસ કરતાં 3 સાવજ એક પછી એક ભાગ્યા અને અંતે હેમખેમ રીતે જીવ બચાવી શકી હતી. 3 ડાલામથ્થા ભાગી જતાં સીસીટીવી



કેમેરામાં દૃશ્યો કેદ થતાં વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.
ભેંસ ઉપર સિંહોએ મારણ કરવા માટે હુમલો કરી પાડવા માટેની કોશિશ કરી, પરંતુ બચી ગઈ છે. સાવજોએ ભેંસ પર કરેલા હુમલાના કારણે ભેંસ ઈજાગ્રસ્ત થઈ છે અને એની સારવાર ચાલી રહી છે. વન વિભાગને જાણ થતાં તેની ટીમે પણ દોડી આવી તપાસ હાથ ધરી હતી.

## ત્રણ મિત્રોએ સગીર સાથે અધમ કૃત્ય કરી હત્યા નીપજાવી: ગોધરામાં કિશોરને મિત્રો અવાવરું જગ્યાએ લઈ ગયા, સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય બાદ ગળું દબાવી લાશને તળાવમાં ફેંકી દીધી

(એજન્સી) પંચમહાલ | તા. 23

ગોધરા શહેરમાં એક 15 વર્ષીય સગીરનું તેના જ મિત્રો દ્વારા અપહરણ કરી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરી હત્યા નીપજાવી લાશને તળાવમાં નાખી દીધાનો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. ઘટનાની વિગત એવી છે કે, સગીરને એક મિત્ર બાઈકમાં લઈ અન્ય મિત્રોને સોંપી ત્યાંથી જતો રહે છે. જે બાદ તે મિત્રો મૃતક સગીરને એક અવાવરું જગ્યાએ લઈ જાય છે. ત્યાં એક મિત્ર ફરી પાછા મળે છે અને ત્રણેય સગીર સાથે સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચરી લાશને તળાવમાં ફેંકી દઈ ત્યાંથી ફરાર થઈ જાય છે. હાલ તો આ ત્રણેય મિત્રો સામે વેજલપુર પોલીસ મથકમાં પોક્સો સહિતની કલમો આધારીત ફરિયાદ નોંધી પોલીસે ત્રણેયને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.
આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, વેજલપુરના મોટા મહોલ્લા ખાતે રહેતા પિતાએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓના સગીર વયના દીકરાના મિત્રો આરીફ ઉર્ફે ડિંગુ યાકુબ પાડવા અને ઈમરાન ઉર્ફે ઈનાન પથીયા તથા અન્ય એક સગીર તેમના સગીર દીકરાને મળ્યા હતા. જે બાદ તેને બાઈક પર બેસાડી ચલાલી રોડ ઉપર આવેલા મહાદેવ મંદિર પાસે પ્લોટીંગ વાળી જગ્યાની પાછળ લઈ ગયા હતા. જ્યાં બળજબરી પૂર્વક સગીરના કપડાં કાઢી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. ત્યાર બાદ મરણજનાર સગીર વયના યુવક પોતાના ઘરે ના કહી દે તે બીકના કારણે સગીરનું ગળું દબાવી મોતને ઘાટ ઉતાર્યો હતો અને આરોપી ઈમરાન પથીયાની મદદથી આરીફ ઉર્ફે ડિંગુ પાડવાએ અન્ય આરોપી સગીર સાથે મળી લાશને ચલાલી ચોકડી પાસે આવેલા મોટા તળાવમાં નાખી દીધી હતી. જેના કારણે મરણજનારના પિતાએ વેજલપુર પોલીસ મથકે ત્રણેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટમાં આજથી 9 દિવસ માઁ અન્નપૂર્ણાનો ભંડાર; 50 હજારથી વધુ શ્રાવકો માટે રોટલી-શાક-મીઠાઈ વગેરે બનશે

# રાજકોટમાં સદભાવના વૃદ્ધાશ્રમ લાભાર્થે મોરારિબાપુની રામકથા



(એજન્સી) રાજકોટ | તા.23

રાજકોટના સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા જામનગરના રામપર ગામે રૂપિયા 300 કરોડના ખર્ચે 5100 નિરાશ્રિત અને અશક્ત વડીલો રહી શકે એ માટે દેશનો સૌથી મોટો વૃદ્ધાશ્રમ નિર્માણ પામી રહ્યો છે. એના લાભાર્થે 12 વર્ષ બાદ એટલે કે 23 નવેમ્બરથી 1 ડિસેમ્બર, 2024 સુધી મોરારિબાપુ રામકથાનું રસપાન કરાવશે. એમાં 150 કરોડ વૃક્ષોનાં વાવેતર અને એના જતનનો સંકલ્પ કરવામાં આવશે. ત્યારે દરરોજ 1 લાખ લોકો કથા શ્રવણનો લાભ લેશે અને દરરોજ 50,000 લોકો ભોજન-પ્રસાદ ગ્રહણ કરશે.
150થી વધુ રસોઈયા દરરોજ અન્નપૂર્ણા ભંડાર તૈયાર કરશે, જેમાં 9 દિવસની આ કથા દરમિયાન દરરોજ એક મીઠાઈ, 2 શાક, ફરસાણ, દાળ-ભાત આપવામાં આવશે. એ માટે 15 ટન ઘઉંનો લોટ, 300 ડબ્બા ઘી, 2000 ડબ્બા તેલ, 5000 કિલો ખાંડ, 6000 કિલો ચોખા સહિતનો જથ્થો લાવવામાં આવ્યો છે. દરરોજ ચૂલા પર 2200થી 2500 કિલો લોટની રોટલી બનાવવામાં આવશે, જ્યારે દૈનિક 1000 લિટર દાળ અને 6000 કિલો શાક બનાવવામાં આવશે.
રામકથા દરમિયાન ભોજનની વ્યવસ્થા કરતા કેતન પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે રેસકોર્સ મેદાનમાં યોજનારી રામકથામાં દરરોજ 45 હજાર જેટલા શ્રાવકો કથા શ્રવણ કરશે, જેમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે, એમાં માઁ અન્નપૂર્ણાનો ભંડાર તૈયાર કરવામાં આવશે. આના માટે ઈડરવાળા જિતુભાઈને કેટરિંગ આપવામાં આવેલું છે, જેના 150થી વધુ રસોઈયાઓ રસોઈ બનાવવાના છે. લાઈવ ચૂલા પર સ્વામિનારાયણની રોટલી બનાવવામાં આવશે, સાથે જ લોટ બાંધવા માટે મશીન રાખેલું છે. ભોજન પ્રસાદમાં પ્રથમ દિવસે ફાડા લાપસી, મિક્સ ભજિયાં, મગ મિક્સનું શાક, રોટલી, દાળ-ભાત, શાક અને સંભારો આપવામાં આવશે. આ રીતે મોહનથાળ સહિતની મીઠાઈ ઉપરાંત દરરોજ બે શાક હશે.
જ્યારે કેટરિંગનું સંભાળતા પ્રતીક સોનીએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અત્યારસુધીમાં જે જગ્યાએ મોરારિબાપુની કથા થતી હોય અને જે સ્થાનો પર મોટા ભંડારા થતા હોય એ તમામ જગ્યાએ કેટરિંગનું કામ અમે જ કરીએ છીએ. આ ઉપરાંત ખોડલધામ તેમજ પરબ સહિતનાં ધાર્મિક સ્થળો ઉપર ભોજન પ્રસાદ અમે જ બનાવીએ છીએ. આ રીતે મોટી સંસ્થાઓમાં અમે કામ કરીએ છીએ. ઈડરમાં સદગુરુ કેટરર્સ નામથી છેલ્લા 4 દાયકાથી કેટરિંગનું કામ કરીએ છીએ.

## ડિસેમ્બરમાં પણ ધૂમ લગ્નો હોય પરિસ્થિતી યથાવત રહેશે

# લગ્નસરાને લઈને શિયાળાની રંગત બગાડતા મોંઘાદાટ શાકભાજી

(એજન્સી) ભાવનગર । તા. 23

ગોહિલવાડના ખાણીપીણીના શોખીનોને શિયાળામાં સૌથી વધુ ટેસ્ટફૂલ ઉંધીયુ હૈયે અને હોઠે હોય છે કારણ કે, શિયાળાની ઋતુમાં મોટા ભાગના લીલા શાકભાજી પ્રમાણમાં સસ્તા મળતા હોય છે આથી જ આરોગ્યવર્ધક શિયાળાની ઋતુ દરમિયાન લીલા શાકભાજીનો મહત્તમ ઉપયોગ થતો હોય છે પણ હાલ તેનાથી ઉલ્ટી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. એકબાજુ ચોમેર લગ્નસરાની સિઝન જામતા શાકભાજીના ભાવ આસમાનને આંબી રહ્યા હોય શિયાળાની રંગત આ મોંઘા શાકભાજી બગાડી રહ્યા હોવાની અનુભૂતિ થઈ રહી છે.

સ્વાસ્થ્યવર્ધક શિયાળો જામી રહ્યો હોય તેવા સમયે હાલ લગ્નસરાની સિઝનનો પણ ધમધમાટ વધી રહ્યો છે.લગ્નસરાની સિઝનને લઈને નવેમ્બર માસના અંતિમ સપ્તાહમાં વધુ લગ્નો લેવાયા હોય તમામ જ્ઞાતિ, સમાજની વાડી, બોર્ડીંગ, છાત્રાલય, પાર્ટીપ્લોટ, કોમ્યુનિટિ હોલ અને ફાર્મહાઉસ પેક થયેલા જોવા મળી રહ્યા છે. લગ્નસરાને લઈને કેટરર્સ, રસોયાઓ દ્વારા મોટા ભાગના લીલા શાકભાજીના એડવાન્સમાં ઓર્ડર અપાઈ ગયા છે. તેમજ લગ્નસરાને લઈને ગામડાઓમાંથી શાકમાર્કેટમાં લીલા શાકભાજી સમયસર પહોંચી શકતા ન હોય તેની આંશિક અછત



જોવા મળી રહી છે. શહેરની મુખ્ય અને પરા વિસ્તારની શાકમાર્કેટમાં જરૂરીયાત કરતા ઓછા શાકભાજી જોવા મળી રહ્યા છે. જેથી તે ઉંચા ભાવે વેચાઈ રહ્યા હોવાનું સુત્રોએ જણાવી વધુમાં ઉમેર્યુ હતુ કે, હજુ આગામી ડિસેમ્બર માસમાં પણ ધૂમ લગ્નોત્સવ હોય ત્યારે પણ આવી જ પરિસ્થિતિ રહે તો નવાઈ નહિ. શાકભાજીના નાના ધંધાર્થીઓ અને રેંકડીધારકો યાર્ડમાંથી જથ્થાબંધ શાકભાજી ખરીદીને તેની પડતર કિંમત પર નફાનો હિસ્સો અને પરિવહન ખર્ચ ઉમેરતા હોવાથી શહેરના પરા વિસ્તારોમાં પહોંચતા શાકભાજીના ભાવ રૂા ૨૦ થી ૩૦ વધી જાય છે. ઘરમાં બનાવાતા શાકભાજીને ટેસ્ટફૂલ બનાવવા માટે મહત્વના ગણાતા લાલચોળ ટમેટા રૂા ૮૦ આસપાસના કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. સામાન્ય રીતે દર વર્ષે શિયાળામાં ટમેટા રૂા ૨૦ થી ૩૦ ના કિલોલેખે મળતા હોય છે ત્યારે ટમેટાના ભાવ આસમાને રહ્યા છે. આ સીવાય ગુવાર,ભીંડો અને નાના અને ઓળાના રીંગણા રૂા ૬૦ થી ૮૦, વટાણા ૬૦ થી ૮૦, વાલ રૂા ૬૦, મરચા, ગાજર,કોબી અને ફ્લાવર રૂા ૬૦ થી ૭૦, લીલી ડુંગળી રૂા ૩૦ થી ૩૫, લીલા ચોળા અને વાલોળ પ્રતિ કિલોએ રૂા ૫૦ થી ૬૦ ના કિલોલેખે વેચાઈ રહ્યા છે. મોટા ભાગના શાકભાજી મોંઘા થતા તેની મધ્યમવર્ગીય ગૃહિણીઓના કિચન બજેટ પર અસર થઈ રહી છે.

### શાકમાર્કેટમાં ટુ વ્હીલર્સ માટે યોગ્ય પાર્કિંગનો અભાવ

શહેરની મુખ્ય શાકમાર્કેટ નજીકના અંતરે પાર્કિંગની યોગ્ય સુવિધાના અભાવે મોટા ભાગના ગ્રાહકો શાકમાર્કેટના મુખ્ય બિલ્ડીંગમાંથી ખરીદી કરવાનું ટાળી રહ્યા છે.ગ્રાહકો સરળતાથી શાકભાજીની ખરીદી કરે તે માટે સ્થાનિક વહિવટીતંત્ર દ્વારા શાકમાર્કેટની નજીક ટુવ્હીલરના પાર્કિંગ માટે સુયોગ્ય સુવિધા ઉભી કરવામાં આવે તેવી ગ્રાહકોમાં માંગ ઉઠવા પામેલ છે.

## ગુણવત્તાની દ્રષ્ટિએ કાળો ખજૂર સર્વશ્રેષ્ઠ

# ખજૂરમાં 20% નો વધારો: આરોગ્યવર્ધક હોવાના કારણે શિયાળામાં માંગ વધી

(એજન્સી) ભાવનગર । તા. 23

ખજુરના ભાવમાં અંદાજે ૨૦ ટકાનો વધારો થયો હોવા છતાં ગોહિલવાડમાં ખજુરની માંગ યથાવત રહેવા પામેલ છે. શિયાળાની ઋતુના આગમનની સાથે જ શરીરના આરોગ્ય પ્રત્યે ચિંતિત શહેરીજનો દ્વારા સ્વાસ્થ્યવર્ધક ખાદ્યસામગ્રીઓ અને પીણા તરફ વળી રહ્યા છે. ભાવનગર શહેરમાં અગાઉના વર્ષની તુલનામાં હવે લોકોમાં આરોગ્યની સુખાકારી અંગે અવેરનેસ વધી રહી હોવાથી શહેરની બજારોમાં આરોગ્યવર્ધક ખજુરની માંગમાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે.આજથી ૧૦૦ થી વધુ વર્ષ અગાઉ ભાવનગર શહેરના જુના બંદર ખાતે મહાકાય વહાણોમાં ખજુર ઢગલામોઢે ભાવનગરમાં આવતો



હતો. જ્યારે હવે ઈરાન અને ઈરાક ખાતેથી દરિયાઈ માર્ગે કંડલા પોર્ટ અને ત્યાંથી મહાકાય કન્ટેઈનરમાં ભાવનગર સહિત રાજ્યભરમાં ખજુર મોકલાઈ રહ્યા છે. ડોલરનો ભાવ વધી જતા અને ટ્રાન્સપોર્ટેશન અને લેબરચાર્જ મોંઘો થતા તેમજ યુધ્ધના ભણકારા વાગતા ભાવનગર શહેરની બજારોમાં ખજુરના ભાવમાં કિલોએ ૨૦ ટકાનો ભાવ વધ્યો છે તેમ છતાં આરોગ્યપ્રેમીઓ ખજુરની ધૂમ ખરીદી કરી રહ્યા છે. ગત કોરોનાકાળ દરમિયાન પણ ઈમ્યુનિટિ વધારવા માટે ખજુરનો સર્વાધિક ઉપયોગ થયો હતો. ખજુરનો પાણીપુરી,ભેળપુરી માટેની સ્પેશ્યલ ચટણી ઉપરાંત ખજુરપાક અને ખજુરમિશ્રિત દુધ માટે પણ વિશેષ ઉપયોગ કરાઈ રહ્યો છે. જૈન સમાજ દ્વારા પણ કાર્તિકી પૂર્ણિમાથી ફાગણ સુદ તેરસ સુધી ખજુરનો મહત્તમ ઉપયોગ કરવામાં આવતો હોય છે. જ્યારે ઈતર જ્ઞાતિ બારેમાસ ખજુરનો ઉપયોગ કરતા હોય છે. જ્યારે મુસ્લિમ સમાજમાં રોઝા ખોલવા માટે ખજુરની અત્યંત આવશ્યકતા રહેતી હોય છે. ખજુરના વેચાણમાં અવિરતપણે વૃધ્ધિ થતી હોય છે.

## તુણા નજીક ફ્લાઈંગ સ્કવોડની ટીમ ઉપર હુમલો : ફરિયાદના બદલે સમાધાન !!

### ખનીજ ખાતાએ ૪ વાહનો ઝડપી સંતોષ માન્યો, ફ્લાઈંગ સ્કવોડના કર્મચારી માર ખાતા હોય તેવો વિડીયો પણ વાયરલ થયો

ગાંધીધામ | અંજાર તાલુકાનાં તુણા ગામ નજીક ખાણ ખનીજની ફ્લાઈંગ સ્કવોડની ટીમે ગેરકાયદેસર ખનીજનું વહન કરતાં ૪ વાહનોને ઝડપી લીધા હતા. જે દરમિયાન વાહન માલિકો અને ચાલકો દ્વારા ફ્લાઈન સ્કવોડની ટિમ પર હુમલો કરી નાખવામાં આવ્યો હતો. જેનો એક વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં ફ્લાઈંગ સ્કોડ પર ટ્રક માલિક તેમજ તેમની સાથે આવેલા લોકો હુમલો કરતા જોવા મળી રહ્યા હતા. ટ્રક રોકતા ખાણ ખનીજની ટીમને લાફાવાળી કરી અને લાતો મારતા હોવાનું વિડીયોમાં સ્પષ્ટ જોવા મળ્યું છે. સરકારી કર્મચારી પર ચાલુ નોકરીએ હુમલો કર્યો હોવાનું ગંભીર બનાવ બન્યો હોવા ઉપરાંત તેના પુરાવા રૂપે વિડીયો પણ હોવા છતાં ખાણ ખનીજ વિભાગ દ્વારા સમાધાન કરી લઈ માત્ર ચાર ટ્રકને સીઝ કરી લેતા ફ્લાઈંગ સ્કવોડની કામગીરી પ્રત્યે પણ અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. રાત્રે બનેલા બનાવ અંગે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે. આ વાઈરલ વીડીયોમાં જોવા મળે છે કે, અંજારના તુણા પોર્ટ તરફના માર્ગે ખાણ ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કોડના અધિકારીએ ઓવરલોડ બ્લેક ટ્રેપ ખનીજ મામલે ૪ ટ્રકને અટકાવી હતી.

## જિલ્લામાં જૂગારની બાજી માંડી બેસેલા 9 ખેલૈયા ઝડપાયા

(એજન્સી) ભાવનગર । તા. 23

પોલીસે અલગ અલગ સ્થળોએ દરોડા કરી જુગારની બાજી બેઠેલા નવ શખ્સને જુગાર રમવાના સાહિત્ય અને રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.આ બનાવની જાણવા મળતી વિગત મુજબ વરતેજ પોલીસે નારી ચોકડી પાસે આવેલ પંજાબી ધાબા પાછળ દરોડો કરી જુગાર રમી રહેલા સવજી દેલવાણીયા,મુકેશ જીલીયા,વિપુલ જાસોલીયાને રોકડા રૂપિયા સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્વામિનારાયણ હોલ પાછળ ખુલ્લી જગ્યામાં દરોડો કરી જુગાર રમતા લાભુ માવજીભાઈ બારૈયા,કલ્પેશ ભરતભાઈ ચૌહાણને રોકડા રૂપિયા સાથે ઝડપી લીધા હતા.જ્યારે ત્રીજા દરોડામાં ઘોઘા પોલીસને મળેલી બાતમીનાં આધારે જુના રતનપર ગામના પાટિયા નજીક કેનાલના કાંઠે બાવળની કાંટ માં દરોડો કરી જુગાર રમતા બુધા મકાભાઈ જહમોરીયા,મગન હરજીભાઈ જહમોરીયાને રોકડા રૂપિયા સાથે ઝડપી લીધા હતા.ચોથા બનાવમાં ઘોઘા પોલીસને મળેલી બાતમીનાં આધારે ઘોઘા જકાતનાકા પાસે આવેલા ધા માતા ના મંદિર પાછળ દરોડો કરી જુગાર રમતા મહમદરફિક ભીખુશાહ રફાઈ,ઉમેશ મોહનભાઈ વાજાને રોકડ રકમ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભુજ નગર પાલિકાના નિવૃતોને મહેકમમાં સમાવવા કોર્ટનું ફરમાન

(એજન્સી) ભુજ । તા. 23

ભુજ નગર સેવા સદનમા ૧૯૮૫ થી રોજમદાર તરીકે ભરતી થયેલા કર્મચારીઓ કાયમી થવા માટે જે તે સમયે રાજકોટ લેબરકોર્ટમાં દાદમાં ગયા હતા જેને લઈને રાજકોટ લેબર કોર્ટે આ કામદારોને નોકરીના એક વર્ષ પછીથી કાયમી ઘણી તેના હક હિસા આપી દેવા જણાવ્યું હતું અને તે વખતે હક હિસા મળ્યા હતા પરંતુ ભુજ નગરપાલિકાએ કર્મચારીઓને મહેકમમાં સમાવાયા નતા જેને લઈને અનેક રજૂઆતો છતાં નગર સેવા સદરને ખાલી પડેલી જગ્યા ઉપર સિનીયોરીટીના ધોરણે આ કર્ર્મચારીઓને મહેકમમાં લીધા ન હતા અને અન્ય કર્ર્મચારીઓને મેહેકમલઈને અન્યાય કર્યો હતો. ભુજ નગરપાલિકાએ ૧૩૨/૧૩ ના એક ઠરાવ કરીને આઅંગેની દરખાસ્ત રાજકોટ ખાતે મોકલી હતી તેમ છતાં રાજકોટ એ ૨૦૧૮ સુધી તેની મંજૂરી આપી ન હતી. દરમિયાન કર્મચારીઓ હાઈકોર્ટમાં કર્મચારી અગ્રણી દર્શક અંતાણીના નેજા હેઠળ હાઈકોર્ટમાં ધારાશાસ્ત્રી શિવાંગભાઈ શાહ મારફતે દાદ માંગ્યો હતો. દરમિયાન ભુજ નગરપાલિકાના કર્ર્મચારીઓએ સતત રજૂઆતો કરી હોવા છતાં તેમણે ખાસ કોઈ લાભ મળતા ન હતા.

## તળાજાના ટીમાણા ગામે શખ્સે માઈધારના યુવાનને છરી હુલાવી

(એજન્સી) ભાવનગર । તા. 23

તળાજાના ટીમાણા ગામમાં શીંગ પિલાવાવા માટે ગયેલા પાલીતાણા તાલુકાના માઈધાર ગામમાં રહેતા યુવાનને નજીવી બાબતે શખ્સે સાથે બોલા ચાલી થઈ જતાં શખ્સે માર મારી છરીના ઘા ઝીંકી ઈજા પહોચાડતા યુવાનને હોસ્પિટલે ખસેડાયો હતો. આ બનાવની જાણવા મળતી વિગતો અનુસાર પાલીતાણા નાં માઈધાર ગામે રહેતા સંજયભાઈ હરેશભાઈ પરમાર ગત તા, ૧૫ નવેમ્બર ૨૦૨૪૨૦૨૪ના રોજ બપોરના આશરે ત્રણેક વાગ્યાના સુમારે મોટર સાયકલ પાછળ બે શીંગોના કોથળા બાંધી ઘરેથી બાજુમા આવેલ ટીમાણા ગામે શીંગો પીલાવાવા દેગડાવાળા તરીકે ઓળખાતા હોય જેની દુકાને ગયા હતા. અને સાડા ત્રણેક વાગ્યા આસપાસ મોટર સાયકલ ઉપરથી કોથળા નીચે ઉતારતો હતા. ત્યારે એક કોથળો ભુલથી બાજુમા પડેલ મોટર સાયકલ ઉપર પડયો હતો.દરમિયાનમાં નાનું કાનાભાઈ પરમાર સંજયભાઈ સાથે ઝઘડો કરી ગાળો આપી હતી.અને હાથમાં પહેરેલ સરળ મોઢા ઉપર તથા ડાબા ગાલ ઉપર વાગી જવાથી મને મુંઢ ઈજા થઈ હતી અને આ વખતે નાનુંએ કીચનમાથી છરી લઈ આવી એક ઘા કાન પાછળ ઝીંકી ઈજા કરી હતી.

## સુરેન્દ્રનગર ગેટ-બોટાદ વચ્ચે 110 કિ.મી.ની ઝડપે ટ્રેન દોડાવી શકાશે

ભાવનગર | ભાવનગર રેલવે ડિવિઝનમાં વેસ્ટર્ન રેલવેના જીએમ (જનરલ મેનેજર) દ્વારા આજે કરવામાં આવેલા ઈન્સ્પેક્શન દરમિયાન સુરેન્દ્રનગર ગેટ અને બોટાદ સ્ટેશન વચ્ચે ટ્રેનની ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની લેવાયેલી સ્પીડ ટ્રાયલને સફળતા મળી હોવાનું વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રએ જણાવ્યું હતું. ડિવિઝનમાં બે દિવસના ઈન્સ્પેક્શનના પ્રથમ દિવસે સાંજે જીએમ ભાવનગર રેલવે ટર્મિનસ પર આવી પહોંચ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, સફળ ટ્રાયલને ધ્યાને લેતા ટ્રેન ૧૨૦ કિમીની ઝડપે ચલાવી શકાય છે પરંતુ રેલવે માટે લોકોની સલામતી સર્વોચ્ચ સ્થાને છે એટલે સુરેન્દ્રનગર ગેટ-બોટાદ વચ્ચે ૧૧૦ કિલોમીટરની ઝડપે ટ્રેન દોડાવવા માટે પેપર પ્રોસેસ કરવાની સૂચના આપી છે. ગાડીની સ્પીડ વધશે તો મુસાફરોનો સમય બચવાથી તેમને સુવિધા થશે.

આજના આ ઈન્સ્પેક્શન વિશે તેમણે કહ્યું હતું કે, વેસ્ટર્ન રેલવેના એચ.ઓ.ડી., ભાવનગરના ડીઆરએમ અને તેમની ટીમ સાથે આજે સુરેન્દ્રનગર ગેટથી ભાવનગર ટર્મિનસ સુધીમાં સ્ટેશન, ટ્રેક, બ્રીજ, લેવલ ક્રોસિંગ, ડિસ્પેન્સરી વગેરેનું ઈન્સ્પેક્શન કર્યું હતું. જેમાં અગાઉના ઈન્સ્પેક્શન બાદ કામગીરીમાં ઘણો સુધારો થયો છે અને મેઈન્ટેનન્સમાં ઘણી મહેનત કરવામાં આવી છે.

## સફેદકોટ ધારકોને ઉત્તમ ડોક્ટર સાથે ઉમદા માનવી બનવા હાકલ

# અદાણી મેડિકલ કોલેજમાં વ્હાઈટ કોટ સમારંભ સાથે 16મી બેચનો પ્રારંભ

(એજન્સી) ભુજ । તા. 23

ભુજ ખાતે વર્ષ ૨૦૦૯ થી શરૂ થયેલી અદાણી મેડિકલ કોલેજની ૧૬મી બેચનો વ્હાઈટકોટ સમારોહ સાથે પ્રારંભ થયો છે અને તેમને ઉમદા ડોક્ટર સાથે ઉમદા માનવી બનવા પર વક્તાઓ દ્વારા ભાર મૂકવામાં આવ્યો હતો.આ સમારંભમાં ૧૫૦ જેટલા નવા મેડિકલ વિદ્યાર્થીઓએ તબીબ બનવા તરફ કદમ માંડયા હતા અને તેમને ચરક સંહિતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેને નિભાવવા સદગુણ વિકસાવવાની જરૂર છે કેમકે એ માનવસેવા પ્રત્યે સમપત અને સેવાભાવનું પ્રતીક છે.અદાણી હેલ્થ કેર ગુરપના હેડ ડો.પંકજ દોશીએ વ્હાઈટકોટ ધારણ



કરનારાઓને તેમના ઉજ્જવળ ભાવી અંગે શુભેચ્છા પાઠવતા ઉમેર્યું કે, આજથી જ દરેકે ચિકિત્સા જગત માટે અભ્યાસમાં લાગી જવું જોઈએ સાથે તેમણે વાલીઓને સધિયારો આપતા જણાવ્યું હતું કે, તેમના બાળકોનું ભાવી આ કોલેજમાં સુરક્ષિત છે. કોલેજ તેના સ્થાપના કાળ ૨૦૦૯થી સતત પ્રગતિના સોપાન સર કરી રહી છે આ ૧૬મી બેચ છે.આ પ્રસંગે નવા વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપ્યા હતા.કાર્યક્રમના કોર્ડીનેટર ડો. નિર્વાદિતા રોય રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વહીવટી સ્ટાફે અનેસ્ટુડન્ટ કાઉન્સિલે જહેમત ઊઠાવી હતી.

## કચ્છમાં સોપારી દાણચોરીનો પર્દાફાશ: 1.61 કરોડની 56 કિલો સોપારી જપ્ત

(એજન્સી) ગાંધીધામ । તા. 23

કચ્છમાં વધુ એકવાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે સોપારીની દાણચોરીના કૌભાંડનો પર્દાફાશ કરી ૧.૬૧ કરોડના કિંમતની ૫૫,૯૫૦ કિલો સોપારી જપ્ત કરી છે. મુંબઈના વેપારી સાથે મળીને કંડલા સેઝમાં એક્સપોર્ટ પેઢી તથા વેરહાઉસ ધરાવતાં શખ્સે સમગ્ર કારસાને અંજામ આપ્યો હતો. જો કે, માલ સગેવગે કરે તે પહેલાં પોલીસે દરોડો પાડી માલ જપ્ત કરી લીધો છે.આ અંગે મળતી માહિતી મુજબ બાતમીના આધારે બે દિવસ અગાઉ પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટૂકડીએ ગાંધીધામ તાલુકાનાં ચુડવાની સીમમાં આવેલા ગૌતમ ટ્રાન્સપોર્ટ પેઢીના વાડામાં દરોડો પાડયો હતો. વાડામાં પાર્ક કરેલાં બે કન્ટેઈનર ટ્રેલર માંથી આધાર પૂરાવા વગરનો સોપારીનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસને શંકા જતાં મુદ્દામાલ તરીકે માલ જપ્ત કરીને સ્થળ પર હાજર બંને ટ્રેલરના ચાલક તથા માલ લોડ કરાવનાર જુનૈદ યાકુબ નાથાણી (રહે. સપનાનગર, ગાંધીધામ મૂળ રહે. ઉપલેટા, રાજકોટ)ની અટક કરી પૂછપરછ હાથ ધરી હતી.જુનૈદે પોલીસને જણાવ્યું કે તે કંડલા સેઝમાં અનિતા એક્સપોર્ટ નામની પેઢી મારફતે વિદેશથી યુઝ્ડ ક્લોથ મગાવીને તેનું રીસાયકલીંગ કરીને લોકલ માર્કેટ તથા આફ્રિકામાં એક્સપોર્ટ કરે છે. આ પેઢી તેના મોટાભાઈ જાવેદના નામે નોંધાયેલી છે.

## મુંબઈના રહેવાસીએ ગાંધીધામ પોલીસને આપેલી અરજી

# મરણના દાખલામાં છેકછાક કરી કરોડોનું જમીન કૌભાંડ આચરાયું!

(એજન્સી) ગાંધીધામ । તા. 23

ગાંધીધામ નગરપાલિકામાં એક વખત બની ગયેલા મરણના દાખલમાં ગેરરીતિ આચરી છેકછાક કરી ખોટો મરણનો દાખલો ઊભો કરી વરસામેડીની જમીન ખરીદવા માટે ખોટા મરણના દાખલાનો ઉપયોગ કરી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવા અંગે પોલીસ મથકે લેખિત ફરિયાદ કરવામાં આવી છે. મુંબઈના મુલુંડ ખાતે રહેતા નવીન રમણીક રૂપારેલએ ગાંધીધામ એ ડિવિઝન પોલીસને લેખિત અરજી કરી જણાવ્યુ હતું કે, તેમના પિતાજી સ્વ. રમણીક વલમજી રૂપારેલનું અવસાન તા. ૨૫-૩-૧૯૯૭ના રોજ થયું હતું જે અંગેની નોંધ તા. ૩-૪-૯૭ના તેમણે જાતે ગાંધીધામ નગરપાલિકા ખાતે કરાવી હતી. જે બાદ તા. ૧૦-૧૧-૯૭ના તેમના પિતાજીના મરણના દાખલામાં સુધારો કરી રમણીક વલમજીની જગ્યાએ આડી લીટી (છેકછાક) કરી પાલિકાના કર્મચારી દ્વારા મંગલજી વલમજી કરી નાખવામાં આવ્યું હતું. તેવું ખુદ ગાંધીધામ નગરપાલિકા દ્વારા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટને લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે અને એક કરતા વધુ કર્મચારીઓ દ્વારા ગેરરીતિ કરાઈ હોવાનું સ્પષ્ટ કર્યું છે. જોકે આ નામ સુધારો શા માટે કરવામાં આવ્યો? કયા પુરાવાના આધારે કરવામાં આવ્યો તેની કોઈ નોંધ જ નથી અને ભ્રષ્ટાચાર કરી મરણના દાખલામાં નામ બદલી નાખવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સાથે તેમણે વધુ આસકેપો કરતાં જણાવ્યુ હતું કે, મંગલજીના નામનો ખોટો ઉપયોગ કરી વરસામેડી ખાતે તેમના નામે જમીન મેળવી કરોડો રૂપિયા હડપી લેવાનો પ્લાન તેમના સગા ભાઈ સ્વ. મહેન્દ્રભાઈ રૂપારેલ અને તેમના પુત્ર હિતેશ રૂપારેલ દ્વારા ઘડવામાં આવ્યો હતો. આ બાબતે જો યોગ્ય તપાસ થાય તો માલુમ પડે કે ફરિયાદીના પિતાજીનું ખોટો મરણનો દાખલો બનાવી અને અંજાર તાલુકાના વરસામેડી ગામે તેમના પિતાજીના ભળતા નામનો ઉપયોગ કરી કરોડો રૂપિયાની જમીન પચાવી પાડી છે.

## સરકારનો ટેક્સની આવક વધારવાનો ઉદ્દેશ્ય, નવી જંત્રી ફ્લેટ-પ્લોટ ખરીદનારાઓની કમર ભાંગી નાખશે

ગાંધીનગર | ગુજરાત સરકારે નવી જંત્રી નક્કી કરવા માટેનો સૂચિત મુસદ્દો જાહેર કરીને મોટા ભાગના વિસ્તારમાં જંત્રીના દર બમણાં કરવાનો નિર્ણય કર્યો હોવાથી સ્ટેમ્પ ડ્યૂટી પણ બમણી ભરવી પડશે. ઉદાહરણ આપીને વાત કરવામાં આવે તો વસ્ત્રાપુરમાં પ્લોટની જંત્રી રૂ. 29,500 હતી તે વધારીને 65000 કરી દેવામાં આવી છે. તેમ જ ફ્લેટની જંત્રીના દર 17,500 હતા તે વધારીને 33,450 કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. આ જ રીતે કોમર્શિયલ યુનિટની જંત્રી પહેલા રૂ.45,500 હતી તે હવે વધારીને રૂ. 83,625 કરી દેવામાં આવી છે. આ દર જોતાં સ્ટેમ્પ ડ્યૂટી 5.90 ટકા છે તેનો બોજ પણ પોણા બેથી બે ગણો થઈ જવાની સંભાવના રહેલી છે. આ રહ્યું તેનું બીજું ઉદાહરણ. મકરબામાં પ્લોટની જંત્રી રૂ.20,000થી વધારીને રૂ. 45000 કરી દેવામાં આવી છે. પરિણામે પ્લોટ ખરીદનારાઓએ પ્લોટ પર ભરવાની થતી સ્ટેમ્પ ડ્યૂટીમાં 125 ટકા વધુ રકમ ચૂકવવી પડશે.

## પ્રવાસન મંત્રી અને પ્રવાસન વાવને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા ગુજરાત ટુરિઝમનું સકારાત્મક વલણ

# વડોદની વાવ મુદ્દે સ્થાનિક પ્રવાસન સમિતિ ઉતાવળ કરે તો ઉદ્ધાર થાય

### કેન્દ્રીય મંત્રીએ રાજ્યના પ્રવાસન મંત્રી અને પ્રવાસન નિગમને પત્ર લખ્યો, વડોદ ગ્રામ પંચાયતની સ્થળનું સંચાલન નિભાવણી કરવા તૈયારી દર્શાવી

(એજન્સી) ભાવનગર । તા. 23

ઉમરાળા તાલુકાના વડોદ ગામે આવેલી ઐતિહાસિક વાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રાજકીય નેતાઓના અંગત રસ તેમજ સ્થાનિક ગ્રામજનોની મહેનત ધીરે ધીરે રંગ લાવી રહી હોય તેમ ગુજરાત ટુરિઝમે સકારાત્મક વલણ અપનાવ્યું છે. હવે સ્થાનિક પ્રવાસન સમિતિ ઉતાવળ કરી ગાંધીનગર સુધી વહેલીતકે ભલામણ પહોંચાડે તો આ ઐતિહાસિક વાવનો ઉદ્ધાર થઈ શકે તેમ છે. ઉમરાળાના વડોદ ગામે સંસ્કૃતિની ધરોહર સમાન આશરે સાત સદી પૂરાણી ઐતિહાસિક અને પ્રાચીન વાવ આવેલી છે. જેના રખરખાવ અને જાળવણીના અભાવે હાલ આ વાવ જર્જરીત હાલતમાં થઈ ચુકી છે. વાવને રક્ષિત સ્મારક જાહેર કરવા માંગ કરાઈ હતી. પરંતુ




પુરાતત્વ વિભાગે ઐતિહાસિક વાવને પર્યટન સ્થળ તરીકે વિકસાવી શકાય તેવો અભિપ્રાય આપ્યો હતો. ત્યારે ૭૦૦ વર્ષ જૂની વાવ આસપાસ પ્રાથમિક સુવિધાઓનો વિકાસ કરી પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો સ્થાનિકો માટે એક સારા પર્યટન સ્થળ તરીકે ઉભરી શકે તેમ હોવાનું જણાવી ભાવનગર મહિલા સાંસદ એવમ્ કેન્દ્રીય મંત્રીએ તાજેતરમાં રાજ્યના પ્રવાસન મંત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે, ઐતિહાસિક વાવના વિકાસથી પૌરાણિક જગ્યાઓના વિકાસનું લક્ષ્ય, આસપાસના લોકોને રોજગારીની તકોનું નિર્માણ સહિતના અનેક હેતુઓ સિદ્ધ થઈ શકે છે. તેથી ગુજરાત સરકારી યોજના અંતર્ગત વાવને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તેવી ભલામણ કરી હતી.

જ્યારે વડોદ ગ્રામ પંચાયત દ્વારા પણ ભાવનગર કલેક્ટરને પત્ર લખાયો છે. જેમાં ઐતિહાસિક વાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટેની જરૂરી વિગતો આપી વાવના ૭-૧૦ તથા ૮ અ અને હક્કપત્રકની નકલ, વાવથી ૪થી ૨૫-૩૦ કિલોમીટરના અંતરે આવેલા સુપ્રસિદ્ધ ધાર્મિક-ઐતિહાસિક સ્થળો, હોસ્પિટલ વગેરે તેમજ વાવનો વિકાસ થયા બાદ સ્થળનું સંચાલન/નિભાવણી વડોદ ગ્રામ પંચાયત હસ્તક રાખવાની તૈયારીઓ પણ દર્શાવવામાં આવી છે.


## ખંભાતમાં લઘુમતી કોમના ટોળાએ પોલીસ કર્મીને નગ્ન કરી ફટકાર્યો

આણંદ | ખંભાતમાં રવિવારે ધાર્મિક બાબતે લઘુમતી કોમનું ટોળુ ખંભાત પોલીસ મથકે ઉમટયું હતું. જ્યાં ટોળાએ એક પોલીસ કર્મીના કપડા ફાડી નાખી, નગ્ન કરીને માર માર્યો હોવાના આક્ષેપ સાથે આણંદ જિલ્લા ક્ષત્રિય એક્તા સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમજ આ અંગે પોલીસ ફરિયાદ નોંધવાની માંગ કરી હતી. જોકે, પોલીસ દ્વારા આ અંગે મગનું નામ મરી પાડવામાં આવ્યું નથી. ત્યારે આણંદ જિલ્લા ક્ષત્રિય એક્તા સમિતિ સેનાએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ખંભાતના મેળામાં ગત તા.૧૭ના રોજ સગીરોએ ચકડોળમાંથી પસ્તીના ટુકડા ઉડાડયા હતા તેમાં ધાર્મિક ગ્રંથના ટુકડા પણ હતા. આ અંગે ખંભાત પોલીસે ગુનો નોંધી સગીર બાળકોની અટકાયત કરી હતી. તે સમયે લઘુમતી કોમના ટોળાએ ખંભાત શહેર પોલીસ મથકને ઘેરી લીધું હતું. તેમજ સગીરોને પોતાને હવાલે કરવાની માંગ કરી હતી. તે સમયે પોલીસ કર્મીએ સગીરોને ટોળાનો ભોગ બનતા બચાવ્યા હતા.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારા શોખ માટે સમય કાઢો.




**વૃષભ (બ,વ,ઉ)**
તમારા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. આજે લગ્ન તમારા જીવનના શ્રેષ્ઠ તબક્કે પહોંચશે.




**મિથુન (ક,છ,ઘ)**
તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે.




**કર્ક (ડ,હ)**
હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે.




**સિંહ (મ,ટ)**
બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓને દૂર કરી શકે.




**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો- તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે.




**તુલા (ર,ત)**
નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં.




**વૃશ્ચિક (ન,ય)**
પોતાના પર દયા ખાવામાં સમય વેડફવા કરતાં જીવનનો પાઠ શીખવાનો પ્રયાસ કરો. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. આ રાશિ ના લોકો ખૂબ જ રસપ્રદ હોય છે.




**ધન (ભ,ધ,ફ)**
જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો.



**મકર (ખ,જ)**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.



**કુંભ (ગ,શ,સ)**
રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમારો દિવસ યાદગાર બની જશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે.

## વિદેશી હૂંડિયામણ અનામત ૧૭.૮ અબજ ડૉલર ઘટીને ૬૫૭ અબજ ડૉલરના ૪ મહિનાના તળિયે

# ફોરેક્સ રિઝર્વમાં ઈતિહાસનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોની એકતરફી વેચવાલી અને સામે પક્ષે રૂપિયામાં ડોલર સહિતની કરન્સી સામેનો ઘસારો ભારતના વિદેશી હૂંડિયામણ અનામતને મોટો ફટકો પાડી રહ્યો છે. મસમોટા આઉટફ્લોના કારણે ભારતના ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં તાજેતરના સપ્તાહમાં ઈતિહાસનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર દેશના ફોરેક્સ રિઝર્વમાં ૧૫ નવેમ્બરના સપ્તાહે સતત સાતમા અઠવાડિયાએ ઘટાડો નોંધાયો છે. આ રિપોર્ટિંગ સપ્તાહે કુલ અનામત ૧૭.૮ અબજ ડોલર ઘટીને ૬૫૭.૮૯ અબજ ડોલરના સ્તરે ૪ મહિનાના તળિયે પહોંચ્યું છે. અમેરિકાની ચૂંટણી પરિણામોને પગલે ડોલર મજબૂત થયો અને મધ્યસ્થ બેંકે ભારતીય ચલણ રૂપિયાના ઘસારાને અટકાવવા રિઝર્વનો ઉપયોગ કરી ડોલર વેચતા ૧૯૯૮થી રેકોર્ડ પર લેવાઈ રહેલા વિદેશી હૂંડિયામણ અનામતમાં સૌથી તીવ્ર ઘટાડો થયો છે. ફોરેક્સ માર્કેટમાં સેન્ટ્રલ



બેંકના હસ્તક્ષેપ તેમજ રિઝર્વમાં રાખવામાં આવેલી ફોરેન કરન્સીના સુધારા અથવા અવમૂલ્યનને કારણે એફસીએમાં ફેરફાર થાય છે. ગત છ સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં લગભગ ૩૦ બિલિયન ડોલરનો ઘટાડો થયો છે અને સપ્ટેમ્બરના અંતમાં જોવા મળેલા રેકોર્ડ ઉચ્ચતમ સ્તર ૭૦૪.૮૯ અબજ ડોલરેથી ૪૭ અબજ ડોલરનો ઘટાડો થયો છે. બેંકિંગ સેક્ટરના અધિકારીના અંદાજ અનુસાર રિપોર્ટિંગ સપ્તાહ માટે ભારતીય રૂપિયા અને અન્ય કરન્સીના સુધારા-વધારાના કારણે રીવેલ્યુએશન નુકસાન ૧૦.૪ અબજ ડોલર હોવાનો અંદાજ છે, જ્યારે આરબીઆઈએ ૧૫ નવેમ્બરના સપ્તાહમાં ૭.૨ અબજ ડોલરની યુએસ ડોલર કરન્સીનું નેટ વેચાણ કર્યું હશે. તાજેતરના ઘટાડા છતાં ભારતનું ફોરેક્સ રિઝર્વ તમામ બાહ્ય પર્યાપ્તતાની આવશ્યકતાઓની દ્રષ્ટિએ મજબૂત છે અને આયાત કવર ૧૧-મહિનાથી વધુ પર આરામથી પુરૂં કરી શકાય છે. ડોલર સામે રૂપિયો ગયા અઠવાડિયે ૮૪.૪૧૨૫ના નવા ઐતિહાસિક નીચા સ્તરે ગગડયો હતો. શુક્રવારના સેશનમાં ભારતીય ચલણ ડોલરની સામે ૮૪.૪૪૫૦ પર સ્થાયી થયું હતું, જે સત્રની શરૂઆતમાં ૮૪.૫૦૭૫ ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોંચ્યું હતું. ભારતીય ઈક્વિટીમાંથી સતત આઉટફ્લોએ પણ રૂપિયા પર દબાણ સર્જ્યું છે. ૨૨મી નવેમ્બરના સેશનમાં ૧૨૭૮ કરોડના વેચાણ સાથે સતત ૩૮મા સેશનમાં વિદેશી રોકાણકારોની વેચવાલી યથાવત જોવા મળી છે.વિદેશી રોકાણકારોએ ઓક્ટોબરમાં ૧૧.૭ અબજ ડોલર એટલેકે ઐતિહાસિક ૧ લાખ કરોડથી વધુના વેચાણ બાદ નવેમ્બરમાં પણ અત્યાર સુધીમાં ૪ અબજ ડોલર કરતાં વધુ મૂલ્યના સ્થાનિક સ્ટોક્સ અને બોન્ડ્સનું નેટ વેચાણ કર્યું છે.

## સોના પાછળ ચાંદી પણ ઊંચકાઈ : પ્લેટિનમ, પેલેડિયમ, ક્રૂડ તથા કોપરમાં જો કે પીછેહઠ

# લગ્નસરા સમયે સોનું રૂપિયા 2000 ઉછળીને રૂ.80,000ની સપાટીએ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવમાં ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવ પણ ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઉછળી ઔંશદીઠ ૨૭૦૦ ડોલરની સપાટી ઉપર જતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે સતેજીનો પવન ફૂંકાતો રહ્યો હતો. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના ઝડપી રૂ.૨૦૦૦ ઉછળી રૂ.૮૦ હજારની સપાટી પાર કરી જતાં ઝવેરીઓ સ્તબ્ધ થઈ ગયા હતા તથા લગ્નસરાના મોસમી ગ્રાહકો પણ હેબતાઈ ગયા હતા. દરમિયાન, ભારતમાં સોનાની આયાત આશરે ૩૦ ટકા ઘટી ઓક્ટોબરમાં ૮૨થી



૮૭ ટન આસપાસ થઈ છે જે ગયા વર્ષે ઓક્ટોબરમાં ૧૨૧થી ૧૨૨ ટન નોંધાઈ હતી એવું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાપવુ બે હજાર રૂપિયા ઉછળી ૧૦ ગ્રામના ભાવ ૯૯.૫૦ના રૂ.૮૦૩૦૦ તથા ૯૯.૯૦ના ભાવ રૂ.૮૦૫૦૦ બોલાયા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૯૧૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૬૬૭થી ૨૬૬૮ વાળા વધી ઉંચામાં ભાવ ૨૭૦૮તી ૨૭૦૯ ડોલર થઈ ૨૬૯૯થી ૨૭૦૦ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા. રશિયા રશિયા યુક્રેન યુદ્ધમાં તંગદીલી વધતાં વૈશ્વિક સોનામાં ફંડો એક્ટીવ બાયર્સ રહ્યા હતા.

# અદાણી કેસની તપાસ કરવા માર્કેટ રેગ્યુલેટર સેબીનો શેરબજારોને આદેશ



(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ભારતના મૂડી બજારના નિયામક સિક્યુરિટીસ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા અદાણી કેસની તપાસનો આદેશ અપાયાનું જાણવા મળી રહ્યું છે. બજારને લગતી માહિતી પૂરી પાડવામાં અદાણી જુથ નિષ્ફળ રહ્યું છે કે કેમ તેની તપાસ કરવા સેબીએ દેશના શેરબજારોને સૂચના આપી હોવાનું આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું. એકસચેન્જોના રિપોર્ટને આધારે સેબી આ મામલે આગળના પગલાં વિચારી શકે છે. લાંચના આક્ષેપ સંદર્ભમાં યુએસ જસ્ટિસ ડીપાર્ટમેન્ટની તપાસની યોગ્ય રીતે જાણકારી પૂરી પાડવામાં અદાઁણી ગ્રીન એનર્જી લિ. નિષ્ફળ રહી છે કે કેમ તે તપાસવા સેબીએ એકસચેન્જના અધિકારીઓને જણાવ્યું છે. સત્ય હકીકત તપાસવાની પ્રક્રિયા એક પખવાડિયું ચાલે તેવી વકી છે અને તેને આધારે જ સેબી વિધિસરની તપાસ શરૂ કરવી કે કેમ તેનો નિર્ણય લેશે. ભારતમાં સોલાર એનર્જી કોન્ટ્રેકટ મેળવવા સરકારી કર્મચારીઓને લાંચ ઓફર કરવાનો ગૌતમ અદાણી પર અમેરિકન પ્રોસિક્યુટર્સે બુધવારે રજુ કરેલા એક આરોપનામામાં દાવો કર્યો હતો. સેબી દ્વારા તૈયાર કરવામાં આવતા મૂડી બજારને લગતા નિયમોનું પાલન કરાવવાની જવાબદારી શેરબજારોની રહેલી છે, ખાસ કરીને લિસ્ટેડ કંપનીઓ દ્વારા કંપનીને લગતી માહિતી તથા અન્ય જાણકારી પૂરી પાડવામાં આવે છે કે કેમ તેના પર શેરબજારોએ ધ્યાન રાખવાનું રહે છે. સેબી જે શેરબજારોની ફરિયાદના આધારે કામ કરે છે તેણે આ અગાઉ પણ ડિસ્કલોઝર ધોરણોના પાલન સંદર્ભમાં અદાણી જુથની તપાસ કરી હતી.

## ભૂતકાળમાં કરદાતાને રિફંડ ક્લેમ કરવા માટે વધારે સમય આપવામાં આવતો હતો

# ઈન્કમ ટેક્સ રિફંડમાં હવે ઢીલ નહીં ચાલે, આવકવેરા વિભાગે ક્લેમની સમયમર્યાદામાં કર્યો ફેરફાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

આવકવેરા ખાતાએ તાજેતરમાં જ એક પરિપત્ર કરીને રિફંડ માટે ક્લેમ મૂકવા માટેની પ્રોસિજર પૂરી કરવા માટેની સમય મર્યાદા છ વર્ષથી ઘટાડીને પાંચ વર્ષની કરી દીધી છે. જે તે નાણાંકીય વર્ષના રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ પછીના પાંચ વર્ષ સુધી જૂના રિટર્નના રિફંડ માટે દાવો કરી શકાશે. ત્યારબાદ કરદાતાએ તેમના રિફંડના નાણાં ગુમાવી દેવા પડશે. અત્યાર સુધી જૂના રિફંડ ક્લેમ કરવા માટે રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ પૂર્ણ થઈ જાય તો પણ છ વર્ષ સુધીનો સમય આપવામાં આવતો હતો. રિફંડના જૂના કેસો ઘટાડી દેવા માટે સરકારે સમયમાં ઘટાડો કરતો પરિપત્ર કર્યો છે. રિફંડના જૂના પેન્ડિંગ કેસો ઘટાડવા, કરદાતા સમયસર





ટેક્સ ભરે અને સમયસર રિફંડ ક્લેમ કરે તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે પરિપત્ર જાહેર કર્યો છે. નાણાં મંત્રાલયે બહાર પાડેલા પ્રસ્તુત પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે આવકવેરા ધારાની કલમ 119(2)(બી) હેઠળ નુકસાની સરભર કે સેટઓફ કરવા માટે કે કેરી ફોરવર્ડ કરવા માટે અથવા તો રિફંડનો ક્લેમ મૂકવા માટે અરજી કરવા માટેની સમય મર્યાદામાં ઘટાડો કર્યો છે. આ સંદર્ભમાં એટલે કે ડિલે કોન્ડોન કરવાના સંદર્ભમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ દ્વારા અગાઉ કરવામાં આવેલા તમામ પરિપત્રોને રદ બાતલ કરી દેવામાં આવ્યા છે. રિફંડ ક્લેમ કરવા માટે કરદાતાએ વધુ ચોકસાઈ સાથે વિગતો રજૂ કરવી પડશે. રિફંડ ક્લેમ કરવા માટે હવે છ ને બદલે પાંચ વર્ષનો જ સમય મળશે. પરિણામે કરદાતાઓએ રિટર્ન ફાઈલ કરતી વખતે કે ત્યારબાદ તેમના રિફંડ ક્લેમ કરવા નિર્ધારિત સમય મર્યાદામાં તેમના ક્લેમ મૂકી દેવા પડશે. તેમ જ તેને લગતા નિયમોનું ચુસ્ત પાલન પણ કરવું પડશે. ભૂતકાળમાં કરદાતાને રિફંડ ક્લેમ કરવા માટે વધારે સમય આપવામાં આવતો હતો. હવે આવકવેરા ખાતું પણ રિફંડના કેસોનો ભરાવો ઓછો કરવા માગે છે. તેથી રિફંડના ક્લેમ મૂકવાની સમયમર્યાદા ઘટાડીને કરદાતાને માથે વધુ જવાબદારી નાખી છે. કરદાતાએ રિફંડનો ક્લેમ મૂકતી વખતે જ જરૂરી તમામ દસ્તાવેજો રજૂ કરી દેવા પડશે. છેલ્લા પાંચ વર્ષ સુધી પેન્ડિંગ રહેલાં રિફંડ ક્લેમ કરી શકાશે. ત્યારબાદ રિફંડ મળશે નહીં.

# શું એક્ઝિટ પોલની અસર શેર બજારમાં દેખાઈ? 7.2 લાખ કરોડની કમાણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

શેરબજારમાં આ ઉછાળો મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણી સાથે જોડાયેલો છે. જે રીતે મોટાભાગના એક્ઝિટ પોલ્સે મહારાષ્ટ્રમાં NDA માટે લીડની આગાહી કરી છે, તે રીતે બજારમાં નીચલા સ્તરેથી ઉછાળો જોવા મળ્યો હતો. ભારતીય શેરબજાર માટે શુક્રવારનો દિવસ શાનદાર રહ્યો. ઘણા મહિનાઓ બાદ બજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. ગુરુવારે શેરબજારમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો, ઘટાડાનું કારણ અદાણી ગ્રૂપ સાથે સંબંધિત મામલો હતો. વાસ્તવમાં શુક્રવારે બજારની શરૂઆત ઉછાળા સાથે થઈ હતી અને ધીમે-ધીમે તેજી વધતી ગઈ. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ 1,961.32 એટલે કે 2.54% વધ્યો અને 79,117.11 પોઈન્ટ પર બંધ થયો, ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ 2000 પોઈન્ટથી વધુ વધ્યો. જ્યારે નિફ્ટી 557.35 પોઈન્ટ અથવા 2.39% વધીને 23,907.25 પર બંધ થયો હતો. બજારમાં મજબૂત ઉછાળાને કારણે, BSE પર લિસ્ટેડ તમામ કંપનીઓના માર્કેટ કેપમાં લગભગ રૂ. 7.2 લાખ કરોડનો ઉછાળો આવ્યો હતો, એટલે કે રોકાણકારોએ આજે રૂ. 7.2 લાખ કરોડની કમાણી કરી હતી. જ્યારે ગુરુવારે રોકાણકારોને 5.35 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. શેરબજારમાં ઉછાળાને કારણે BSE સેન્સેક્સની ટોચની 30 કંપનીઓમાંથી 29 શેરો ઉછાળા સાથે બંધ થયા છે. જ્યારે માત્ર બજાજ ઓટોના શેરમાં થોડો ઘટાડો નોંધાયો હતો. SBIના શેરમાં સૌથી વધુ 4.73%નો ઘટાડો થયો છે. આ પછી, ટાટા ગ્રુપના TCSના શેરમાં 4.13 ટકા, ટાઈટનના શેરમાં 4.10 ટકા અને રિલાયન્સના શેરમાં 3.44 ટકાનો મજબૂત વધારો નોંધાયો હતો. આ સિવાય પાવરગ્રીડ શેર (3.55%), ITC શેર (3.50%), NTPC શેર (2.85%), M&M શેર (2.77%), ભારતી એરટેલ શેર (2.71%) અને ટાટા મોટર્સના શેર 2.20% ના વધારા સાથે બંધ થયા. મિડકેપ કેટેગરીમાં, MRPLના શેરમાં 8.62 ટકા અને Paytmના શેરમાં 6.50 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

## સેન્સેક્સમાં ૧૮ ટકા અને નિફ્ટીમાં ૧૯ ટકાનો વધારો

# પાક.ના શેરબજારનો ઈન્ડેક્સ, 100000ના વિક્રમી આંકની નજીક

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

પાકિસ્તાનના શેરબજારમાં હાલમાં અકલ્પનીય વિક્રમી તેજી જોવા મળી રહી છે. પાકિસ્તાનના સ્ટોક એક્સચેન્જનો ઈન્ડેક્સ (કરાંચી ૧૦૦ ઈન્ડેક્સ) એક લાખની નજીક છે. પાકિસ્તાનનો ઈન્ડેક્સ આજે ૯૭૯૩૪ની સપાટીએ ખુલી ઈન્ટ્રાડે વધીને ૯૯૬૨૩ પહોંચ્યા બાદ કામકાજના અંતે ૫૬૬ પોઈન્ટ ઉછળી ૯૭૮૯૫ની સપાટી મજબૂત હતો જ્યારે બીએસઈ સેન્સેક્સ કામકાજના અંતે ૭૯૧૧૭ પર બંધ રહ્યો હતો. છેલ્લા એક વર્ષમાં કરાચી ૧૦૦ ઈન્ડેક્સ ૬૬% વધ્યો છે. તે S&P ૫૦૦ અને FTSE ૧૦૦ જેવા મોટા વૈશ્વિક સૂચકાંકોને પાછળ રાખી રહ્યું છે. એટલું જ નહીં, તેણે એક વર્ષમાં ભારતના શેરબજારને પણ પાછળ છોડી દીધું છે. એક વર્ષમાં સેન્સેક્સમાં ૧૮.૪૮ ટકાનો વધારો જોવા મળ્યો છે, જ્યારે નિફ્ટીમાં માત્ર ૧૯.૭૧ ટકાનો વધારો જોવા મળ્યો છે. ૨૦૨૪ના કેલેન્ડર વર્ષમાં પાકિસ્તાનનો ઈન્ડેક્સ અત્યાર સુધીમાં ૫૬ ટકા એટલે કો ૩૫૪૪૪ પોઈન્ટ ઉછળ્યો છે. ભારતીય શેરબજારમાં આજે





તેજી જોવા મળી હતી. સેન્સેક્સમાં ૧૮૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો હતો, પરંતુ એક દિવસ પહેલા જ તેમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. જોકે ભારતીય શેરબજાર લાંબા સમયથી ઘટાડામાંથી પસાર થઈ રહ્યું છે. છેલ્લા બે મહિનામાં સેન્સેક્સ લગભગ ૧૦ ટકા જેટલો ઘટયો છે. ઘટાડાનું સૌથી મોટું કારણ વિદેશી રોકાણકારોનું પાછું ખેંચવાનું છે. એક તરફ પાકિસ્તાનનું દેવું સતત વધી રહ્યું છે તો બીજી તરફ આ દેશનું શેરબજાર આસમાને પહોંચે તે આશ્ચર્યજનક બાબત છે. દર પાંચ વર્ષે તેનું દેવું બમણું થાય છે, વિદેશી હૂંડિયામણનો ભંડાર ઓછો છે અને ધીમી અથવા શૂન્ય વૃદ્ધિ અને ઊંચા ફુગાવાથી પીડાય છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે જંગી ધિરાણ આપ્યું છે. પાકિસ્તાનની મોંઘવારી તાજેતરના સમયમાં નોંધપાત્ર રીતે નીચે આવી છે. ફુગાવો, જે મે ૨૦૨૩ માં ૩૮% પર પહોંચ્યો હતો, તે ઓક્ટોબર ૨૦૨૪માં ઘટીને ૭.૨% થયો છે.

## અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખપદે પુનરાગમન બાદ ક્રિપ્ટોમાં જોરદાર તેજી

# ભારતીય મીડિયા ગ્રુપ આજે દેશને જર્મની સાથે જોડે છે: PM મોદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

જર્મનીના ઐતિહાસિક ફૂટબોલ ગ્રાઉન્ડ MHP એરેના ખાતે આયોજિત ત્રણ દિવસીય સમિટનો આજે બીજો દિવસ છે. બીજા દિવસે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'India: Inside the Global Bright Spot' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. PMએ કહ્યું, આજે ભારત-જર્મન ભાગીદારીમાં એક નવો અધ્યાય જોડાઈ રહ્યો છે. ભારતના જર્મનીમાં આ સમિટનું આયોજન કર્યું છે. મને ખુશી છે કે એક ભારતીય મીડિયા જૂથ આજના માહિતી યુગમાં જર્મની અને જર્મન લોકો સાથે જોડાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આનાથી ભારતના લોકોને જર્મની અને જર્મન લોકોને સમજવાનું પ્લેટફોર્મ પણ મળશે. મને ખુશી છે કે અંગ્રેજી ચેનલ પણ શરૂ કરવામાં આવી રહી છે. ભારત-જર્મની સંબંધો વિશે વાત કરતા PM મોદીએ કહ્યું કે, 2024માં ભારત-જર્મન ભાગીદારીના 25 વર્ષ પૂર્ણ થશે. જર્મનીએ ફોકસ ઓન ઈન્ડિયા



ડોક્યુમેન્ટ બહાર પાડ્યું છે. જર્મની અને ભારત વચ્ચેના સંબંધો સદીઓ જૂના છે. આજે લગભગ 3 લાખ ભારતીયો જર્મનીમાં રહે છે. ભારત-જર્મની સંબંધોનું બીજું પાસું ભારતમાં દેખાય છે. આજે ભારતમાં 1800 થી વધુ કંપનીઓ કામ કરી રહી છે. મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં ભારત અને જર્મની વચ્ચેનો વેપાર વધુ વધશે. PM મોદીએ કહ્યું, આજે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. જર્મનીનું ફોકસ ઓન ઈન્ડિયા દસ્તાવેજ તેનું ઉદાહરણ છે. ભારતે દરેક ક્ષેત્રમાં નવી નીતિઓ બનાવી છે. ભારતે 30 હજારથી વધુ અનુપાલન દૂર કર્યા છે. ટેક્સ સિસ્ટમમાં સુધારો કર્યો. જેથી અમારો ધંધો આગળ વધે. સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, જર્મનીની વિકાસ યાત્રામાં મેન્યુફેક્ચરિંગ અને એન્જિનિયરિંગનો વિશાળ ઈતિહાસ છે.

## આ સંયુક્ત સાહસ દ્વારા વન્દે ભારત ટ્રેનોનું ઉત્પાદન કરવામાં આવ્યું છે

# જાપાનથી બુલેટ ટ્રેનની આયાત નહીં કરાય મેક-ઈન-ઈન્ડિયા અભિગમ અપનાવાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

મહત્વકાંક્ષી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન યોજનામાં મોટો ફેરફાર થયો છે. બુલેટ ટ્રેનના આયાત ભાવ તેમજ યોજનાના નિયમોમાં ફેરફાર અંગે ભારત અને જાપાન વચ્ચેની મંત્રણા પડી ભાંગી છે. પહેલાં આ યોજના હેઠળ બુલેટ ટ્રેન જાપાનથી આયાત કરવામાં આવનાર હતી પણ તાજેતરના ઘટનાક્રમ બાદ હવે ભારતે પોતાનો વ્યૂહ બદલ્યો છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન યોજના અંગે ભારતે મેક-ઈન-ઈન્ડિયા અભિગમ અપનાવ્યો છે. આ યોજના માટે સપ્ટેમ્બરમાં બીઈએમએલ લિમિટેડ-મેઘા સર્વો ડ્રાઈવ્સ નામક સંયુક્ત સાહસને કરારબદ્ધ કરવામાં આવ્યું હતું. આ સંયુક્ત સાહસ દ્વારા વન્દે ભારત ટ્રેનોનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. અલબત્ત જાપાન સાથેની આ મડાગાંઠ ઉકેલવાના પ્રયાસો જારી હોવાથી હજુ સુધી આ મામલે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ (એમએએચએસઆર) કોરિડોર પ્રોજેક્ટની



શરૂઆતના સાત વર્ષ પછી ભારત જાપાનમાંથી શિંકનસેન અથવા બુલેટ ટ્રેનની આયાત કરે તેવી શકયતા નથી. પ્રાઈઝ નેગોસિએશન અને પ્રોજેક્ટના નિયમોમાં બદલાવ કરવા અંગેની ચર્ચા નિષ્ફળ જતાં ભારત હવે જાપાન ખાતેથી બુલેટ ટ્રેનની આયાત કરે તેવી સંભાવના દેખાઈ રહી નથી. ભારત અને જાપાનની સરકાર વચ્ચે બુલેટ ટ્રેનના આયાત ભાવ, જમીન સંપાદનમાં અસધારણ વિલંબ અને સંયુક્ત સાહસના ટેકનિકલ નિયમોમાં ફેરફાર જેવા મુદ્દે વાટાઘાટો પડી ભાંગી છે.

# 2040 પહેલા ચીન અને અમેરિકાને પાછળ છોડી દેશે ભારત

(એજન્સી) મુંબઈ । તા. 23

આગામી 10 વર્ષ ભારતના છે. જ્યારે, વર્ષ 2040 ના અંત પહેલા, ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ભારત મોખરે હશે જ્યારે તેની પાછળ ચીન અને અમેરિકાનો નંબર હશે. ભારત તેની યુવા વસ્તીને કારણે વિશ્વ અર્થતંત્રમાં મોખરે રહેવા જઈ રહ્યું છે. ભારતની સૌથી મોટી વિશેષતા તેની યુવા વસ્તી છે. જેઓ શિક્ષિત હોવા ઉપરાંત કુશળ અને આઈટી નિષ્ણાત છે. જર્મનીની વિશેષતા, તેના ઉત્પાદન અને ગતિશીલતા સિવાય, તેની પરંપરા છે. ભૂતપૂર્વ યુરોપિયન કમિશનર ફોર એનર્જી, ડિજિટલ ઈકોનોમી અને એચઆર ગુન્થર એચ. ઓટીંગરે ટીવી9ની ન્યૂઝ9 ગ્લોબલ સમિટમાં આ બાબતો કહી હતી. ગુન્થર આ સમિટમાં ડિજિટલ ઈકોનોમી: વિઝન ફોર ધ નેક્સ્ટ ડિકેડ થીમ પર પોતાનું વક્તવ્ય આપવા આવ્યા હતા. ચાલો તમને એ પણ જણાવીએ કે આ અવસર પર તેમણે કેવા પ્રકારનું વિઝન રજૂ કર્યું હતું. ગુન્થર એચ. ઓટીંગરે સમિટમાં પોતાનું વિઝન રજૂ કરતાં કહ્યું કે, જો ભારત, જર્મની અને યુરોપ હાથ મિલાવશે તો ત્રણેયને ઘણો ફાયદો થશે. તેમણે કહ્યું કે જો ભારતના માનવ સંસાધન અને જર્મની અને યુરોપની પરંપરાઓ સાથે આવે તો બંને ક્ષેત્રો પ્રગતિના પંથે ખૂબ આગળ વધી શકે છે. તેમણે કહ્યું કે ભારત અને યુરોપ વચ્ચે સામાન્ય વેપાર કરાર હોવો જોઈએ. જેથી બંને પ્રદેશો વચ્ચે મહત્તમ વેપાર વધી શકે. તેમણે કહ્યું કે અમે ખૂબ જ ઉદાર છીએ. આવી સ્થિતિમાં, નિકાસ, આયાત અને વેપાર બંને દેશો વચ્ચે અથવા તેના બદલે ભારત અને સમગ્ર યુરોપ વચ્ચે વધવો જોઈએ.

## વર્તમાન મહિનાનો પ્રારંભિક સંયુકત પીએમઆઈ વધીને ૫૯.૫૦

# નવેમ્બરમાં દેશની ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની કામગીરી મજબૂત રહ્યાના સંકેત

(એજન્સી) મુંબઈ । તા. 23

વર્તમાન નવેમ્બર મહિનામાં દેશમાં આર્થિક પ્રવૃત્તિ ખાસ કરીને સેવા ક્ષેત્રની કામગીરી મજબૂત જોવા મળી રહી છે. દેશની ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની કામગીરી પર નવેમ્બરના તૈયાર કરાયેલા એચએસબીસી ફ્લેશ ઈન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ ૫૯.૫૦ રહ્યો છે જે ઓકટોબરમાં ૫૯.૧૦ રહ્યો હતો. નવેમ્બર મહિનાની ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની કામગીરીનો આ સંયુકત ઈન્ડેકસ અંદાજ આપે છે. નવા વેપાર તથા નિકાસમાં વધારાને પરિણામે સંયુકત ઈન્ડેકસ ત્રણ મહિનાની ઊંચી સપાટીએ જોવા મળ્યો હોવાનું સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. જો કે કામગીરીમાં સુધારાની સાથોસાથ ખર્ચમાં પણ વધારો થયો છે જેને કારણે કંપનીઓએ પોતાની સેવા તથા માલસામાનની કિંમતમાં વધારો કરવાની ફરજ પડી છે. વેચાણ કિંમતમાં ફેબુરઆરી, ૨૦૧૩ બાદ સૌથી વધુ વધારો જોવાયો છે. પ્રારંભિક અંદાજ પ્રમાણે નવેમ્બરનો ઉત્પાદન ક્ષેત્રનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) ૬૦.૨૦ રહ્યો છે જે ઓકટોબરમાં ૬૦.૪૦ રહ્યો હતો. બીજી બાજુ સેવા ક્ષેત્રનો પ્રારંભિક પીએમઆઈ ૫૯.૨૦ રહ્યો છે જે ઓકટોબરમાં ૫૮.૫૦ રહ્યો હતો. ઉત્પાદન ક્ષેત્રની સરખામણીએ સેવા ક્ષેત્રમાં રોજગાર નિર્માણની માત્રા અત્યારસુધીની સૌથી ઊંચી જોવા મળી હોવાનું પણ રિપોર્ટમાં જણાવાયું છે. ઘરઆંગણે તથા નિકાસ બજારમાં ઊંચી માગને પરિણામે ઉત્પાદન તથા સેવા ક્ષેત્રમાં ઓર્ડરમાં મજબૂત વધારો જોવા મળ્યો છે. કામનો બોજ વધી જતા કંપનીઓએ કર્મચારીઓની ભરતીમાં જોરદાર કર્યો છે. ડિસેમ્બર, ૨૦૦૫ જ્યારથી પીએમઆઈ તૈયાર કરવાનું શરૂ થયું છે ત્યારથી વર્તમાન નવેમ્બરમાં કર્મચારીઓની ભરતીનો દર સૌથી ઊંચો રહ્યો છે. બીજી બાજુ કાચા માલના ભાવમાં વધારાને કારણે સેવા તથા ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓએ કિંમતમાં વધારો કરવાની ફરજ પડી છે.

# શિયાળામાં સાવધાન રહેજો, હાર્ટ એટેકના કેસ વધી જાય છે





શિયાળા એ સૌની ગમતી ઋતુ છે. આ ઋતુમાં લોકોને હેલ્થી રહેવું વધારે ગમે છે. તેથી આ સીઝનમાં લોકો કસરત વધુ કરતા હોય છે. પરંતુ આ સીઝનમાં સૌથી મોટું જોખમ હાર્ટ એટેકનું રહેલું છે. કારણ કે ઠંડીના કારણે હાર્ટ એટેક આવવાનું જોખમ પણ વધી જાય છે. ઠંડી વધે છે તેની સાથે દરેક વ્યક્તિની લાઈફ સ્ટાઈલ અને ભોજનની શૈલી પણ બદલી જાય છે. ઠંડીના કારણે લોકો શારીરિક પ્રવૃત્તિઓ ઓછી કરી નાખે છે. જેના કારણે હૃદયની બીમારીઓનું જોખમ પણ વધી જાય છે. ખાસ કરીને જે લોકો હાર્ટની સમસ્યા પહેલાથી જ ધરાવે છે તેમને હાર્ટ એટેક આવવાનું જોખમ પણ વધી શકે છે. જોકે, આનાથી ગભરાવાની જરૂર નથી. તમે કેટલીક બાબતોનું ધ્યાન રાખીને આ સમસ્યાથી મુક્તિ મેળવી શકો છો.

## શિયાળામાં આ કારણથી વધે છે હાર્ટ એટેકના કેસ ?

ઠંડીમાં હાર્ટ એટેક આવવાની ઘટનાઓમાં પણ ઝડપથી વધારો થાય છે. ત્યારે મનમાં પ્રશ્ન ચોક્કસથી થાય કે ઠંડીમાં હાર્ટ એટેક આવવાનું જોખમ શા માટે વધી જાય છે ? તો તમને જણાવી દઈએ કે શિયાળાના કારણે શરીરની રક્તવાહિનીઓ સંકોચાઈ જાય છે. જેના કારણે બ્લડપ્રેશર વધી શકે છે અને હાર્ટ એટેકનું જોખમ પણ વધી જાય છે.



### વ્યાયામ કરો

શિયાળામાં વ્યાયામ સૌથી વધારે જરૂરી હોય છે. જો ઠંડીના કારણે તમે બહાર જઈ શકતા ન હોય તો ઘરમાં પણ નિયમિત રીતે ઓછામાં ઓછી 30 મિનિટ કોઈપણ હળવો વર્કઆઉટ કરો. તેનાથી હાર્ટની હેલ્થ સારી રહેશે. ઠંડા વાતાવરણમાં ખાવા-પીવાની આદતોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. હૃદયને સ્વસ્થ રાખવા માટે કેટલીક આદતોનું પાલન કરવું જોઈએ. તમારે સવારે વહેલા ઉઠવું જોઈએ અને દરરોજ યોગા કરવા જોઈએ. શિયાળામાં લોકોને સૂર્યપ્રકાશ ઓછો મળે છે જેના કારણે વિટામિન ડીની ઉણપ થાય છે. વિટામિન ડીની ઉણપને દૂર કરવા માટે, તમારે તમારા આહારમાં પૂરકનો સમાવેશ કરવો જોઈએ.



### પૌષ્ટિક આહાર

શિયાળા દરમિયાન હાર્ટ પેશન્ટે પોતાના આહારનું ખાસ ધ્યાન રાખવું. હાર્ટની હેલ્થી રાખવા માટે ડાયેટમાં ફળ, લીલા શાકભાજી, નટ્સ અને આખા અનાજનું પ્રમાણ વધારવું.



### હાઈડ્રેટ રહો

આ ઋતુમાં હેલ્થી રહેવું હોય તો દિવસ દરમિયાન જરૂરી માત્રામાં પાણી પીતા રહેવું તેના કારણે બ્લડપ્રેશર કંટ્રોલમાં રહેશે અને હાર્ટ એટેકનું જોખમ પણ ઘટી જશે.



### સ્ટ્રેસ મેનેજમેન્ટ

જે લોકોની લાઈફસ્ટાઈલ દોડધામ ભરેલી હોય અને સતત સ્ટ્રેસ રહેતો હોય તેમણે સ્ટ્રેસ મેનેજમેન્ટ પર ધ્યાન આપવું. સ્વાસ્થ્ય નિષ્ણાંતો અનુસાર હાર્ટ પેશન્ટ માટે સ્ટ્રેસ જોખમી છે.



### ગરમ કપડા પહેરવા

શિયાળામાં જરૂરી છે કે તમે ગરમ કપડાં પહેરો. ઘણા લોકો ઠંડીમાં પણ ફેશન માટે ગરમ કપડાં પહેરવાનું ટાળે છે. પરંતુ આમ કરવું તમારા જીવનને જોખમમાં મૂકી શકે છે. ઠંડીમાં હંમેશા આખું શરીર કવર થાય તેવા ગરમ કપડાં પહેરીને જ બહાર નીકળવું જોઈએ.

# હાઈ બીપીના દર્દીઓ માટે ઉત્તમ છે કિસમિસ

શરીરમાં લોહીની ઉણપ એટલે કે હિમોગ્લોબિન ઓછુ હોવાને કારણે ઘણી શારિરીક તકલીફોનો સામનો કરવો પડે છે. એચબી ઓછુ થવાને કારણે લાલ રક્તકણો ઘટવા લાગે છે, જેના કારણે શરીરમાં લોહી ઘટે છે. જો આ લાંબા સમય સુધી થાય છે, તો શરીરમાં થાક, નબળાઇ અને ઉર્જાનો અભાવ લાગે છે. આયર્ન યુક્ત ખોરાક ખાવાથી લોહીની ઉણપની ભરપાઈ કરી શકાય છે. એનિમિયા દૂર કરવા માટે કિસમિસ ખાવી ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ત્યારે આવો જાણીએ કિસમિસનું સેવન કેવી રીતે કરવું ? શરીરમાં લોહી વધારવા, હિમોગ્લોબીન વધારવા અને આયર્નની ઉણપને દૂર કરવા માટે કિસમિસ પલાળીને ખાવી જોઈએ. પલાળેલી કિસમિસ ખાવાથી આયર્નની ઉણપ દૂર થાય છે. તે પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ફાઈબર પ્રદાન કરે છે. દરરોજ કિશમિશ ખાવાથી એનિમિયા જેવી બીમારી દૂર થઈ શકે છે. આ માટે લગભગ 20-25 કિસમિસને ધોઈને 1 કપ સ્વચ્છ પાણીમાં પલાળી દો. સવારે ઉઠીને સૌથી પહેલા કિસમિસનું પાણી પીવો. ત્યાર બાદ પલાળેલી કિસમિસને ચાવીને ખાઓ.



### પલાળેલી કિસમિસ ખાવાના ફાયદા

- પલાળેલી કિસમિસ ખાવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.
- દરરોજ પલાળેલી કિસમિસ ખાવાથી ભરપૂર ફાઈબર મળે છે, જે કબજિયાત અને પાચન સંબંધી સમસ્યાઓથી રાહત આપે છે.
- કિસમિસને કેલ્શિયમનો સારો સ્ત્રોત માનવામાં આવે છે. આ હાડકા અને દાંતને મજબૂત બનાવવામાં મદદ કરે છે.
- જે લોકોને શ્વાસની દુર્ગંધ આવતી હોય તેઓએ પણ દરરોજ પલાળેલી કિસમિસનું સેવન કરવું જોઈએ.
- હાઈપરટેન્શન અને હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓએ દરરોજ પલાળેલી કિસમિસનું સેવન કરવું ફાયદાકારક છે.
- જે લોકોનું વજન આસાનીથી વધતું નથી તે લોકોએ દરરોજ પલાળેલી કિસમિસનું સેવન કરવું જોઈએ, તેનાથી વજન તંદુરસ્ત રીતે વધે છે.
- પલાળેલી કિસમિસની સાથે કિસમિસનું પાણી પીવું પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે.

# હળદરવાળું દૂધ પીવાથી વધી જાય છે આ તકલીફો

જે લોકોને પાચન સંબંધિત તકલીફ રહેતી હોય તેમણે આ સ્થિતિમાં હળદર વાળું દૂધ પીવાનું ટાળવું. હળદર વાળું દૂધ પીવાથી પેટ ફુલવાથી લઈને અપચો અને ઝાડા જેવી સમસ્યાઓ થઈ શકે છે. ઘણા લોકોને દૂધ અને હળદર મિક્સ કરીને પીવાથી સ્કીન પર એલર્જી થઈ જાય છે. જો આવું થતું હોય તો હળદર વાળું દૂધ પીતા પહેલા એક્સપર્ટ ની સલાહ લેવી. ગોલ્ડ બ્લેડર સંબંધિત તકલીફ હોય તો હળદરવાળું દૂધ પીવાથી બચવું. હળદર પિત્ત શરીરમાં વધારે છે. હળદર વાળું દૂધ પીવાથી અસુવિધા વધી શકે છે. સાથે જ પિત્તાશયની સમસ્યા પણ વધી જાય છે. કિડની સંબંધિત સમસ્યા હોય એવા લોકોએ પણ હળદર વાળું દૂધ પીવાનું ટાળવું. જો હળદર વાળું



દૂધ પીવામાં આવે તો પથરી જેવી તકલીફ વધી જાય છે. લોકોને શરીરમાં રક્તની ઉણપ હોય એટલે કે એનિમિયા હોય તેમણે પણ હળદર વાળું દૂધ ન પીવું. હળદર શરીરની આયરનને અવશોષિત કરવાની ક્ષમતા ઘટાડે છે. જેના કારણે શરીરમાં આયરનની ખામી સર્જાય છે.

# જીવનના આ અધ્યાયને પુરો કરવા કેટ કેટલા પ્રયત્નો કર્યા કરું છું પરંતુ પૂર્ણતા આરે આવતા જ બધું ફેલ થઈ જાય છે

જીવન ના આ અધ્યાય ને પુરો કરવા કેટ કેટલા પ્રયત્નો કર્યા કરું છુ પરંતુ પૂર્ણતા આરે આવતા જ બધું ફેલ થઈ જાય છે. બિચારા અનુભવ ની મુમતાજ મહલ માં શું દશા થઈ હશે? જીવતો હશે કે એ પણ ગેસ ચેમ્બર માં સ્વાહા થઈ ગયો હશે. શું કરું? ફરી એ ડાકણ ભવન માં એન્ટ્રી લેવા માટે.કંઈ તરકીબ સૂઝતી નથી,અત્યાર સુધી માં ભારત ની ગુપ્તચર એજન્સી ના પંચાસ માણસોના ડાકણ ચિકન ટિક્કા બનાવીને આરોગી ગઈ છે.ચારે બાજુએ નોરમન્ડી માં જ્યાં પણ નજર કરો ત્યાં બેગમ ના માણસોની તીર જેવી નજર લાગેલી હોય છે.જ્યારથી ડાકણ ના પેલેસ માંથી સી.બી.આઈ ના માણસો પકડાયા છે ત્યાર થી ડાકણ નો શક ભારતીય લોકો પર વધી જતાં કડક બંદોબસ્ત ગોઠવી દીધી અને ઉપરથી એના ગુંડાઓ ની દાદાગીરી આવડે કે ના આવડે સાચું ખોટું ફ્રેન્ચ બોલી બોલીને ઈન્ડીયન લગતા લોકો ને પરેશાન કર્યા કરે છે.હેડ ક્વાર્ટર માં જવાબ શું આપવો સમજાતું નથી? એન કાઉન્ટર બ્લેક ડાયન પ્રોજેક્ટ કલોઝ કે ઓપન. ઓપન તો નવું સ્ટેપ લેવા માટે નવું નિશાન કોને બનાવવું?

નોરમન્ડી ના ઉછળતા દરિયાના મોજા વધારે તોફાની બની રહ્યા હતા લાગતું હતું કે દરિયા માં મોટું તોફાન આવશે ને અર્ધ નગ્ન હાલત માં બેઠેલ સહેલાણીઓ ને મોજા ના વહેણ માં બધાને એની સાથે ખેંચી જશે પરંતુ ઘૂઘવતા તોફાની મોજા ની સતત થપાટ પડતાં પણ સહેલાણીઓ ના મન મસ્તિષ્ક પર ખાસ અસર નહતી થતી.ડરવાના બદલે એ લોકો દરિયાના પાણી ને એન્જોય કરતાં હતાં. ત્રણચાર ફૂટ ઊંચા મોજા જમીન પર સૂતેલ અર્ધ નગ્ન સહેલાણીઓ પર પડ્યા બાદ લાગતું હતું કે બીચ પર માત્ર દરિયાઈ માટી રહેશે પરંતુ નજરે જોયેલું અને મનમાં વિચારેલ બધું ખોટું સાબિત થતું હતું. દૂર દૂર વેશ પલટો કરીને બેઠેલ મનું ગુપ્તા ની નજર દરિયાના મોજાની અટ ખેલિયા નિહાળવા માં વ્યસ્ત હતી.

બેત્રણ દિવસ થી મનું ગુપ્તા ને જમવાનું મળ્યું નહતું ને રૂપિયા ખિસ્સા માં ખલાસ થતાં સિગારેટ પીધી નહતી એટલે એનું માથું સખત ભારે થઈ ગયું હતું.સિગારેટ નું વ્યસન કોલેજ કાળ થી હોવાના લીધે 'એન કાઉન્ટર બ્લેક ડાયન' પ્રોજેક્ટ વિશે આગળ શું કરવું એને સમજાતું નહતું? બેગમ ના ગુંડાઓ નો ત્રાસ વધતા બીચ પર સહેલાણીઓ એ ભિખારી સમજી દાન કરતી હતી એ કરવાનું બંધ કર્યું. ભૂલથી સિગારેટ નો એકાદ કશ ખેચવા મળી જાય એ આશા એ સવાર થી બેઠેલ મનું ગુપ્તા ની મનની તાકાત ઘટવા લાગી. એ બેભાન થઈને ઢળી પડે એ પહેલાં અજાણી વ્યક્તિ એ આવીને એને હાથ પકડી ઉભો કર્યો. આ વ્યક્તિ એને એની સાથે કાર મા બેસાડી ને શહેર બહાર ના ખંડેર માં લઈ ગઈ. બેભાન હાલત માં મનું ગુપ્તા ને ખ્યાલ નહતો કે એ ક્યાં અને કોની સાથે છે? જ્યારે એની આંખ ખુલી ત્યારે એ ખંડેર લગતા ઓરડા માં નિવસ્ત્ર સૂતો હતો અને આસપાસ નજર કરતા જોયું તો કોઈ દેખાતું નહતું. બેડ પરથી બેઠા થતાં ખુદ ને એનર્જી યુક્ત અનુભવતા એ ખુશ ખુશાલ થતાં મોટે થી બોલ્યો કે કોણ મને લાવ્યું અહીંયા? ભૂત કે ભગવાન.ખંડેર માં મનું ગુપ્તા ના અવાજ ના પડઘા ને જવાબ મળિયો 'નરગીસ'



## મર્ડર મિસ્ટ્રી કેસ

**- રુપાલી દવે**

ધીમે ધીમે ઓરડા તરફ નરગીસ ના પગરવ સંભળાતા મનું ગુપ્તા એ ફટાફટ ચાદર શરીરે વીંટાળી દીધી. નરગીસ એ મનું ગુપ્તાની નજીક આવીને લાઇટર થી સિગારેટ સળગાવી ને બે કશ સિગારેટ ના લીધા બાદ મનું ના મોં માં સિગારેટ મૂકતાં પૂછ્યું કે ઓળખાણ પડી કોણ છું હું? સિગારેટ નો કશ લઈને ધુમાડા હવા માં ઉડાડતા ઉડાડતા મનું ધીમેથી બોલ્યો 'નરગીસ'.યુસુફ ની હોટેલ ની રખેવાળ. સાચું બોલ કેમ મને અહીંયા લાવી ને કેદ કર્યો છે? અનુભવ નું તમે લોકો એ શું કર્યું? બિચારા મારા દોસ્ત નું ગેસ ચેમ્બર માં ખૂન કરીને એના ચામડા પર પણ મસાલો નાખીને નરાધમો તમે બધા ખાઈ ગયા લાગો છો.

સિગારેટ ના એક જ કશ માં જ મનું ની બગડેલી હાલત નિહાળતા નરગીસ સમજી ગઈ કે બંદે મે કુછ દમ નહિ હૈ. યે બંદા આપન કો પાકિસ્તાન તક પોહચાને મે કામ આ શકતા હે.યુસુફ કી ચુંગલ સે નિકલ ને કા મોકા યે આદમી હિ દેંગા. મૌલવી સાહેબ કા ફરમાન સહી નિકલા,એસે બંદે કો ઢુંઢો જો શહેર મે સબસે ગરીબ હો. યે આદમી કો યહા રખના આફત કો દાવત દેના જૈસા હે.યે આદમી કો યુસુફ કી નજર સે દુર રખના પડેંગા વરના સારે પ્લાન પર પાની ફિર જાયેંગા.યુસુફ ખંડેર મે રાત કો જુલી કે સાથ રંગ રલિયા મનાને આતા હૈ તો યહાં રખના સેફ નહિ હૈ. અચાનક નરગીસ ના મગજ માં આઈડિયા આવ્યો ને એણે બેભાન મનું ગુપ્તાને ઉભો કરીને એનો એક હાથ મનું ના ખંભે મૂક્યો ને બીજો કમર માં વીંટાળી ને ખંડેર થી મુમતાજ વિલા સુધી જતા અંધારિયા ગુપ્ત રસ્તા પર ચાલવા લાગી.

બેભાન થઈ ગયા નો ડોળ કરતો મનું ગુપ્તા સમજી ગયો કે નરગીસ એને યુસુફ થી બચાવી ને એવી જગ્યા એ લઈ જાય છે જ્યાં ખાસ એની નજર મારા પર ના પડે. બીચ પર દૂર થી આવતી નરગીસ ને જોતાજ સમજી ગયો હતો કે ઓપરેશન 'એન કાઉન્ટર બ્લેક ડાયન' પુનઃ ઓપન થવા જઈ રહ્યું છે. પ્રદ્યુમ્ન સર નો લાસ્ટ મેસેજ કે પ્રોજેક્ટ કોઈ પણ કારણોસર ક્લોઝ નથી કરવાનો. ભાઈજાન નું ફેમિલી પણ દેશ છોડી ને અન્ય દેશ ભાગી ચૂક્યું છે એટલે પ્રથમ બ્લેક ડાયન નો વધ અને બાદમાં બીજો પ્રોજેક્ટ 'કીલ કોબ્રા' હાથ ધરવો પડશે. બંધ આંખે મનું ગુપ્તા નરગીસ ના ખેચવા મુજબ ખેચાઈ ને ચાલતા ચાલતા એક ઓરડા આગળ એ ઊભી રહી ગઈ. ઓરડા ની અંદર મનું ગુપ્તા ને ફેંકી ને પુનઃ દરવાજો બંધ કરીને તાળું મારી ને ત્યાંથી નીકળી ગઈ.

કલાકો થી આંખ બંધ હતી એટલે આંખો ખોલતા મનું ગુપ્તા ને પ્રથમ અંધારું છવાઈ ગયેલું લાગ્યું ને એ બાદ બધું સ્પષ્ટ દેખાવવા લાગ્યું. આખો ઓરડો ખાલી ખમ હતો ત્યાં લાઈટ ની કે અન્ય ઈલેક્ટ્રિક ઉપકરણો ની વ્યવસ્થા નહતી. મહિનાઓથી ઓરડો સાફ થયો ના હોય એટલી ધૂળ જાળા બધેય દેખતા હતા. આખા ઓરડા મા એકજ પલંગ હતો ને સી સી ટીવી કેમેરા તો હતા પરંતુ બંધ લગતા હતા. લગભગ પાંચ મહિના બાદ મનું ગુપ્તા પુનઃ ડાયન ના અડ્ડા પર પરત ફર્યો હતો છતાંય સી સી ટીવી કેમેરા દ્વારા બેગમ ની રડાર રહેતી હતી એનાથી એ વાકેફ હતો. નરગીસ અને યુસુફ ડાયન ના ખાસ m ખાસ માણસો હતા. નરગીસ એ યુસુફ થી મને છુપાવવા માટે આ ઓરડો પસંદ કર્યો મતલબ કદાચ સી સી ટીવી કેમેરા ઓરડા ના બંધ હશે.

મનું ગુપ્તા વિચારવા લાગ્યો કે કદાચ આ નરગીસ અને યુસુફનું ષડ્યંત્ર હશે તો? અભિનવ નું ગેસ ચેમ્બર માં કાસળ કાઢી ને મને ફસાવી ને મરાવવા માંગતા હશે તો? પ્રદ્યુમ્ન સર કાયમ કહેતા હતા કે શિકારી ના શિકાર થવામાં સમસ્યા નથી શિકાર તો શિકારી થી ગમેતેમ કરીને છૂટી પણ શકે છે. પરંતુ શિકારી એ શિકાર ના ગળામાં મોતનો ગાળિયો મૂક્યો તો..છટકવું મુશ્કેલ બની જાય છે. શું કરવું? ત્યાં અચાનક મનું ગુપ્તા ની નજર પલંગ નીચે લબડતા હાડ પિંજર બનેલ કપાયેલા આંગળા વાળા પગ તરફ ગઈ. આસપાસ ઉપર નીચે નજર કરીને ધીમેથી પલંગ ઉપર ની વ્યક્તિ જોવા સહેજ કમર થી ઉભો થયો. વ્યક્તિ નું મોઢું નિહાળતા જ એના મોઢા માંથી હળવી ચિશ નીકળી ગઈ..કોણ? તું..દોસ્ત.

# વાળ ખરતા અટકશે આ ઉપાયથી



ખરાબ આહાર, તણાવ, પ્રદૂષણ અને બગડતી જીવનશૈલીને કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે. આમાંથી એક છે વાળ ખરવાની સમસ્યા. વાળ ખરવાથી તમને ટાલ પણ પડી શકે છે. વાળ ખરવાની સમસ્યાને દૂર કરવા માટે લોકો ઘણા પ્રકારના કેમિકલ ઉત્પાદનોનો ઉપયોગ કરે છે. જો કે ઘરેલું ઉપચારથી વાળ ખરતા અટકાવી શકાય છે. ચાલો તમને વાળ ખરતા રોકવાના અસરકારક ઉપાયો વિશે જણાવીએ.

### એલોવેરા જેલ

એલોવેરા જેલ એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિફંગલ ગુણોથી ભરપૂર છે. તે વાળને પોષણ આપે છે અને ખોપરી ઉપરની ચામડીને ચેપથી બચાવે છે. તેના ઉપયોગથી વાળ ખરતા પણ રોકી શકાય છે. આ માટે એલોવેરાના પાનની જેલ કાઢી લો. તેને વાળના મૂળમાં લગાવો અને અડધા કલાક પછી માથું ધોઈ લો.

### ડુંગળીનો રસ

ડુંગળીનો રસઃ ડુંગળીના રસનો ઉપયોગ વાળની સંભાળ માટે ઘણી રીતે કરવામાં આવે છે. વાળ ખરતા અટકાવવામાં પણ ફાયદાકારક છે. તેમાં રહેલા ગુણો ખોપરી ઉપરની ચામડીમાં રક્ત પરિભ્રમણને સુધારે છે. વાળ ખરતા અટકાવવા ઉપરાંત તે વાળના વિકાસને પણ ઝડપી બનાવે છે. આને લાગુ કરવા માટે, એક તાજી ડુંગળી કાપો. ઝીણી સમારેલી ડુંગળીનો રસ કાઢીને માથાની ચામડી પર લગાવો. લગભગ અડધા કલાક પછી, તમારા માથાને શેમ્પૂથી સારી રીતે ધોઈ લો.

# એઆર રહેમાન-સાયરાના છૂટાછેડા મોહિની ડેના કારણે થયા?



## બેન્ડ મેમ્બરનું પહેલું નિવેદન, કહ્યું- કૃપા કરીને મારી ગોપનીયતાનો આદર કરો...

(એજન્સી) મુંબઈ | તા.23

એઆર રહેમાન અને તેના બેન્ડના સભ્ય મોહિની ડેએ તે જ દિવસે તેના પાર્ટનરથી અલગ થવાની જાહેરાત કરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. 19 નવેમ્બરના રોજ, રહેમાન અને તેની પત્ની સાયરા બાનુએ તેમના 29 વર્ષના લગ્નજીવનના અંતની જાહેરાત કરી. તેના થોડા સમય પછી, મોહિની ડેએ પણ તેના પતિથી છૂટાછેડા લેવાની વાત કરી. એક સાથે આ સમાચારે સોશિયલ મીડિયા પર હલચલ મચાવી દીધી અને અફવાઓ ફેલાવા લાગી કે મોહિનીને કારણે રહેમાન અને સાયરાનો સંબંધ તૂટી ગયો. મોહિનીએ હવે આ અફવાઓ પર પોતાનું મૌન તોડ્યું છે.

મોહિની ડેએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું કે તેને ઘણા ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવી છે, પરંતુ તે આ અંગે કંઈપણ સ્પષ્ટ કરવા માગતી નથી. તેણે લખ્યું, 'મને ઈન્ટરવ્યૂ માટે ઘણા બધા મેસેજ આવી રહ્યા છે, અને મને ખબર છે કે આ બધું કેમ થઈ રહ્યું છે.'




આ પછી મોહિનીએ તેના અંગત જીવનનું સન્માન કરવાની અપીલ કરી અને કહ્યું, 'આ અફવાઓને વધુ વધારવાનો મારો કોઈ ઈરાદો નથી. મારો સમય આ બાબતોમાં ન ખર્ચવો જોઈએ. કૃપા કરીને મારી ગોપનીયતાનો આદર કરો.'

અગાઉ, એઆર રહેમાનના પુત્ર એઆર અમીને પણ તેના માતાપિતાના છૂટાછેડાની અફવાઓ પર પ્રતિક્રિયા આપી હતી. તેણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'મારા પપ્પા એક લિજેન્ડ છે, અને માત્ર તેમના કામને કારણે નહીં, પરંતુ તેમણે વર્ષોથી મેળવેલા સન્માન અને પ્રેમને કારણે પણ. મને દુ:ખ છે કે ખોટી અફવાઓ ફેલાઈ રહી છે. આપણે સમજવું જોઈએ કે જ્યારે આપણે કોઈના વિશે વાત કરીએ છીએ, ત્યારે સત્ય અને આદર સૌથી મહત્ત્વપૂર્ણ છે. કૃપા કરીને ખોટી અફવાઓ ફેલાવવાનું ટાળો.'

મોહિની ડે અને તેમના પતિ માર્ક હાર્ટશે પણ એક પોસ્ટમાં તેમના અલગ થવાની જાહેરાત કરી હતી. તેણે લખ્યું, 'અમે પરસ્પર સહમતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે. અમારી વચ્ચે સમજણ છે અને અમે સારા મિત્રો બનીને રહીશું. અમે મામોગી અને મોહિની ડે ગ્રુપ સહિત ઘણા પ્રોજેક્ટ પર સાથે કામ કરીશું. અમે એકબીજા સાથે જે સારા કામ કરીએ છીએ તેના પર અમને હંમેશા ગર્વ છે અને તે ચાલુ રહેશે.'

# નીલમ કોઠારીએ ગોવિંદા સાથેના અફેર પર મૌન તોડ્યું...



## કહ્યું- ઘણી ફિલ્મોમાં સાથે કામ કરવું ડેટિંગ નથી, પણ એક્ટર તેના પ્રેમમાં હતો

નીલમ કોઠારી અને ગોવિંદાએ સાથે ઘણી ફિલ્મો કરી છે. બંનેએ પહેલીવાર ફિલ્મ 'ઈલઝામ'માં કામ કર્યું હતું. બંનેની કેમેસ્ટ્રી લોકોને ખૂબ પસંદ આવી હતી. આ પછી બંનેએ પોતાના કરિયરમાં 14 ફિલ્મોમાં સાથે કામ કર્યું. નીલમ અને ગોવિંદાની જોડી એટલી પસંદ કરવામાં આવી કે તેમના અફેરની ચર્ચાઓ થવા લાગી. એવી પણ અફવા હતી કે ગોવિંદા એ ક્ષણે નીલમ સાથે પ્રેમમાં પડી ગયો હતો જ્યારે તેણે તેને પહેલી વાર જોઈ હતી. હાલમાં જ નીલમે ગોવિંદા સાથેના તેના અફેર અંગે પ્રતિક્રિયા આપી છે.

### નીલમે ગોવિંદા સાથેના અફેરની વાતને નકારી કાઢી

હોટરફ્લાય સાથે વાત કરતી વખતે નીલમે કહ્યું, ગોવિંદા અને મારું અફેર નહોતું. લિંકઅપ્સ એ એક ખેલનો ભાગ છે, તે સમયે લોકો જે પણ પ્રકાશિત કરવા માગતા હતા તે પ્રકાશિત થયું અને અફવાઓ પર સ્પષ્ટતા આપવા માટે ત્યાં કોઈ નહોતું. કારણ કે તે સમયે અમે પ્રેસથી ડરતા હતા. તે સમયે, તમે કોઈની સાથે 2-3 થી વધુ ફિલ્મો કરી હતી, તો પછી ડેટિંગની અફવાઓ ઉડવા લાગતી હતી. નીલમે વર્ષ 2011માં એક્ટર સમીર સોની સાથે લગ્ન કર્યા હતા. નીલમને પ્રેમ કરતો હતો ગોવિંદા જો ગોવિંદાની વાત કરીએ તો 1990માં સ્ટારડસ્ટ સાથેની વાતચીત દરમિયાન તેણે કહ્યું હતું કે તે નીલમના પ્રેમમાં છે. ગોવિંદાએ કહ્યું, હું નીલમના દરેક જગ્યા પર વખાણ કરતો. હું સુનીતાને પણ તેના જેવું બનવા માટે કહેતો હતો. વાતચીતમાં ગોવિંદાએ કહ્યું કે, સુનીતા અને મારી વચ્ચે ઝઘડો થયો હતો, લડાઈ બાદ હું સુનીતા સાથેના સંબંધોને ખતમ કરવા તૈયાર થઈ ગયો હતો. મેં સુનિતાને કહ્યું કે મને છોડી દે, મેં તેની સાથેની સગાઈ તોડી નાખી અને જો સુનિતાએ પાંચ દિવસ પછી મને ફોન કરીને ફરીથી સગાઈ કરવા માટે મનાવ્યો ન હોત તો કદાચ મેં નીલમ સાથે લગ્ન કરી લીધા હોત. ગોવિંદા નીલમ સાથે લગ્ન કરવા માગતો હતો તેણે આગળ કહ્યું, હું તેની સાથે લગ્ન કરવા માગતો હતો. અને મને નથી લાગતું કે તેમાં કંઈ ખોટું છે. જોકે, આ પછી તરત જ ગોવિંદાએ સુનીતા સાથે લગ્ન કરી લીધા. નીલમની છેલ્લી ફિલ્મ વર્ષ 2001માં આવી હતી નીલમના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે છેલ્લે 2001માં ફિલ્મ 'કસમ'માં જોવા મળી હતી. અને 2023 માં, તે વેબ શો મેડ ઈન હેવનમાં જોવા મળી હતી. હાલમાં જ તેના શો 'ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલિવૂડ વાઈવ્સ'ની ત્રીજી સીઝન રિલીઝ થઈ છે. આ શોમાં નીલમની સાથે રિદ્ધિમા કપૂર સાહિની, સીમા સજદેહ, મહિપ કપૂર, ભાવના પાંડે, શાલિની પાસી અને કલ્યાણી સાહા ચાવલા છે.

# તમન્ના ભાટિયા અને વિજય વર્માના મેરેજ નક્કી...?

## બંને લક્ઝરી એપાર્ટમેન્ટની શોધમાં, 'લસ્ટ સ્ટોરીઝ 2'ના શૂટિંગ પછી નજીક આવ્યા...

(એજન્સી) મુંબઈ | તા.23



બોલિવૂડ કપલ વિજય વર્મા અને તમન્ના ભાટિયા આ દિવસોમાં તેમના લગ્નના સમાચારને કારણે ચર્ચામાં છે. અહેવાલો અનુસાર, બંને એક લક્ઝરી એપાર્ટમેન્ટની શોધમાં છે, જેના કારણે એવી અટકળો ચાલી રહી છે કે તેઓ લગ્ન પછી સાથે રહી શકે છે. જો કે હજુ સુધી આ અંગે કોઈપણ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

વિજય વર્મા અને તમન્ના ભાટિયા છેલ્લા કેટલાક સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. બંને ઘણીવાર સાથે જોવા મળે છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં વિજયે તેના અને તમન્નાના બોન્ડિંગ વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે જ્યારે તેમની ડેટિંગના સમાચાર સામે આવ્યા તો લોકોની પ્રતિક્રિયાએ તેમને આશ્ચર્યચકિત કરી દીધા. Mashable India સાથે વાત કરતી વખતે વિજયે કહ્યું, લોકોને મારી લવ લાઈફમાં કેટલો રસ છે તે જોઈને હું ચોંકી ગયો હતો, પરંતુ હવે મને તેની આદત પડી ગઈ છે. તેણીએ એમ પણ કહ્યું કે તેનો સંબંધ મજબૂત અને પ્રેમાળ છે અને તે હવે પબ્લિક અટેંશનનો આનંદ માણી રહ્યા છે. વિજય અને તમન્ના વચ્ચેના સંબંધો 'લસ્ટ સ્ટોરીઝ 2'ના શૂટિંગ પછી શરૂ થયા હતા. શૂટિંગ દરમિયાન, તે બંને ફક્ત કો-સ્ટાર હતા અને સેટ પર એકબીજા સાથે પ્રોફેશનલ રીતે વ્યવહાર કરતા હતા.

શૂટિંગ પૂરું થયા પછી વિજયે તમન્નાને ડેટ પર પૂછ્યું અને ધીમે ધીમે બંને નજીક આવ્યા. તમન્નાએ ગયા વર્ષે જૂનમાં એક ઈન્ટરવ્યુમાં આ સંબંધની સત્તાવાર પુષ્ટિ કરી હતી.

# મન્સૂર કાજોલને શાહરુખની બહેન બનાવવા માગતો હતો

(એજન્સી) મુંબઈ | તા.23

પ્રોડ્યુસર મન્સૂર ખાને તાજેતરમાં જ ફિલ્મ 'જોશ' વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે પહેલા તે આ ફિલ્મમાં કાજોલને શાહરુખની બહેનના રોલમાં કાસ્ટ કરવા માગતો હતો, પરંતુ તે બંને પહેલાથી જ રોમેન્ટિક કપલ તરીકે ફેમસ થઈ ગયા હતા. આવી સ્થિતિમાં મન્સૂરે ઐશ્વર્યા રાય બચ્ચનને શાહરુખ ખાનની બહેનના રોલમાં કાસ્ટ કરી હતી.

ઈન્ડિયા નાઉ એન્ડ હાઉ પરની વાતચીતમાં, મન્સૂર ખાને સમજાવ્યું કે શા માટે તેણે શાહરુખ અને ઐશ્વર્યાને 'જોશ' ફિલ્મમાં ભાઈ અને બહેન તરીકે કાસ્ટ કરવાનું નક્કી કર્યું. મન્સૂર ખાને કહ્યું, 'જોશ' ફિલ્મમાં ભાઈ-બહેનનો રોલ પણ હતો, જે શાહરુખ ખાન અને ઐશ્વર્યાએ ભજવ્યો હતો. જોકે, હું ઐશ્વર્યાને બદલે કાજોલને કાસ્ટ કરવા માગતો હતો. મેં તેને ફિલ્મની સ્ટોરી પણ કહી. પરંતુ કાજોલે સ્ટોરી સાંભળતા જ તે ગુસ્સાથી ઉભી થઈ અને જતી રહી. પછી મેં તેને પૂછ્યું, શું તમે ફિલ્મ કરી રહ્યા છો? તો કહ્યું ના, મારે મેક્સનો રોલ જોઈએ છે અને પછી તે જતી રહી. મન્સૂર ખાને કહ્યું, કાજોલ અને શાહરુખ ખાને અગાઉ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' સિવાય ઘણી અન્ય ફિલ્મો કરી હતી, જેણે તેમની છબી રોમેન્ટિક કપલ તરીકે બનાવી હતી. તો આવી સ્થિતિમાં કાજોલને બહેનના રોલમાં કાસ્ટ કરવી ખોટું હતું. Wમન્સૂર ખાનના કહેવા પ્રમાણે, તેને ડર હતો કે કોઈ મેક્સની બહેનનો રોલ કરવા ઈચ્છશે નહીં, પરંતુ ઐશ્વર્યાએ ખુશીથી ફિલ્મ કરવા માટે હા પાડી. તે સંપૂર્ણપણે પ્રોફેશનલ હતી. તેણે ક્યારેય ફરિયાદ કરી નથી.

# ભાગમ પાર્ટ 2'નું કામ 2025ના મધ્યમાં શરૂ થશે...

(એજન્સી) મુંબઈ | તા.23

લગભગ 18 વર્ષ પહેલા રિલીઝ થયેલી અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ રાવલની સુપરહિટ જોડી ફરી એકવાર 'ભાગમ ભાગ 2'થી ધૂમ મચાવવા આવી રહી છે. 2006માં આવેલી કોમેડી ફિલ્મ 'ભાગમ ભાગ'ની આ સિક્વલની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

બ્લોકબસ્ટર કોમેડી અને લોટપોટ કરનારી પાગલપનની આ દુનિયા પરત ફરવા માટે તૈયાર છે. આ ફિલ્મે દર્શકોને ખૂબ હસાવ્યા. હવે આટલા સમય પછી, આ મોસ્ટ અવેઈટેડ સિક્વલ ફરી એકવાર એ જ જૂના કલાકારો સાથે વાપસી કરી રહી છે. અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ ફરી એકવાર સાથે જોવા મળશે. આ ફિલ્મમાં અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ ફરી એકવાર તેમની જૂની સ્ટાઈલમાં પરંતુ નવા અંદાજમાં જોવા મળશે. 'ભાગમ ભાગ'ને જાણીતા નિર્દેશક પ્રિયદર્શનની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક ગણવામાં આવે છે. રોઅરિંગ રિવર પ્રોડક્શન્સની સરિતા અશ્વિન વર્દે દ્વારા તાજેતરમાં આ ફિલ્મની સિક્વલ માટેના અધિકારો શેમારૂ એન્ટરટેઈનમેન્ટ પાસેથી હસ્તગત કરવામાં આવ્યા છે, જેઓ ફિલ્મની સ્ક્રિપ્ટ પર પણ કામ કરી રહી છે. તે શેમારૂ સાથે મળીને આ ફિલ્મનું નિર્માણ કરશે.

સરિતાએ અશ્વિન વર્દે પાછળ ક્રિયેટિવ ફોર્સ તરીકે કામ કર્યું છે સરિતા લાંબા સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી છે. તે તેના પતિ અશ્વિન વર્દેની પાછળ સર્જનાત્મક શક્તિ રહી છે, જેઓ 'બોસ', 'મુબારકાં', 'કબીર સિંહ', 'OMG-2' અને 'ખેલ ખેલ મેં' જેવી ફિલ્મોના નિર્માતા પણ છે. આ સિક્વલ હજુ વધુ ક્રેઝી અને મજેદાર હશે એવું કહેવામાં આવી રહ્યું છે કે 'ભાગમ પાર્ટ 2'નું કામ 2025ના મધ્યમાં શરૂ થશે. ફિલ્મના નિર્માતાઓએ વચન આપ્યું છે.



# દિલજીત દોસાંઝે ભારતીય સિનેમા પર નિશાન સાધ્યું...

## કયા મોટા અભિનેતાએ દારૂ પર ગીત કે સીન નથી કર્યા? ગીતો જેમ જ ફિલ્મો પર સેન્સરશિપ લગાવો

(એજન્સી) મુંબઈ | તા.23

દિલજીત દોસાંઝે ફરી એકવાર સરકારને ખુલ્લો પડકાર આપ્યો છે . વધુમાં , તેણે ' આલ્કોહોલ ' ને લગતા તેના ગાવામાં આવેલા ગીતો પર મીડિયામાં ઉઠાવેલા મુદ્દાઓ પર પણ પ્રતિક્રિયા આપી હતી . તાજેતરમાં, તેલંગાણા સરકારે તેના દિલ લ્યુમિનાટી પ્રવાસ દરમિયાન દારૂ સંબંધિત ગીતો , ખાસ કરીને ' પટિયાલા પેગ ' અને ' પંજ તારા ' ગીતો સામે વાંધો ઉઠાવ્યો હતો . સરકારે દિલજીતને વિનંતી કરી હતી કે તે આ ગીતોને તેના કોન્સર્ટમાંથી દૂર કરે

22 નવેમ્બરે લખનૌમાં પરફોર્મ કરતી વખતે દિલજીતે આ અંગે પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે , ' મારી કોઈ સાથે કોઈ સ્પર્ધા નથી , કોઈ ' વિરોધ' નથી . જ્યારથી મેં ભારતનો પ્રવાસ શરૂ કર્યો છે , પછી ભલે તે દિલ્હી , જયપુર કે હૈદરાબાદ હોય, ત્યાં ખૂબ જ સારા લોકો હતા . અમદાવાદ અને હવે લખનૌ. લખનૌમાં રહીને મને ખૂબ સારું લાગે છે . ઘણો પ્રેમ મળી રહ્યો છે . આભાર મિત્રો.

ત્યાર બાદ દિલજીતે કહ્યું , ' થોડા દિવસો પહેલા તે મને ચેલેન્જ આપી રહ્યા હતા કે, 'શરાબ ' વગરનું કોઈ ગીત હિટ કરી બતાવો . તમારી માહિતી માટે , હું તમને જણાવી દઉં કે મારા ઘણાં ગીતો એવાં છે જે ' પટિયાલા પેગ ' કરતાં વધુ સ્ટ્રીમ થાય છે . તેથી જે તમે પડકાર ફેંક્યો હતો તે એમ જ નકામો બની ગયો છે,

'મારી પાસે પહેલેથી જ ઘણાં ગીતો છે જે હિટ છે . ' પટિયાલા પેગ ' કરતાં ઘણું વધારે . તો અહીં તેમનો જવાબ છે . બીજું , હું મારા ગીતોનો બચાવ કરતો નથી . હું મારો બચાવ નથી કરી રહ્યો . હું માત્ર એટલું જ ઈચ્છું છું કે જો તમે ગીતો પર સેન્સરશિપ લાદવા માગતા હોવ તો ભારતીય સિનેમામાં પણ તે સેન્સરશિપ થવી જોઈએ . બરાબર., દિલજીતે કહ્યું , ' ભારતીય સિનેમાના કયા મોટા અભિનેતાએ દારૂ પર ગીત કે સીન નથી કર્યા ? છે કોઈ યાદ આવી રહ્યું છે ? મને તો કંઈ યાદ નથી આવતું. તેથી જો તમારે સેન્સરશીપ લાદવી હોય તો કૃપા કરીને તેને દરેક પર લાદી દો . હું એટલું જ કહેવા માંગુ છું . હું તે જ દિવસથી બંધ કરીશ . સરકારને તો બાજુ પર છોડી દે છે. તેમણે પોતે કહ્યું કે સરકારને રહેવા દો, તો રહેવા દઈએ છીએ. તમે એક સરખી જ સેન્સરશિપ લગાવી દો જેવી ભારતીય સિનેમામાં છે તેવી જ ગીતો પર લગાવી દો.

'કલાકારો તમને સોફ્ટ ટાર્ગેટ જેવા લાગે છે , તેથી તમે તેમને છંછેડો છો . પરંતુ તમને જણાવી દઈએ કે મેં કરેલી ફિલ્મોને નેશનલ એવોર્ડ પણ મળ્યો છે તેથી અમારું કામ સસ્તું કામ નથી . એવું નથી કે અમે દારૂ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે એવું લખીએ અને ગીતો ગાવાનું શરૂ કરીએ આ બંને બાબતો એકસરખી નથી . એવું ન થવું જોઈએ . એવું લાગશે કે તમે કોઈ ચોક્કસ વ્યક્તિને નિશાન બનાવી રહ્યા છો . તેથી જો તમે આ ખોટા સમાચાર ફેલાવ્યા હોય , તો તેને કહેવાય છે ... ફેક ન્યૂઝ. અને શું ફેક ન્યૂઝ ફેલાવીને મને નુકસાન થયું છે ? કંઈ નથી થયું . શું હું ગુસ્સે છું, શું તમને મારો ચહેરો જોઈને એવું લાગે છે? હું તો નથી. સાચા સમાચાર ફેલાવવાની તમારી નૈતિક જવાબદારી છે તો હું તમને પણ ચેલેન્જ કરું છું કે કૃપા કરીને સાચા સમાચાર બતાવો . ,




'મારી પાસે પહેલેથી જ ઘણાં ગીતો છે જે હિટ છે . ' પટિયાલા પેગ ' કરતાં ઘણું વધારે . તો અહીં તેમનો જવાબ છે . બીજું , હું મારા ગીતોનો બચાવ કરતો નથી . હું મારો બચાવ નથી કરી રહ્યો . હું માત્ર એટલું જ ઈચ્છું છું કે જો તમે ગીતો પર સેન્સરશિપ લાદવા માગતા હોવ તો ભારતીય સિનેમામાં પણ તે સેન્સરશિપ થવી જોઈએ . બરાબર., દિલજીતે કહ્યું , ' ભારતીય સિનેમાના કયા મોટા અભિનેતાએ દારૂ પર ગીત કે સીન નથી કર્યા ?

## ટી20 ફોર્મેટમાં તિલકની આ સતત ત્રીજી સદી છે

# તિલક વર્માએ T20 ક્રિકેટમાં રચ્યો ઈતિહાસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર બોર્ડર ગાવસ્કર ટ્રોફી રમી રહી છે તો બીજી તરફ ભારતમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી રમાઈ રહી છે. જેમાં હાર્દિક પંડ્યાથી લઈને મોહમ્મદ શમી અને તિલક વર્મા જેવા ખેલાડીઓ જોવા મળી રહ્યા છે. ટૂર્નામેન્ટની પહેલી જ મેચમાં તિલક વર્માએ શાનદાર બેટિંગ કરીને મોટો રેકોર્ડ બનાવ્યો છે. તિલકે પહેલી જ મેચમાં શાનદાર સદી ફટકારી હતી. આ સદીએ ઈતિહાસના પાનામાં પોતાનું નામ નોંધાવ્યું છે. ટી20 ફોર્મેટમાં આ તેની સતત ત્રીજી સદી છે. આવું કરનાર તે પ્રથમ ખેલાડી છે. તિલક વર્મા |સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં હૈદરાબાદની કેપ્ટનશીપ કરી રહ્યા છે. હૈદરાબાદની પ્રથમ મેચ મેઘાલય સામે હતી. આ મેચમાં તિલક વર્માએ શાનદાર બેટિંગ કરી હતી અને સદી ફટકારી હતી. આ મેચમાં તિલકે 67 બોલમાં 151 રનની શાનદાર ઈનિંગ રમી હતી. પોતાની ઈનિંગ દરમિયાન તિલકને 14 ચોગ્ગા અને 10 શાનદાર સિક્સર ફટકારી હતી. ટી20 ફોર્મેટમાં તિલકની આ સતત ત્રીજી સદી છે.




તિલક વર્માએ મેઘાલય સામે રમાયેલી મેચમાં માત્ર 67 બોલમાં 151 રનની તોફાની ઈનિંગ રમી હતી. પોતાની ખાસ ઈનિંગ્સ દરમિયાન તેણે 14 ચોગ્ગા અને 10 છગ્ગા ફટકાર્યા હતા અને 225.37ના જબરદસ્ત સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી. તિલકની આ ઈનિંગની મદદથી હૈદરાબાદે 20 ઓવરમાં 248 રન બનાવ્યા અને મેઘાલયના બોલરોની ધોલાઈ કરી હતી.

તિલકે દક્ષિણ આફ્રિકા પ્રવાસમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને બે સદી ફટકારી હતી. જે બાદ તિલક હવે T20 ફોર્મેટમાં સતત ત્રણ સદી ફટકારનાર પ્રથમ બેટ્સમેન બની ગયો છે.

દક્ષિણ આફ્રિકા પ્રવાસ પર રમાયેલી ચાર મેચોની T20 સિરીઝની છેલ્લી બે મેચમાં તિલક વર્માના બેટમાંથી બે શાનદાર સદી જોવા મળી હતી. તિલકે ત્રીજી મેચમાં 107 રન અને ચોથી મેચમાં 120 રનની ઈનિંગ રમી હતી.

આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદે 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 248 રન બનાવ્યા હતા. જેમાં તિલકે 151 રનનું યોગદાન આપ્યું હતું. તિલક સિવાય તન્મય અગ્રવાલે 23 બોલમાં 55 રનની ઈનિંગ રમી હતી. તન્મયે પોતાની ઈનિંગ દરમિયાન 4 ફોર અને 5 સિક્સર ફટકારી હતી. હવે આ મેચમાં હૈદરાબાદની ટીમ ઘણી મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી છે.

## આગામી વર્ષની 15મી માર્ચથી IPLની 18મી સિઝનનો પ્રારંભ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી સિઝનનો 2025ની 14મી માર્ચથી થશે અને તમામ ફ્રેન્ચાઈઝીઓને આ બાબતની જાણકારી આપી દેવામાં આવી છે. વિશ્વની સૌથી ધનાઢ્ય ફ્રેન્ચાઈઝી ક્રિકેટ લીગની 18મી સિઝનની ફાઈનલ 25મી મેએ રમાશે. વેન્યૂની જાહેરાત કરવાની બાકી છે પરંતુ કોલકાતા નાઈટ રાઈડર્સ 2024ની સિઝનમાં ચેમ્પિયન બની હોવાના કારણે ઓપનિંગ અથવા ફાઈનલ મુકાબલો ઈડન ગાર્ડન્સમાં રમાય તેવી સંભાવના છે. જાણકારીના અનુસાર 2026ની સિઝન 15મી માર્ચથી 31મી મેની વચ્ચે તથા 2027ની સિઝન 14મી માર્ચથી 30મી મેચની વચ્ચે રમાડવામાં આવી શકે છે. ફ્રેન્ચાઈઝી ટીમોને મોકલવામાં આવેલા ઈ-મેલમાં બોર્ડે આગામી ત્રણ સિઝનની તારીખોની જાણકારી આપી છે અને આ કારણથી ટીમોને 24મી અને 25મીએ યોજાનારી મેગા હરાજી વખતે આગામી ત્રણ સિઝનની રણનીતિ તૈયાર કરવામાં મદદ મળશે. ત્રણેય સિઝનની ફાઈનલ રવિવારે રમાશે. 2025માં છેલ્લી સિઝનની જેમ 74 મેચો રમાશે. આ સંખ્યા 2022માં રમાયેલી 84 મેચોથી 10 મેચો ઓછી છે. આઈપીએલ 2023-27 સુધીના મીડિયા અધિકારી વેચી નાખવામાં આવ્યા છે. તમામ સભ્ય બોર્ડે બીસીસીઆઈને આગામી ત્રણેય સિઝન માટે પોતાના ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે ખાતરી આપી છે જેના કારણે તમામ 10 ફ્રેન્ચાઈઝીને ઘણો ફાયદો થશે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયન બોર્ડે તેના તમામ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ખેલાડીઓને 2025ની સિઝનમાં રમવા માટે એનઓસી આપી દીધું છે. ઈંગ્લેન્ડે પણ પોતાના 18 સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા ખેલાડીઓની યાદી બોર્ડને આપી છે અને આ ખેલાડીઓ ત્રણેય સિઝન માટે ઉપલબ્ધ રહેશે. શ્રીલંકા, બાંગ્લાદેશ, સાઉથ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, અફઘાનિસ્તાન, ઝિમ્બાબ્વે તથા વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડે પણ પોતાના ખેલાડીઓને મંજૂરી આપી છે.

## ઓસ્ટ્રેલિયા સતત ત્રીજી વખત સેમિફાઈનલમાં, અમેરિકાને હરાવ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ઓસ્ટ્રેલિયાએ અમેરિકાને 2-1થી હરાવીને સતત ત્રીજા વર્ષે ડેવિસ કપ ટેનિસ ટૂર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. બંને ટીમે સિંગલ્સમાં મુકાબલા જીતીને સ્કોર 1-1થી સરભર કર્યો હતો. ત્યારબાદ ડબલ્સ મુકાબલામાં વિજેતા ટીમનો નિર્ણય આવ્યો હતો. મેથ્યૂ એબડેન અને જોર્ડન થોમ્પસનની ઓસ્ટ્રેલિયન જોડીએ બેન શેલ્ટન અને ટોમી પોલની જોડીને 6-4, 6-4થી પરાજય આપ્યો હતો. ઓસ્ટ્રેલિયા 28 વખત ડેવિસ કપ ચેમ્પિયન બન્યું છે. અંતિમ-4મા ઓસ્ટ્રેલિયાનો મુકાબલો ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈટાલી સામે થશે. અન્ય સેમિફાઈનલમાં નેધરલેન્ડ્સ અને જર્મની આમનેસામને થશે. પ્રથમ સિંગલ્સ મુકાબલામાં ઓસ્ટ્રેલિયાના થાનાસી કોકિનાસે ચાર મેચ પોઈન્ટ બચાવીને શેલ્ટનને 6-1, 4-6 (7-6 (14)થી હરાવ્યો હતો. ત્યારબાદ યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમના રનર્સ-અપ ટેલર ફિટ્ઝે વિશ્વના નવમા ક્રમાંકિત એલેક્સ ડી મિનોરને કોઈ પણ મુશ્કેલી વિના 6-3, 6-4થી હરાવીને અમેરિકા માટે સ્કોર 1-1થી સરભર કર્યો હતો. આ પહેલો ઈટાલીએ આર્જેન્ટિનાને 2-1થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આર્જેન્ટિનાના ફ્રાન્સિસ્કો એ લોરેન્ઝો મુસેટ્ટીને 6-4, 6-1થી હરાવ્યો હતો. ત્યારબાદ જાનિક સિનરે સબાસ્ટિયન બાએઝને હરાવીને સ્કોર 1-1થી સરભર કર્યો હતો. ડબલ્સમાં ઈટાલીના સિનર તથા બેરેટ્ટિનીએ ગોન્ઝાલેઝ અને મોલેટેનીની જોડીને 6-4, 7-5થી હરાવીને ટીમને સેમિફાઈનલમાં પહોંચાડી દીધી હતી.



## જસપ્રીત બુમરાહની બોલિંગ એક્શન પર ઉઠ્યા સવાલ!

(એજન્સી) પર્થ । તા. 23

બુમરાહ પર્થ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી રહ્યો છે. સુકાનીપદની સાથે સાથે બુમરાહ બોલિંગમાં પણ શાનદાર રહ્યો છે. પર્થ ટેસ્ટના પહેલા દિવસે બુમરાહે ઓસ્ટ્રેલિયાના ટોપ બેટિંગ ઓર્ડરને ધ્વસ્ત કરી દીધો હતો. બુમરાહે પહેલા દિવસે બોલિંગ કરતા 4 વિકેટ ઝડપી હતી. જે બાદ હવે બુમરાહની બોલિંગ એક્શનને લઈને વિવાદ ઉભો થતો જોવા મળી રહ્યો છે. બુમરાહની બોલિંગ એક્શનને લઈને સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની પ્રતિક્રિયાઓ આવી રહી છે. પર્થ ટેસ્ટના પહેલા દિવસે જસપ્રીત બુમરાહની ખૂબ જ ખતરનાક બોલિંગ જોવા મળી હતી. જે બાદ બુમરાહ ઓસ્ટ્રેલિયન મીડિયામાં પણ ફેમસ થયો હતો. બુમરાહનો જાદુ મેદાનથી લઈને ઓસ્ટ્રેલિયાના અખબારો સુધી જોવા મળ્યો છે. સોશિયલ મીડિયા પર કેટલાક યુઝર્સ બુમરાહની એક્શન પર સવાલ ઉઠાવી રહ્યા છે. જસપ્રીત બુમરાહે ટીમ ઈન્ડિયા માટે પ્રથમ દાવમાં સૌથી વધુ વિકેટ લીધી હતી. બુમરાહે 18 ઓવરમાં 30 રન આપીને 5 વિકેટ લીધી હતી. જેના કારણે કાંગારૂ ટીમ પ્રથમ દાવમાં 104 રનમાં સમેટાઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી બેટિંગ કરતા મિચેલ સ્ટાર્કે સૌથી વધુ 26 રનની ઈનિંગ રમી હતી. ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવમાં બેટિંગ કરતા 150 રન બનાવ્યા હતા. જે બાદ ટીમ ઈન્ડિયા પાસે હવે 46 રનની લીડ છે. ટીમ ઈન્ડિયા અત્યારે ખૂબ જ મજબૂત સ્થિતિમાં દેખાઈ રહી છે.

**બુમરાહે 18 ઓવરમાં 30 રન આપીને 5 વિકેટ લીધી હતી. જેના કારણે કાંગારૂ ટીમ પ્રથમ દાવમાં 104 રનમાં સમેટાઈ ગઈ હતી**



### તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એક મહત્વપૂર્ણ બેઠક યોજશે

## ICC મેદાનમાં ઉતર્યું, ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને PCB અને BCCIની કરાવશે ઈમરજન્સી મીટિંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ને લઈને હજુ સુધી વસ્તુઓ સ્પષ્ટ નથી. પાકિસ્તાનને ટૂર્નામેન્ટની યજમાની કરવાનો અધિકાર છે, પરંતુ ભારતે ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો ઈન્કાર કરી દીધો છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એક મહત્વપૂર્ણ બેઠક યોજશે, જેમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન પાકિસ્તાન (PCB) પણ સામેલ થશે.

આ બેઠક દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફી પર મહત્વનો નિર્ણય લેવામાં આવી શકે છે. રિપોર્ટ્સ અનુસાર ICCની બેઠક વિશે જાણકારી આપવામાં આવી છે. આ ICCની ઈમરજન્સી મીટિંગ હશે, જે 26 નવેમ્બર એટલે કે મંગળવારે યોજાશે. આ ઉપરાંત, એવું પણ કહેવામાં આવ્યું હતું કે 15 ICC સભ્યો ટૂર્નામેન્ટના ભવિષ્ય પર મતદાન કરવા માટે તૈયાર છે. આ ઉપરાંત, તે પણ પ્રકાશમાં આવ્યું છે કે હાઈબ્રિડ મોડલને પણ ઉકેલ તરીકે અપનાવી શકાય છે. એવું કહેવામાં આવ્યું હતું કે સેમિફાઈનલ અને ફાઈનલ તટસ્થ સ્થળો પર યોજવાનો વિચાર પહેલેથી જ ચાલી રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે ભારત સરકારે કથિત રીતે એ વાતનો ઈન્કાર કર્યો છે કે ટીમ ઈન્ડિયા ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન નહીં જાય. જો કે આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ICCની બેઠકમાં ચેમ્પિયન્સ ટ્રોફી પર શું નિર્ણય લેવામાં આવશે. ટીમ ઈન્ડિયાએ છેલ્લે એશિયા કપ માટે 2008માં પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો.

ત્યારબાદ બંને દેશોમાં વધતા રાજકીય તણાવને કારણે ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનનો પ્રવાસ બંધ કરી દીધો હતો. જોકે પાકિસ્તાનની ટીમ ઘણા પ્રસંગોએ ભારતની મુલાકાતે આવી છે. પાકિસ્તાનની ટીમ 2023 ODI વર્લ્ડ કપ માટે ભારતના પ્રવાસે આવી હતી.




## IPLના નવા નિયમથી વિદેશી ખેલાડીઓના બદલાયા સુર

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

વર્ષ 2025-2027ની આઈપીએલની તમામ સીઝનની તારીખો જાહેર કરવામાં આવી છે પરંતુ તેની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. તેવામાં એક નવું અપડેટ સામે આવ્યું છે કે ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ સહિત 7 દેશોએ તેમના ખેલાડીઓને ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી ત્રણ સિઝનમાં ભાગ લેવા માટે છૂટ આપી છે. જોકે આપને એ પણ જણાવી દઈએ કે આમાં પાકિસ્તાનનું નામ સામેલ નથી, જેના ખેલાડીઓ 2008 પછી ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રમ્યા નથી. ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વેએ તેમના ખેલાડીઓને આગામી ત્રણ સીઝન માટે આઈપીએલમાં રમવા માટે છૂટ આપી છે. ઈંગ્લેન્ડની રાષ્ટ્રીય ટીમ માટે રમતા ખેલાડીઓ પણ આગામી ત્રણેય સિઝનમાં રમતા જોવા મળશે.

## મિચેલ સ્ટાર્કે સ્લેજ કરવાની કરી કોશિશ ભારતીય બોલરે આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર સિરીઝની પ્રથમ મેચ પર્થમાં ચાલુ છે. મેચના બીજા દિવસે કાંગારૂ ક્રિકેટર મિચેલ સ્ટાર્ક અને ભારતીય ફાસ્ટ બોલર હર્ષિત રાણા વચ્ચે ફની વાતચીત જોવા મળી હતી. અહીં, જ્યારે હર્ષિતે સ્ટાર્કને બોલ ફેંક્યો, બોલ રમ્યા પછી, ઓસ્ટ્રેલિયન બેટ્સમેને ભારતીય બોલરને ચીડવ્યો અને કહ્યું કે તે તેના કરતા વધુ ઝડપી બોલિંગ કરે છે. હર્ષિતે આનો હસીને જવાબ આપ્યો હતો. આ રીતે સ્ટાર્કે ક્યાંક હર્ષિતને ચેતવણી આપી હતી કે જ્યારે તમે બેટિંગ કરવા આવશો ત્યારે તમારે મારા ઝડપી બોલરોનો પણ સામનો કરવો પડશે. બંને ખેલાડીઓનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. બંને ખેલાડીઓ IPLમાં કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી સાથે રમી ચૂક્યા છે. સ્ટાર્કના ટોણા છતાં, હર્ષિતે તેનું સંયમ જાળવી રાખ્યું અને પર્થની જીવંત વિકેટમાંથી તીવ્ર ઉછાળો કાઢીને તેને ગતિથી બોલિંગ કર્યું. તેણે પ્રથમ દિવસે ટ્રેવિસ હેડની વિકેટ લીધા બાદ નાથન લિયોનને આઉટ કર્યો, જેણે તેની ડેબ્યૂ મેચ ખાસ બનાવી. જ્યારે હર્ષિતે માથું ક્લીન બોલ કર્યું ત્યારે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. દરમિયાન, જસપ્રિત બુમરાહના નેતૃત્વમાં ભારતીય ઝડપી બોલિંગ આક્રમણ કાંગારૂ ટીમ પર વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. ચાર વિકેટ સાથે દિવસની શરૂઆત કરનાર બુમરાહે તેના પહેલા જ બોલ પર એલેક્સ કેરીને આઉટ કરીને 5 વિકેટ લેવાની સિદ્ધિ પૂર્ણ કરી હતી.




## Rishabh Pantએ તોડ્યા દિગ્ગજોના મોટા રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ઓસ્ટ્રેલિયા સામે પર્થમાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ મેચની પ્રથમ ઈનિંગમાં રિષભ પંતે 3 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 37 રન બનાવ્યા હતા. તમે વિચારી રહ્યા હશો કે પંત માટે આ ઓછો સ્કોર છે, પરંતુ ટીમ ઈન્ડિયા માટે આ ઈનિંગમાં બીજો સર્વશ્રેષ્ઠ વ્યક્તિગત સ્કોર હતો. આ રન સાથે પંતે મોટા દિગ્ગજોને હરાવીને એક ખાસ રેકોર્ડમાં પોતાને નંબર વન બનાવ્યો. વાસ્તવમાં, હવે રિષભ પંતે ઓસ્ટ્રેલિયામાં મુલાકાતી વિકેટકીપર (પ્રવાસી ટીમોની સાથે વિકેટકીપર) તરીકે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવ્યા છે. આ પહેલા આ રેકોર્ડ ઈંગ્લેન્ડના પૂર્વ વિકેટકીપર એલન નોટના નામે હતો. નોટે ઓસ્ટ્રેલિયામાં 643 રન બનાવ્યા હતા. હવે પંતે 661 રન બનાવીને એલન નોટનો રેકોર્ડ તોડ્યો છે. નોંધનીય બાબત એ છે કે નોટે 22 ઈનિંગ્સ રમી હતી, જ્યારે પંતે 13મી ઈનિંગ્સમાં આ કારનામું કર્યું હતું. ઉલ્લેખનીય છે કે પર્થ ટેસ્ટનો પ્રથમ દિવસ બોલરોના નામે રહ્યો હતો. પ્રથમ દિવસે કુલ 17 વિકેટ પડી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા ટીમ ઈન્ડિયા 49.4 ઓવરમાં 150 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ દરમિયાન નીતીશ કુમાર રેડ્ડીએ 6 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી ટીમ માટે 41 રનની સૌથી મોટી ઈનિંગ રમી હતી. ઓસ્ટ્રેલિયા માટે ફાસ્ટ બોલર જોશ હેઝલવુડે આ ઈનિંગમાં સૌથી વધુ 4 વિકેટ લીધી હતી. પ્રથમ દાવમાં બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ દિવસના અંતે 67/7 રન બનાવી શકી હતી. આ દરમિયાન મેચમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી રહેલા જસપ્રીત બુમરાહે સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી. બાકીની 2 વિકેટ મોહમ્મદ સિરાજ અને 1 વિકેટ હર્ષિત રાણાને મળી હતી.

### ભારતીય ક્રિકેટ ટીમ તરફથી રમી ચૂકેલા મનીષ પાંડેની બોલિંગ એક્શન શંકાસ્પદ જોવા મળી છે

## IPL 2025ના ઓક્શન પહેલા BCCIની મોટી એક્શન, 2 ખેલાડીઓ પર લગાવ્યો પ્રતિબંધ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

IPL 2025ની મેગા ઓક્શન પહેલા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ મોટી કાર્યવાહી કરી છે. BCCIએ શંકાસ્પદ એક્શનવાળા બોલરોની યાદી જાહેર કરી છે. જે અંતર્ગત ખેલાડીઓ પર બોલિંગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સાથે જ ત્રણ ખેલાડીઓ પર પ્રતિબંધનો ખતરો છે. એટલે કે BCCI આ બોલરોની બોલિંગ એક્શન પર ખાસ નજર રાખશે અને જો શંકાસ્પદ એક્શન જણાશે તો તેમના પર પ્રતિબંધ પણ લગાવી શકે છે. આશ્ચર્યની વાત એ છે કે આ તમામ 5 ખેલાડીઓ મેગા ઓક્શનનો હિસ્સો છે, તેથી આ ખેલાડીઓને હરાજી પહેલા મોટો આંચકો લાગ્યો છે.

રિપોર્ટ અનુસાર ભારતીય ક્રિકેટ ટીમ તરફથી રમી ચૂકેલા મનીષ પાંડેની બોલિંગ એક્શન શંકાસ્પદ જોવા મળી છે. આવી સ્થિતિમાં મનીષ પાંડે પર બોલિંગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે જ સમયે, શ્રીજીત કૃષ્ણન પણ હવે બોલિંગ કરી શકશે નહીં, તેના પર પણ BCCI દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ બંને ખેલાડીઓ ડોમેસ્ટિક ક્રિકેટમાં કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિએશનનો ભાગ છે. તમને જણાવી દઈએ કે, આ બંને ખેલાડીઓની ક્રિયાને લઈને પહેલા પણ સવાલો ઉઠાવવામાં આવ્યા હતા અને BCCI દ્વારા શ્રીજીત કૃષ્ણન પર પ્રતિબંધ પણ લગાવવામાં આવ્યો હતો.




બીજી તરફ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ દીપક હુડ્ડા, સૌરભ દુબે અને કેસી કરિઅપ્પાને શંકાસ્પદ કાર્યવાહીની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે, એટલે કે આ ખેલાડીઓ પર હાલમાં પ્રતિબંધ લગાવવામાં આવ્યો નથી, પરંતુ આ ખેલાડીઓ પર પ્રતિબંધનો ખતરો છે. દીપક હુડ્ડા બેટ્સમેનની સાથે ઓફ સ્પિનર પણ છે. તે એવા ખેલાડીઓમાંથી એક છે જેની મેગા ઓક્શનમાં ડિમાન્ડ થવા જઈ રહી છે, પરંતુ હરાજી પહેલા તેને મોટો ફટકો પડ્યો છે, જેના કારણે તેને હરાજીમાં નુકસાન થઈ શકે છે. દીપક હુડ્ડાએ IPL 2025ની મેગા ઓક્શનમાં પોતાની બેઝ પ્રાઈસ 75 લાખ રૂપિયા રાખી છે. તે ગત સિઝનમાં લખનૌની ટીમનો ભાગ હતો. તે જ સમયે, મનીષ પાંડેએ પણ તેની મૂળ કિંમત માત્ર 75 લાખ રૂપિયા રાખી છે. તે અત્યાર સુધી આઈપીએલમાં 7 ટીમો તરફથી રમી ચૂક્યો છે. આ સિવાય શ્રીજીત કૃષ્ણન, સૌરભ દુબે અને કેસી કરિઅપ્પા અનકેપ્ડ ખેલાડીઓ તરીકે આ હરાજીમાં પ્રવેશ કરશે. આ ત્રણેય ખેલાડીઓની મૂળ કિંમત 30 લાખ રૂપિયા છે.

## બુમરાહે રચ્યો ઈતિહાસ, મામલે કપિલ દેવની કરી બરાબરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ભારતીય ટીમના ફાસ્ટ બોલર અને કેપ્ટન જસપ્રીત બુમરાહે શનિવારે ઓસ્ટ્રેલિયા સામે ઈતિહાસ રચ્યો હતો. તેણે પર્થમાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર સિરીઝની પ્રથમ મેચમાં પાંચ વિકેટ લઈને કાંગારૂ ટીમની કમર તોડી નાખી હતી. ઓસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં તેની 5 વિકેટ ઝડપવાની સાથે જ તે સેના દેશો (ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેન્ડ) વચ્ચે સંયુક્ત રીતે સૌથી વધુ 5 વિકેટ ઝડપનાર બોલર બની ગયો. ભારતીય ફાસ્ટ બોલરે અહીં કપિલ દેવની બરાબરી કરી હતી. હવે બંને ખેલાડીઓના નામે સેના દેશોમાં 8 વખત 5 વિકેટ ઝડપવાનો રેકોર્ડ છે. બુમરાહે પર્થ ટેસ્ટના બીજા દિવસે કાંગારૂ ટીમના વિકેટકીપર બેટ્સમેન એલેક્સ કેરીને તેના પહેલા જ બોલ પર રિષભ પંતના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. કેરીએ આ મેચમાં 31 બોલમાં 21 રનની ઈનિંગ રમી હતી. કેરી ઉપરાંત, બુમરાહે ઓપનર નાથન મેકસ્વીની, ઉસ્માન ખ્વાજા, સ્ટીવ સ્મિથ અને કાંગારૂ ટીમના કેપ્ટન પેટ કમિન્સની પણ વિકેટ લીધી હતી. બુમરાહે ઓસ્ટ્રેલિયાની ઈનિંગ દરમિયાન અનુભવી બેટ્સમેન સ્ટીવ સ્મિથને LBW આઉટ કર્યો હતો. સ્મિથ અહીં ખાતું પણ ખોલાવી શક્યો નહોતો. આ સાથે બુમરાહ સ્મિથને ગોલ્ડન ડક પર આઉટ કરનાર પ્રથમ બોલર બન્યો. સ્મિથ તેની કારકિર્દીમાં માત્ર બે વખત ગોલ્ડન બન્યો હતો. અગાઉ 2014માં તેને દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર ડેલ સ્ટેને ગોલ્ડન ડક પર આઉટ કર્યો હતો. ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચોની સિરીઝની શરૂઆતની મેચમાં નિયમિત સુકાની રોહિત શર્માની ગેરહાજરીમાં બુમરાહને કેપ્ટનશીપની જવાબદારી છે. આ મેચ પહેલા બુમરાહે ઈંગ્લેન્ડ વિરુદ્ધ એક ટેસ્ટમાં કેપ્ટનશિપ પણ કરી હતી જેમાં ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. બુમરાહે ઓસ્ટ્રેલિયામાં ભારતની છેલ્લી બે સિરીઝ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

## યુક્રેન પર મિસાઈલ હુમલાના બીજા દિવસે લશ્કરી વડાઓને મળ્યા, કહ્યું - ટેસ્ટિંગ ચાલુ રાખશે....

# પુતિને હાઈપરસોનિક મિસાઈલોના પ્રોડકેશનનો આદેશ આપ્યો

(એજન્સી) મોસ્કો | તા 23

રશિયાના નવા ઈન્ટરમીડિએટ મિસાઈલ હુમલા બાદ પશ્ચિમી દેશોમાં તણાવ ઉભો થયો છે. આ કારણે મંગળવારે (26 નવેમ્બર) યુક્રેન અને નાટો વચ્ચે ઈમરજન્સી બેઠક મળશે. ઝેલેન્સકીની અપીલ પર આ બેઠક યોજાઈ રહી છે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે 33 મહિના સુધી ચાલેલા યુદ્ધમાં પહેલીવાર રશિયાએ યુક્રેનના શહેર નિપ્રો પર હાઈપરસોનિક બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો છે. સાથે જ યુક્રેને પશ્ચિમી દેશો પાસેથી મળેલા ખતરનાક હથિયારો રશિયા પર વરસાવ્યા છે.

આ દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ પુતિને 'ઓરેશ્નિક' મિસાઈલનું વધુ ટેસ્ટિંગ કરવાની ધમકી આપી છે. રશિયાના સૈન્ય વડાઓ સાથેની બેઠકમાં તેમણે આ વાત કહી હતી. રશિયાએ ગુરુવારે જ યુક્રેનના નિપ્રો શહેર પર ઈન્ટરમીડિએટ મિસાઈલ વરસાવી હતી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને તેને મિસાઈલનું ટેસ્ટિંગ ગણાવ્યું છે. આ મિસાઈલનું નામ ઓરેશ્નિક છે. ઝેલેન્સ્કી રશિયન હુમલાને રોકવા માટે THAAD મેળવવા માંગે છે આ દરમિયાન, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ શુક્રવારે કહ્યું કે રશિયન મિસાઈલની ધમકીઓ વચ્ચે, તેઓ મિત્ર દેશો પાસેથી અપડેટ એર-ડિફેન્સ સિસ્ટમ્સ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઝેલેન્સકીએ કહ્યું કે ગુરુવારે રશિયાની નવી બેલેસ્ટિક મિસાઈલ વડે નિપ્રો શહેર પર થયેલો હુમલો દર્શાવે છે કે રશિયા યુદ્ધને આગળ વધારવા માંગે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઝેલેન્સકી યુએસ ટર્મિનલ હાઈ એલ્ટિટ્યુડ એરિયા ડિફેન્સ (THAAD) મેળવવા માંગે છે અથવા તેની પેટ્રિયોટ એન્ટી-બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમને અપગ્રેડ કરવા માંગે છે. ચીને બંને પક્ષોને શાંતિ જાળવવાની અપીલ કરી હતી ચીને રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં સામેલ તમામ પક્ષોને શાંતિ જાળવવા, સંયમ રાખવા અને વાતચીત દ્વારા તણાવ ઘટાડવાની અપીલ કરી છે.



પ્રવક્તાએ કહ્યું કે યુક્રેન મુદ્દે ચીનની સ્પષ્ટ નીતિ છે. તે મામલાને રાજકીય રીતે ઉકેલવા અને પરિસ્થિતિને બગડતી અટકાવવાના પક્ષમાં છે.

હુમલા બાદ પુતિને રાષ્ટ્રને સંબોધન કર્યું હતું યુક્રેન પર મિસાઈલ હુમલાના કલાકો બાદ જ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અચાનક દેશને સંબોધન કર્યું હતું. રોઈટર્સ મુજબ, તેમણે કહ્યું કે રશિયાએ પશ્ચિમી હુમલાના જવાબમાં 'નવી' ઈન્ટરમીડિએટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલનું ટેસ્ટિંગ કર્યું છે. પુતિને કહ્યું કે અમારા પર હુમલો કરનારા પર અમને હુમલો કરવાનો અધિકાર છે. પુતિને આ મિસાઈલનું નામ 'ઓરેશ્નિક' રાખ્યું છે. તેમણે કહ્યું કે તે 2.5 થી 3 કિમી પ્રતિ સેકન્ડની ઝડપે ટાર્ગેટ પર હુમલો કરે છે. પુતિને પશ્ચિમી દેશોને ચેતવણી આપી હતી કે મોસ્કો યુક્રેનને મદદ કરતા કોઈપણ દેશના સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કરી શકે છે.

**18 નવેમ્બર :** 1. બાઈડને યુક્રેનને લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી યુએસ રાષ્ટ્રપચતિ બાઈડને યુક્રેનને લાંબા અંતરની મિસાઈલો - આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ (ATACMS) નો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી. અમેરિકાએ આ હથિયાર યુક્રેનને ઓક્ટોબર 2023માં જ આપ્યા હતા, પરંતુ તેની પાસે તેનો ઉપયોગ પોતાની ધરતી પર કરવાની જ મંજુરી હતી.

2. નોર્વે, ફિનલેન્ડ અને ડેનમાર્કે તેમના નાગરિકોને યુદ્ધ માટે તૈયાર રહેવા કહ્યું રશિયા-યુક્રેનના પડોશી દેશો નોર્વે, ફિનલેન્ડ અને ડેનમાર્કે તેમના નાગરિકો માટે એલર્ટ જાહેર કર્યું છે. આ દેશોએ તેમના નાગરિકોને પેમ્ફલેટ વહેંચીને યુદ્ધ વિશે ચેતવણી આપી હતી.

## London: લંડનમાં યુએસ એમ્બેસીની બહાર વિસ્ફોટથી અફરાતફરી...



(એજન્સી) લંડન | તા 23

લંડનનાં નાઈન એલ્મસ વિસ્તારમાં આવેલી યુએસ એમ્બેસીની બહાર એક કન્ટ્રોલ્ડ વિસ્ફોટ કરવામાં આવતા આખા વિસ્તારમાં ભાગદોડ અને અફરાતફરી મચી ગઈ હતી.

શુક્રવારે બનેલી આ ઘટનામાં જ્યાં વિસ્ફોટ થયો હતો તે સ્થળે એક શંકાસ્પદ પેકેટ પડેલું જોવા મળ્યું હતું. પોલીસ તેમજ સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા શકમંદ પેકેટની તપાસ હાથ ધરવામાં આવી હતી. કોણે વિસ્ફોટ કર્યો અને શા માટે કર્યો તેની પણ તપાસ હાથ ધરાઈ છે. પોલીસે સમગ્ર વિસ્તાર કોર્ડન કરીને કોણે વિસ્ફોટ કર્યો તેની તપાસ શરૂ કરી છે. તકેદારીનાં પગલાં રૂપે પોન્ટોન રોડ વિસ્તારને અવરજવર માટે બંધ કરાયો છે. પોલીસના વડાઓએ વિસ્ફોટની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું હતું કે વિસ્ફોટને પગલે મોટો ધડાકો થયો હતો. આ કન્ટ્રોલ્ડ વિસ્ફોટ હોવાનું જણાવ્યું છે. વિસ્ફોટને કારણે નજીકનો વિસ્તાર ધણધણી ઊઠયો હતો.

### ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે કેનેડાની સરકારે તાજેતરમાં ભારત આવતા પ્રવાસીઓ માટે વધારાની સુરક્ષા તપાસની જાહેરાત

## હવે એરપોર્ટ પર ભારતીયોની નહી થાય કડક તપાસ

(એજન્સી) ટોરન્ટો |તા 23

ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે કેનેડાની સરકારે તાજેતરમાં ભારત આવતા પ્રવાસીઓ માટે વધારાની સુરક્ષા તપાસની જાહેરાત કરી હતી. જો કે હવે કેનેડાએ પોતાનો આદેશ પાછો ખેંચી લીધો છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને બંને દેશો વચ્ચે રાજદ્વારી તણાવ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. જેથી હવે એરપોર્ટ પર ભારતીયોની કડક તપાસ નહી કરવામાં આવે.

સોમવારે કેનેડાના પરિવહન પ્રધાન અનિતા આનંદે અસ્થાયી પ્રોટોકોલની જાહેરાત કરી હતી. જે અંતર્ગત ભારત આવતા મુસાફરો માટે સુરક્ષા તપાસ વધારવી પડશે. તેમણે કહ્યું કે નવા સુરક્ષા ઉપાયોને અત્યંત સાવધાની પૂર્વક લાગુ કરવામાં આવ્યા છે. ભારત અને કેનેડા વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે આ સૂચના આવી છે.હવે સરકારે નવા પ્રોટોકોલને દૂર કરવાના કારણોનો ઉલ્લેખ કર્યો નથી. કેનેડિયન એર ટ્રાન્સપોર્ટ સિક્યુરિટી ઓથોરિટી (CATSA) દ્વારા લેવામાં આવેલા પગલાંમાં પ્રતિબંધિત વિસ્તારોમાં પ્રવેશતા પહેલા એરપોર્ટ પર મુસાફરો અને સામાનની તપાસનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસા ભારતની ફ્લાઈટ્સ પર વધારાની તપાસને કારણે વિલંબ થયો અને એરપોર્ટ પર લાંબી કતારો લાગી હતી.

કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો ત્યારથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. ટ્રુડોએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં આ આરોપ લગાવ્યો હતો. કેનેડિયન પોલીસે નિજ્જરની હત્યામાં ભારતીય રાજદ્વારીઓની સંડોવણીનો આરોપ મૂક્યો ત્યારે બંને દેશો વચ્ચે તણાવ વધુ વધી ગયો.



## તાઈવાનના પ્રમુખ પેસિફિક દેશોની મુલાકાતે, યુ.એસ. જવા અંગે હજી અનિશ્ચિતતા છે

(એજન્સી) તાઈપી | તા 23



તાઈવાનના પ્રમુખ ચિંગ-તે આ મહિનાની ૩૦મીથી પેસિફિક ટાપુઓની મુલાકાતે જવાના છે. સામાન્યતઃ તાઈવાનના કોઈ પણ ઉચ્ચ અધિકારી પેસિફિક વિસ્તારના મિત્ર દેશોની મુલાકાતે જાય છે. ત્યારે અમેરિકામાં સ્ટોમ-ઑવર કરે છે, પરંતુ આ વખતે લાઈ અમેરિકામાં વિસામો (સ્ટોપ-ઑવર) કરે તેવી સંભાવના દેખાતી નથી.

ઉલ્લેખનીય છે કે છેલ્લા બે વર્ષમાં ચીને તાઈવાનના પ્રમુખ કે ઉપપ્રમુખ અમેરિકામાં વિસામો લે કે પછી થોડા જ દિવસોમાં ચીન તાઈવાન ફરતી અને તાઈવાન સામે સેના-કવાયત શરૂ કરી દે છે. અમેરિકાના વિસામા દરમિયાન, તાઈવાનના પ્રમુખ કે ઉપપ્રમુખ અમેરિકાના રાજકારણીઓને મળે છે, વક્તવ્ય પણ આપતા હતા.

તાઈ પેસિફિક ટાપુઓ પાલાઉ, માર્શલ આઈલેન્ડઝ અને તુઆ સુની મુલાકાતે જશે, ત્યારે પહેલા અમેરિકાના લશ્કરી મથક ગ્વામ ટાપુ ઉપર સ્ટોપ ઓવર કરશે. ત્યાંથી અમેરિકાના ૫૦મા રાજ્ય હવાઈ ટાપુઓમાં તેઓનું વિમાન વિસામો લેશે. પછી ઉક્ત પેસિફિક ટાપુઓની મુલાકાતે જવાના છે. આ સ્ટોપ ઓવર્સની વિગતો માટે પત્રકારોએ આગ્રહ કર્યો ત્યારે તાઈવાનના નાયબ વિદેશ મંત્રી, તિએન, ચુંગ-કવાંગે કહ્યું કે, તે વિગતો યોગ્ય સમયે જાહેર કરાશે.

લાઈની આ મુલાકાતથી ચીન ધુંધવાયું છે. તે તાઈવાનને તેનો જ પ્રદેશ ગણે છે. તો બીજી તરફ તાઈવાન પોતાને સ્વતંત્ર અને સાર્વભૌમ માને છે, જે સત્ય છે.

વિશ્વના જે ૧૨ દેશો તાઈવાન સાથે વિધિસરના રાજદ્વારી સંબંધો રાખે છે, તેમાં પેસિફિક ઓશનમાં આવેલા ઉક્ત ત્રણે ટાપુ રાષ્ટ્રો છે.

### બાળકોની કસ્ટડી માટે કોર્ટમાં કેસ લડે છે, મોડલિંગથી વાલીપણા પર સવાલો ઉભા થાય...

## મસ્કની ભૂતપૂર્વ પત્નીને નાદારીનો ડર

(એજન્સી) યુ.એન | તા 23

ટેસ્લાના માલિક ઈલોન મસ્કની ભૂતપૂર્વ પત્ની અને ગાયિકા ગ્રિમ્સે દાવો કર્યો છે કે તે નાદાર થવાની તૈયારીમાં છે. ગ્રીમ્સના કહેવા પ્રમાણે, પૈસાની અછતને કારણે તેને બાળકોની કસ્ટડી મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેણે કહ્યું કે કોર્ટમાં તેની મોડલિંગની તસવીરો બતાવીને તેના પેરેન્ટિંગ પર સવાલો ઉભા થયા છે.

હકીકતમાં, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક યુઝર્સે ગ્રિમ્સને સવાલ કર્યો કે તે ગીતો કેમ રેકોર્ડ નથી કરી રહી. જવાબમાં, ગ્રિમ્સે કહ્યું કે તેના બાળકો માટે લડતી વખતે નાદાર થવાનો વિચાર તેને સર્જનાત્મક વિચારો સાથે આવવા દેતો નથી. ગ્રિમ્સે કહ્યું કે, તેણીએ પાછલું વર્ષ રડતા વિતાવ્યું છે.

ગ્રિમ્સના જણાવ્યા અનુસાર, તે છેલ્લા પાંચ મહિનાથી તેના ત્રણમાંથી એક બાળકને મળી શકી નથી. જો કે, મસ્ક અને ગ્રિમ્સ વચ્ચેના કરાર મુજબ તે કસ્ટડી કેસની સંપૂર્ણ વિગતો જાહેર કરી શકે નહીં.

2022માં ગ્રિમ્સ અને મસ્ક અલગ થયા ઈલોન મસ્કે 2018માં ગાયક ગ્રિમ્સ સાથે લગ્ન કર્યા હતા. તેમને એક સાથે ત્રણ બાળકો છે. મે 2020માં દંપતીએ તેમના પ્રથમ બાળકનું સ્વાગત કર્યું. તેનું નામ X A-12 હતું. ડિસેમ્બર 2021 માં, તેઓએ સરોગસી દ્વારા પુત્રી એક્સા ડાર્ક સાઈડરેલનું સ્વાગત કર્યું.

આ કપલ 2022માં અલગ થઈ ગયું હતું. ગયા વર્ષે એવું પણ બહાર આવ્યું હતું કે દંપતીનું ત્રીજું બાળક ટેકનો મિકેનિકસ છે. બાળક વિશે તેની ચોક્કસ જન્મ તારીખ સહિત થોડી માહિતી અસ્તિત્વમાં છે. ગ્રિમ્સ તેના બાળકોને સામાન્ય જીવન આપવા માંગે છે. તેથી તેમને લાઈમલાઈટથી દૂર રાખવામાં આવે છે. મસ્કે ગયા વર્ષે બાળકોની કસ્ટડી માટે કેસ દાખલ કર્યો હતો.




### મસ્કની ત્રણ પાર્ટનરથી 11 બાળકો

મસ્કનો પહેલો પુત્ર જસ્ટિન મસ્ક તેના જન્મના 10 મહિના પછી જ મૃત્યુ પામ્યો. તેના સિવાય મસ્કને 11 બાળકો છે. મસ્કને તેની પહેલી પત્નીથી 2008માં છૂટાછેડા થઈ ગયા હતા. બંનેને IVF દ્વારા 5 બાળકો છે.

ગ્રિમ્સા પહેલા, મસ્કે 2010માં બ્રિટિશ અભિનેત્રી તલ્લુલાહ રિલે સાથે લગ્ન કર્યા હતા. જોકે, 2012માં બંનેએ છૂટાછેડા લીધા હતા. પછીના ઉનાળા સુધીમાં તેણે ફરીથી લગ્ન કર્યા. ડિસેમ્બર 2014 માં તલ્લુલાહે બીજી વખત છૂટાછેડા માટે અરજી કરી હતી, પરંતુ તે પછીના વર્ષે તે પાછી ખેંચી લીધી હતી. માર્ચ 2016 માં તલ્લુલાહે ત્રીજી વખત છૂટાછેડા માટે અરજી કરી હતી. દંપતીને કોઈ સંતાન નથી.

ઈલોન મસ્ક તેના 11 બાળકો અને તેમની 3 માતાઓને એક છત નીચે રાખવાની યોજના બનાવી રહ્યા છે. આ માટે તેણે ટેક્સાસના ઓસ્ટિનમાં 14 હજાર 400 સ્ક્વેર ફૂટનો બંગલો ખરીદ્યો છે. તેની બાજુમાં જ મસ્કે 6 બેડરૂમ ધરાવતું બીજું ઘર પણ ખરીદ્યું છે. આ બંને પ્રોપર્ટીની કિંમત લગભગ 294 કરોડ રૂપિયા છે.

## અમેરિકી સરકાર ગૌતમ અદાણીના પ્રત્યાર્પણની માગ કરે તેવી સંભાવના

(એજન્સી) ન્યૂયોર્ક | તા 23

ભારતના ટોચના ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત અદાણી જૂથના સાત એક્ઝિક્યુટિવ્સ પર ભારતમાં સોલાર પ્રોજેક્ટ માટે ભારતીય અધિકારીઓને લાંચ ઓફર કરવાના કેસમાં અમેરિકામાં દિવાની અને ફોજદારી આરોપ ઘડાયા પછી ન્યૂયોર્કના ટોચના વકીલે કહ્યું હતું કે, આ કેસ ઘણો આગળ વધી શકે છે. ગૌતમ અદાણી અને અન્ય સાત લોકો વિરુદ્ધ ધરપકડ વોરન્ટ કાઢ્યા પછી હવે અમેરિકા તેમના પ્રત્યાર્પણ માટે પણ પ્રયત્નો કરે તેવી સંભાવના છે.

અમેરિકન ન્યાય વિભાગે ભારતના બીજા ક્રમના સૌથી ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત અન્ય સાત વિરુદ્ધ અમેરિકન કોર્ટે ધરપકડ વોરન્ટ ઈશ્યુ કર્યા હતા. ગૌતમ અદાણી હાલ ભારતમાં છે. જોકે, હવે અમેરિકન કોર્ટ ગૌતમ અદાણી સહિત સાતેય અધિકારીઓના પ્રત્યાર્પણ માટે પણ પ્રયાસ કરે તેવી સંભાવના છે. આ બધા જ સામે ધરપકડ વોરંટ ઈશ્યુ કરાયા છે. હવે અમેરિકા તેમના પ્રત્યાર્પણના પ્રયત્નો કરે તેવી શક્યતા છે.

જોકે, અદાણી ગ્રૂપે અમેરિકન કોર્ટમાં લગાવાયેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે અદાણી જૂથ બધા જ કાયદાનું પાલન કરવામાં વિશ્વાસ રાખે છે. અમેરિકન ન્યાય વિભાગે ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સહિત અન્ય સાત લોકો પર મોંઘી સૌર ઊર્જા ખરીદવા માટે આંધ્ર પ્રદેશ અને ઓડિશાના અધિકારીઓને લાંચ આપવાનો આરોપ મૂક્યો છે. જોકે, તેમાં અધિકારીઓના નામનો ખુલાસો કરાયો નથી. આ પ્રોજેક્ટથી અદાણી ગ્રૂપને ૨૦ વર્ષથી વધુ સમયમાં ૨૦૦ કરોડ ડોલરથી વધુનો લાભ થવાનો અંદાજ છે. ભારતીય મૂળના અમેરિકન વકીલ રવિ બત્રાએ કહ્યું કે, અમેરિકન એટર્ની બ્રાયન પીસ પાસે ગૌતમ અદાણી અને અન્ય સાત લોકો વિરુદ્ધ ધરપકડ વોરન્ટ ઈશ્યુ કરવા અને તેઓ જ્યાં રહે છે તે દેશમાં તેની બજવણી કરવાનો અધિકાર છે. અમેરિકન કાયદા મુજબ સંબંધિત દેશ સાથે પ્રત્યાર્પણની સંધી હોય તો અમેરિકા જે-તે દેશ પર તેના માટે દબાણ કરી શકે છે.

## પોતાના પાર્ટનરને છેતરવું અપરાધ નહિ

### અમેરિકાની કોર્ટે બદલ્યો 100 વર્ષ જૂનો કાયદો

(એજન્સી) ન્યૂયોર્ક । તા.23

અમેરિકાના ન્યુયોર્કની એક અદાલતે શુક્રવારે સો વર્ષ કરતાં વધુ જૂના કાયદાને રદ કરી દીધો છે. આ પછી, પોતાના જીવનસાથી સાથે છેતરપિંડી કરવી હવે ગુનો રહેશે નહીં. ગવર્નર કેથી હોચુલે આ 1907ના કાયદાને રદ કરતા બિલ પર હસ્તાક્ષર કર્યા. છેલ્લા ઘણા સમયથી વ્યભિચાર વિશે ચર્ચા ચાલી રહી છે, એટલે કે પોતાના જીવનસાથી સિવાય અન્ય વ્યક્તિ સાથે સંબંધ રાખવા, તેને અપરાધની શ્રેણીમાં રાખવો જોઈએ કે નહીં. અમેરિકાના ઘણા રાજ્યોમાં વ્યભિચાર પર પ્રતિબંધને લઈને કડક કાયદા છે. તે એવા સમયે બનાવવામાં આવ્યું હતું જ્યારે સાબિત કરવું કે તમારા જીવનસાથીએ છેતરપિંડી કરી છે તે કાનૂની છૂટાછેડા મેળવવાનો એકમાત્ર રસ્તો હતો.

કાયદાનો હેતુ દેશમાં છૂટાછેડાની સંખ્યામાં ઘટાડો કરવાનો હતો. કેટલાક રાજ્યોએ છેલ્લા કેટલાક વર્ષોમાં આવા કાયદાને નાબૂદ કરવાના પગલાં લીધા છે. બિલને મંજૂરી આપતી વખતે રાજ્યપાલે કહ્યું, "હું મારા પતિ સાથે 40 વર્ષથી સારું દામ્પત્ય જીવન જીવી રહી છું. તેથી જ મારા માટે વ્યભિચારને અપરાધિક બનાવવા માટેના બિલ પર સહી કરવી થોડું મુશ્કેલ છે. હું જાણું છું કે લોકો વચ્ચે ઘણીવાર જટિલ સંબંધો હોય છે." તેમણે કહ્યું, "આ મુદ્દાઓ વાતચીત દ્વારા ઉકેલવા જોઈએ, આપણી ન્યાય પ્રણાલી દ્વારા નહીં. ચાલો આ હાસ્યાસ્પદ, જૂના કાયદાને એકવાર અને બધા માટે સમાપ્ત કરીએ. "વ્યભિચારની ન્યુ યોર્ક વ્યાખ્યા મુજબ, વ્યભિચારને છેતરપિંડી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જ્યારે કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ સાથે જાતીય સંભોગ કરે છે અને તે પણ એવા સમયે જ્યારે તે વ્યક્તિનો જીવનસાથી હયાત હોય છે." ન્યૂયોર્ક ટાઈમ્સના એક લેખ અનુસાર, આ કાયદાનો ઘણી વખત ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેમાં ત્રણ વર્ષ સુધીની જેલની સજા છે. એસેમ્બલી સાંસદ ચાર્લ્સ લેવિન, જેમણે બિલ રજૂ કર્યું હતું, જણાવ્યું હતું કે 1970 ના દાયકાથી કાયદા હેઠળ લગભગ એક ડઝન લોકો પર આરોપ મૂકવામાં આવ્યો છે અને માત્ર પાંચને દોષિત ઠેરવવામાં આવ્યા છે.

## ધ્વનિ કરતાં 10 ગણી ઝડપે જઈ શકતું રશિયાનું ખતરનાક 'ઑરેશ્નિક' મિસાઈલ

(એજન્સી) મોસ્કો । તા 23

રશિયા યુક્રેન યુદ્ધ તીવ્ર અને તીવ્ર બનતું જાય છે. પશ્ચિમના દેશોની અનુમતિ પછી યુક્રેને તેના શસ્ત્રો રશિયા ઉપર વાપરવાનું શરું કરી દીધું છે. તેનો જવાબ રશિયા તેના ખતરનાક શસ્ત્રોથી આપે છે. યુક્રેન કહે છે કે, રશિયાએ તેની ઉપર ઈન્ટર- કોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ્સ છોડયા છે પરંતુ, તે હુમલા પછી પ્રમુખ પુતિને ટી.વી. પર જનતા જોગ કરેલા સંબોધનમાં કહ્યું કે, રશિયા- સેનાએ તદ્દન નવા શસ્ત્ર 'ઑરેશ્નિક' મિસાઈલ દ્વારા હુમલો કર્યો હતો. આ મિસાઈલની ગતિ ધ્વનિ કરતાં ૧૦ ગણી છે તેને ઈન્ટરસેપ્ટ કરવું અસંભવ છે તેટલું જ નહીં પરંતુ 'એટમિક વૉરહેડ' પણ ધરાવે છે. તેની પ્રહાર મર્યાદા ૫૦૦૦ કી.મી.ની છે. આ સાથે તેઓએ



કહ્યું કે, 'વળતા પ્રહારમાં જો આ મિસાઈલ વાપરવામાં આવશે તો તેને ઈન્ટરસેપ્ટ કરવું (વચ્ચેથી તોડી પાડવું) અસંભવ છે તે રેડાર પર ઝડપાઈ તે પહેલાં તો તે પસાર થઈ જઈ શકે તેમ છે.' આ મિસાઈલ્સ હવે રશિયન સેનાને સોંપવામાં આવ્યા છે તે સમગ્ર યુરોપને આવરી લઈ શકે તેમ છે. તેમજ, રશિયાના પૂર્વ તટેથી વહેતા મુકાયેલા આ મિસાઈલ્સ અમેરિકાના પશ્ચિમ તટને પણ આવરી લઈ શકે તેમ છે.

પ્રમુખ પુતિને આગળ કહ્યું કે, ૨૧ નવેમ્બરે યુક્રેન રશિયાની ભૂમિ ઉપર અમેરિકા અને ઈંગ્લેન્ડે આપેલા મિસાઈલ્સથી હુમલો કર્યો હતો. તેના જવાબમાં આપણે યુક્રેનનાં ડેનિપ્રો ઉપર આપણાં ઑરેશ્નિક મિસાઈલથી હુમલો કર્યો હતો. આપણી સેનાએ ડેનિપ્રોમાં રહેલા તે સ્થળોને નિશાન બનાવ્યા કે જ્યાંથી યુક્રેનની સેનાને સહાય કરવામાં આવે છે.

# MP હોય કે મહારાષ્ટ્ર-ઝારખંડ, એક બાદ એક મહિલાઓ જ બનાવી રહી છે સરકાર

## ભારતીય રાજકારણના બદલાતા ચિત્રમાં એક ટ્રેન્ડ સ્પષ્ટ રૂપે ઉભરી આવ્યો : યોજનાઓ બની ગેમચેન્જર

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

ભારતીય રાજકારણના બદલાતા ચિત્રમાં એક ટ્રેન્ડ સ્પષ્ટ રૂપે ઉભરી આવ્યો છે. આ ટ્રેન્ડમાં મહિલાઓને સશક્ત બનાવવા માટે કલ્યાણકારી યોજનાઓ ચૂંટણી જીતમાં નિર્ણાયક ફેક્ટર સાબિત થઈ રહી છે. રાજ્યભરમાં રાજકીય પાર્ટીઓએ મહિલા-કેન્દ્રિત કલ્યાણકારી કાર્યક્રમોની ઘોષણા કરી છે અને તેને અમલમાં મૂકતા મહિલા મતદાતાઓ તેમના માટે એક મજબૂત આધાર સ્તંભ બની છે. મહિલા મતદાતાઓનો આધાર રાજકીય પાર્ટીઓ માટે મજબૂત વોટ બેન્ક સાબિત થઈ છે. ઝારખંડ અને મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામે



એકવાર ફરી આ ટ્રેન્ડની પુષ્ટિ કરી છે. આ પેટર્ને આ વાતને રેખાંકિત કરી છે કે, રાજકીય પરિણામોને આકાર આપવામાં મહિલાઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. થોડા વર્ષો પહેલાં સુધી રાજકીય વિશ્લેષક પુરૂષોની તુલનામાં મહિલાઓમાં ઓછા મતદાનની ટકાવારીની ટીકા કરતા હતાં. આ સ્થિતિ ત્યારે ઉભી થાય છે, જ્યારે મતદાતાઓની યાદીમાં લગભગ અડધી સંખ્યા મહિલાઓની છે. આ અંતરને દૂર કરવા શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વમાં મધ્ય પ્રદેશની સરકારે દેશમાં પહેલીવાર આવી યોજના લોન્ચ કરી, જે મહિલાઓને કેન્દ્રમાં રાખીને બનાવવામાં આવી હતી. આ યોજનાએ મધ્યપ્રદેશનું રાજકારણ બદલી દીધું. ચૂંટણીના થોડા દિવસો પહેલા શરૂ કરવામાં આવેલી લાડલી બહેના યોજના એમપીમાં ગેમ ચેન્જર સાબિત થઈ. સીધું કેશ ટ્રાન્સફરનો લાભ આપતી આ યોજનાએ મહિલા મતદારોને રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવા માટે પ્રેરિત કરી. જેના પરિણામરૂપે ભાજપને જંગી બહુમતી સાથે જીત મળી અને આ વ્યૂહરચના ચૂંટણી જીતવાની ફોર્મ્યુલા સાબિત થઈ ગઈ. છેલ્લાં કેટલાંક વર્ષોમાં, ઘણી રાજ્ય સરકારોએ આવી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે જેમાં મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ યોજનાઓમાં શિક્ષા અને સ્વાસ્થ્યમાં મહિલાઓની સુધારણા માટે સીધી રોકડ ટ્રાન્સફરનો સમાવેશ થાય છે. રસપ્રદ વાત એ છે કે, આ યોજનાઓને મહિલાઓએ સ્વીકારી અને બદલામાં સરકારોને પણ શાનદાર વોટ મળ્યાં. એવા રાજ્યો જ્યાં આગામી થોડા મહિનામાં ચૂંટણી યોજાવાની છે ત્યાંની સરકારોએ પણ આવી જ યોજનાઓ લૉન્ચ કરી છે.

**મહારાષ્ટ્ર :** મહારાષ્ટ્રની આ ચૂંટણીમાં સત્તાધારી મહાયુતિ ગઠબંધને મહિલા-કેન્દ્રિત પહેલને પ્રાથમિકતા આપી હતી. સરકારે મહિલા સશક્તિકરણ યોજનાનો વિસ્તાર કર્યો, જેણે મહિલાઓના શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે નાણાંકીય પ્રોત્સાહન આપ્યું. લાડકી બહેન યોજના આ સરકારની ટ્રેડ માર્ક યોજના બની. આ યોજના હેઠળ સરકાર દરેક પરિવારની મહિલા પ્રમુખને દર મહિને 1500 રૂપિયા આપે છે. ચૂંટણી પહેલા, સરકારે વ્યૂહાત્મક પગલું ભર્યું અને આ રકમ વધારીને 2500 રૂપિયા કરવાનું વચન આપ્યું. શિંદે સરકારે વચન આપ્યું હતું કે, જો તેઓ જીતશે તો દરેક પરિવારની મહિલા પ્રમુખને દર મહિને 2500 રૂપિયા આપવામાં આવશે. શિંદે સરકારની મહિલાઓની યોજના હવે રંગ લાવી છે. આ ચૂંટણીમાં મહિલાઓ મોટી સંખ્યામાં મતદાન કરવા બહાર આવી હતી. ખાસ કરીને ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મોટી સંખ્યામાં મહિલાઓએ મતદાન કર્યું હતું અને ચૂંટણી પરિણામોમાં મહિલાઓએ મહાયુતિ સરકાર માટે શાનદાર મતદાન કર્યું છે.

**ઝારખંડ :** મહારાષ્ટ્રની સફળતા ઝારખંડમાં પણ જોવા મળી હતી. અહીં પણ મહિલા કેન્દ્રિત યોજનાઓની અસર જોવા મળી હતી. મૈયા સન્માન યોજનાએ ઝારખંડના રાજકારણમાં હલચલ મચાવી દીધી હતી. આ યોજના હેઠળ રાજ્ય સરકાર યોગ્ય મહિલાઓને દર મહિને 1000 રૂપિયા આપતી હતી. હેમંત સરકારે આ યોજનાના 4 હપ્તાઓ પહેલેથી જ મહિલાઓના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા છે. આ ઉપરાંત હેમંત સરકારે શાળાએ જતી છોકરીઓને મફત સાઈકલ, એકલ માતાને રોકડ સહાય અને બેરોજગાર મહિલાઓને રોકડ સહાય આપવાની યોજનાઓ પણ શરૂ કરી છે. આદિવાસી, ગરીબ અને ગ્રામીણ વિસ્તારોમાં આ યોજનાઓ વિશે જબરદસ્ત ચર્ચા થઈ હતી. ચૂંટણી પરિણામો દર્શાવે છે કે, હેમંત સરકારને આ યોજનાઓથી ખૂબ ફાયદો થયો અને JMM વિશાળ બહુમતી સાથે વાપસી કરવામાં સફળ રહી.

### ભયંકર તોફાન મચાવશે તબાહી! 11 રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

નવી દિલ્હી : દેશનું હવામાન બદલાયું છે. શિયાળાની ઋતુ ચાલી રહી છે. ઉત્તર ભારત ગાઢ ધુમ્મસની લપેટમાં છે. દક્ષિણ ભારત અને ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડા સાથે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે આ અઠવાડિયે ચક્રવાતી તોફાનની આગાહી કરી છે. ત્રણેય પહાડી રાજ્યોમાં હિમવર્ષા થઈ રહી છે, જેના કારણે ઠંડા પવનોને કારણે દેશભરમાં ઠંડી વધી શકે છે. ગ્લોબલ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (WMO) એ લા નીનાની અસરને કારણે ડિસેમ્બર-જાન્યુઆરી મહિનામાં ઉત્તર ભારતમાં સામાન્ય રીડિંગ કરતાં વધુ ઠંડી રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ 28 નવેમ્બર સુધીનું નવીનતમ હવામાન અપડેટ જાહેર કર્યું છે.

## ઉત્તર પ્રદેશમાં સરકારે 17 હજાર વૃક્ષો કાપી નાખ્યા, કુલ ટાર્ગેટ 1.12 લાખનો

(એજન્સી) યુપી । તા. 23

ઉત્તર પ્રદેશ સરકારે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલને જાણ કરી હતી કે સરકારને કાવડ યાત્રાના પથ પર આવતા ફોરેસ્ટ વિસ્તારમાં આશરે ૧.૧૨ લાખ વૃક્ષો હટાવવાની છૂટ મળી છે. જેને પગલે રાજ્ય સરકાર આટલા વૃક્ષોને હટાવવાની કામગીરી શરૂ કરશે. જ્યારે દિલ્હીમાં પ્રદૂષણ વચ્ચે વૃક્ષો કાપવા મુદ્દે એક અરજી થઈ છે. જેને પગલે સુપ્રીમે નિષ્ણાતોની કમિટી બનાવવા કહ્યું હતું.ઉત્તર પ્રદેશના મામલે પણ અગાઉ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલમાં એક લાખથી વધુ વૃક્ષો કાપવાના નિર્ણય સામે અરજી કરવામાં આવી હતી. જેને પગલે ટ્રિબ્યૂનલે ઉત્તર પ્રદેશના પર્યાવરણ વિભાગ પાસેથી માહિતી માગી હતી. જવાબમાં રાજ્યના પર્યાવરણ



દિલ્હીમાં પ્રદૂષણના દૂષણ વચ્ચે ગ્રીન ટ્રિબ્યૂનલ સમક્ષ ખુલાસો

વિભાગના મુખ્ય સચીવે ટ્રિબ્યૂનલને જણાવ્યું હતું કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ કેન્દ્ર સરકાર તરફથી કાવડ યાત્રાના માર્ગ પર આવનારા ૧,૧૨,૭૨૨ વૃક્ષો કાપવાની રાજ્ય સરકારને છૂટ અને મંજૂરી મળી ગઇ છે. હાલમાં આ આશરે સવા લાખ જેટલા વૃક્ષોમાંથી ૨૫ હજારથી વધુ વૃક્ષોને કાપવા માટે પસંદ પણ કરી લેવામાં આવ્યા છે. જેમાંથી ૧૭ હજારથી વધુ વૃક્ષો કાપી નખાયા છે. જોકે પીડબલ્યુડી વિભાગે ગત ઓગસ્ટ મહિનામાં જ વૃક્ષો કાપવાની કામગીરી અટકાવી દીધી હતી. જે પણ વિસ્તારોમાં વૃક્ષો કાપવાના છે તેમાં ગાઝિયાબાદ, મેરઠ, મુઝફ્ફરનગર વગેરેનો સમાવેશ થાય છે. અગાઉ સરકારે દાવો કર્યો હતો કે જેટલા વૃક્ષો કાપવામાં આવશે તેની સામે એટલા જ નવા વૃક્ષો ઉગાડવામાં પણ આવશે.જ્યારે દિલ્હીમાં પ્રદૂષણ વચ્ચે સુપ્રીમમાં થયેલી અરજીમાં જણાવવામાં આવ્યું છે કે દિલ્હીમાં દર કલાકે સરેરાશ પાંચ વૃક્ષો કાપવામાં આવે છે, દર વર્ષે આ આંકડો ૪૪ હજારથી વધુ રહે છે. જો આ જ રીતે વૃક્ષો કાપવામાં આવતા રહ્યા તો દિલ્હીમાં જે ગ્રીન કવર છે તેનો નાશ થઇ જશે. સુપ્રીમ કોર્ટે આ અરજીની સુનાવણી કરીને દિલ્હી સરકારનો જવાબ માગ્યો હતો સાથે જ આ અંગે એક નિષ્ણાતોની કમિટી રચવાના પણ આદેશ આપ્યા હતા.

## કંઈક તો ગરબડ છે, પ્રજા ગદ્દારોને કેવી રીતે સ્વીકારી શકે?, સંજય રાઉતની પ્રતિક્રિયા

### વિધાનસભા ચૂંટણીમાં 288 બેઠકો પર 65%થી વધુ મતદાન થયું હતું

(એજન્સી) મુંબઈ । તા. 23

મહારાષ્ટ્રની 288 બેઠક પર ભાજપ ગઠબંધનને 210 બેઠક મળ્યાના વલણો પછી ઉદ્ધવ જૂથના નેતા સંજય રાઉતે આક્રમક પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામોમાં કંઈક તો ગરબડ છે. એકનાથ શિંદના તમામ ઉમેદવારો કેવી રીતે જીતી શકે. લોકો ગદ્દારી કેવી રીતે સ્વીકારી શકે છે? આ કંઈ પ્રજાનો ફેંસલો હોય એવું લાગતું નથી. આ લોકોએ આખી મશીનરી જ કબજે કરી લીધી છે. સંજય રાઉતે કહ્યું છે, કે 'મહારાષ્ટ્રમાં શિંદે અને અજિત પવારની જીત થાય, આ કઈ રીતે સંભવ છે? હું તમને કહું છું કે કઈક તો ગરબડ છે. મહારાષ્ટ્રની જનતા દગાખોરી કરતાં નેતાઓને કઈ રીતે મત આપી શકે છે? હું આ પરિણામ માનવા તૈયાર જ નથી.' મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરે આયોજિત વિધાનસભા ચૂંટણીમાં 288 બેઠકો પર 65%થી વધુ મતદાન થયું હતું. મહારાષ્ટ્રના ચૂંટણી વલણો પ્રમાણે ભાજપની આગેવાની ધરાવતી મહાયુતિને




210 બહુમતી મળી ગઈ છે. ભાજપ અને સાથી પક્ષો 200 બેઠકની જીતનો આંકડો પાર કરી લીધો છે. મહારાષ્ટ્રમાં સત્તાધારી ગઠબંધન મહાયુતિમાં સામેલ ભાજપે 149 બેઠકો પર, એકનાથ શિંદેની શિવસેનાએ 81 બેઠક પર અને અજિત પવારના નેતૃત્વ ધરાવતી એનસીપી 59 બેઠકો પર ચૂંટણી લડી હતી. બીજી તરફ એમવીએમાં સામેલ કોંગ્રેસે 101 બેઠકો પર, શિવસેના (યુબીટી)એ 95 અને એનસીપી (શરદ પવાર)એ 86 બેઠકો પર ચૂંટણી લડી હતી.

**1 પર કોંગ્રેસની ડિપોઝિટ ગઈ**

## રાજસ્થાનની પેટા ચૂંટણીની સાતમાંથી છ બેઠક પર કેસરિયો

(એજન્સી) જયપુર । તા. 23

રાજસ્થાનની સાત વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી. આ તમામ બેઠકોનું આજે પરિણામ સામે આવ્યું છે. જેમાં સાતમાંથી છ બેઠક પર ભાજપે પોતાના કબ્જે કરી લીધી છે. આ સાત વિધાનસભા બેઠકમાંથી ફક્ત એક જ બેઠક પહેલાં ભાજપના ખાતામાં હતી અને 4 બેઠક કોંગ્રેસ તેમજ 1-1 બેઠક RLP અને RJD પાસે હતી. જોકે, પેટાચૂંટણીના પરિણામમાં ભાજપે બધાંને ધોબીપછાડ આપી સાતમાંથી છ બેઠકો પર જીત હાંસલ કરી છે. જ્યારે કોંગ્રેસના હાથમાં જે ચાર બેઠક હતી તેમાંથી હવે એક જ વધી છે. આ ઉપરાંત કોંગ્રેસના એક ઉમેદવારે ડિપોઝિટ ગુમાવવાનો પણ વારો આવ્યો છે. દૌસા બેઠક પરથી કોંગ્રેસેના ઉમેદવાર દીન દયાળે ભાજપના ઉમેદવાર જગ મોહનને 2300 મતની લીડ સાથે



હરાવી જીત મેળવી છે. નોંધનીય છે કે, પેટા ચૂંટણી પહેલાં ઝુંઝુનું, રામગઢ, દૌસા અને દેવલી ઉનિયારા બેઠક કોંગ્રેસ પાસે હતી. જોકે, પેટાચૂંટણીમાં ભાજપે તેનીલ કોંગ્રેસ પાસે ફક્ત દૌસા બેઠક રહેવા દીધી અને અન્ય ત્રણ બેઠકો કોંગ્રેસ પાસેથી ઝૂંટવી લીધી છે. ખીંવસરના પરિણામ ચોંકાવનારા રહ્યા. આ બેઠક પરથી હનુમાન બેનીવાલની પત્ની કનિકા બેનીવાલ રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી તરફથી ભાજપના રેવતરામ ડાંગાથી ચૂંટણી હારી ગઈ. તેનું મોટું કારણ માનવામાં આવી રહ્યું છે કે, કોંગ્રેસના અમુક ધારાસભ્યોએ અહીં હનુમાનને હરાવવા માટે ભાજપમાં વોટ શિફ્ટ કરાવ્યા હતાં. વર્ષ 2023માં રેવતરામને ખીંવસરથી આશરે 77 હજાર મત મળ્યા હતાં. આ વખતે તેઓએ 1,08,625 મત મેળવ્યા છે.

### સરકારી હોસ્પિલમાં સિદ્ધુની પત્નીને આપી સારવાર

## સિદ્ધૂની પત્નીએ કેન્સરને આપી માત! નવજોતે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યો ડાયટ પ્લાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

લાંબા સમય સુધી કપિલ શર્મા શોનો હિસ્સો રહેલા પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુ હાલમાં એક પ્રેસ કોન્ફરન્સને લઈને ચર્ચામાં છે. આ પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે કેવી રીતે તેમની પત્નીએ 4 સ્ટેજના કેન્સરને માત આપી છે અને હવે તે સંપૂર્ણપણે કેન્સર મુક્ત છે. જો કે તેમની આ સફર માનીએ તેટલી બિલકુલ સરળ ન હતી. આ સમય દરમિયાન ડોક્ટરોએ હાર માની હાથ અધ્ધર કરી લીધા હતા, પરંતુ નવજોત સિંધુની પત્ની પોતાની લાઈફ સ્ટાઈલ અને ડાયટ પ્લાનમાં ફેરફાર કરીને 40 દિવસમાં કેન્સરને માત આપી નવુ જીવન શરુ કર્યું છે. પ્રેસ કોન્ફરન્સમાં વાત કરતા સિદ્ધુએ જણાવ્યું કે, તેમની પત્નીની 40 ટકા સારવાર સરકારી હોસ્પિટલમાં થઈ હતી,એ પછી યમુનાનગરમાં થઈ છે. ડૉક્ટરે કહ્યું હતું કે,'સિદ્ધુ સાહેબ 5% પણ બચવાનો ચાન્સ નથી. 'મેટાસ્ટેસિસ' ચામડી



સુધી આવી ગયો છે. ત્યાર બાદ અમેરિકાથી આવેલા મારા મિત્રના દીકરાએ પણ હાથ અધ્ધર કરી દીધા હતા. જો કે, આ દરમિયાન મેં ખૂબ જ અભ્યાસ કર્યો અને તેના વિશે રિસર્ચ કર્યું હતુ.' હું દિવસમાં રોજના ચારથી પાંચ કલાક અમેરિકન ડૉક્ટરો અને આયુર્વેદ વિશે વાંચતો હતો. અને જ્યારે મને સમય મળતો ત્યારે મેં જે વાંચ્યું હોય તેના પર કામ કરતો. અને તેમાં મારી દિકરીએ સાથે એક ચોક્કસ પ્રકારનો ડાયટ પ્લાન બનાવ્યો હતો. નવજોત સિંહ સિદ્ધુએ જણાવ્યું કે, 'મારી પત્નીના ડાયટ પ્લાનમાંથી લોટ, દૂધની બનાવટો, સમોસા જલેબી, રોટલી, રિફાઈન્ડ તેલ બિલકુલ કાઢી નાખ્યું હતું અને તેના બદલે કેન્સરથી બચવા માટે ખાવાના સમયમાં અંતર રાખતાં હતાં, મીઠાઈઓ બિલકુલ નહોતા આપતાં. કાર્બોહાઈડ્રેટ ન ખાઈએ તો કેન્સરના કોષો આપો આપ મરી જાય છે. અને સાંજે 6 થી 6.30 વાગ્યાની વચ્ચે રાત્રિભોજન કરાવતા હતા અને સવારે 10 વાગ્યે લીંબુ પાણી પાણી આપીને બીજા દિવસની શરુઆત કરતાં હતાં.' આ ઉપરાંત તેઓ તેની સાથે કાચી હળદર, એક લસણ અને સફરજનની ચીપ્સ આપતા હતા. તેની સાથે સાથે પછી લીમડાના પાન, આમળા, બેરી જેવી 10-12 ખાટી વસ્તુઓની મદદ લેતા હતા. આ સિવાય અમે નવજોત કૌરના આહારમાં શું શું ઉમેર્યું તેના વિશે વાત કરી હતી. એટલું જ નહીં, સિદ્ધુએ પણ આ ડાયટ પ્લાન અપનાવ્યો હતો. જેનાથી તેની ફેટી લિવરની સમસ્યા દૂર થઈ અને તેમણે 25 કિલો વજન પણ ઘટાડ્યું છે.

**મતદાન પછી EVMમાં 99 ટકા બેટરી કઈ રીતે?**

## ચૂંટણીમાં પતિ પછડાયો તો સ્વરા ભાસ્કરે ઉઠાવ્યા સવાલ

(એજન્સી) મુંબઈ । તા. 23

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટપણે મહાયુતિની બહુમતી દર્શાવી રહ્યા છે. ભાજપે બપોરે 2.43 વાગ્યા સુધીના પરિણામો મુજબ, 7 બેઠકો પર જીત મેળવી છે.

શિવસેનાએ 5 બેઠકો પર જીત મેળવી છે. શરદ પવારના એનસીપી પક્ષ 1 બેઠક હાંસલ કરવામાં સફળ રહ્યો છે. અણુશક્તિનગર બેઠક પરથી અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહમદ (એનસીપી-શરદ પવાર) 3378 મતો સાથે પાછળ ચાલી રહ્યા છે. જિત પવારના એનસીપીના કદાવર નેતા નવાબ મલિકની દિકરી સના મલિક આ બેઠક પર ફહાદને આકરી ટક્કર આપી રહી છે. અણુશક્તિ નગર બેઠક પર પતિની હાર જોતાં સ્વરા ભાસ્કરે ઈવીએમ પર સવાલો ઉઠાવ્યા છે. સ્વરાએ ઈવીએમ પર કર્યા પ્રહાર સ્વરા ભાસ્કરે સોશિયલ મીડિયા પર સવાલ કર્યો છે કે, મત



આપ્યા હોવા છતાં ઈવીએમ મશીન 99 ટકા ચાર્જ કેવી રીતે હોઈ શકે? ચૂંટણી પંચ તેનો જવાબ આપે. અણુશક્તિ નગર વિધાનસભાની મતગણતરી માટે 99 ટકા ચાર્જ ઈવીએમ મશીનો ખુલ્યા હતા. જેમાં ભાજપ સમર્થિત એનસીપીને જ મત મળી રહ્યા છે. શરૂઆતના વલણમાં ફહાદ 1700 મતોના માર્જિન સાથે લીડ કરી રહ્યા હતા. પરંતુ જેમ-જેમ ગણતરી આગળ વધી રહી છે, તેમ સનાના મતમાં વધારો થઈ રહ્યો છે.

### લોક સંવાદ કાર્યક્રમમાં મંદિરોની ચોરીનો મુદ્દામાલ ફરિયાદીને સુપરત કરાયો




મહેશ એલ.સોની, નખત્રાણા

પોલીસ અધિક્ષક ની કચેરી ખાતે આજે યોજાયેલા પૂર્વ કચ્છ જિલ્લાના વાર્ષિક ઈસ્પેકશન અનુસંધાને લોક સંવાદ કાર્યક્રમ યોજાયેલ જેમાં ડી આઈ જી શ્રી ચિરાગ કોરડિયા સાહેબ સમક્ષ દારૂ ,ટ્રાફીક, સહિત વિવિધ પ્રકારની સમસ્યાને લઈ લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી. મોટી સંખ્યામાં અગ્રણીઓ, સ્થાનિક લોકો તેમજ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. તાજેતરમાં પૂર્વ કચ્છ પોલીસએ મંદિર ચોરીઓનાં કેસમાં આરોપીઓને પકડી પાડી તેમની પાસેથી મંદિરોની ચોરીનો મુદ્દામાલ કબ્જે કરેલ તે મુદ્દામાલ આઈ જી બોર્ડર રેન્જના ચિરાગ કોરડીયા સાહેબનાં હસ્તે ફરિયાદીઓને સુપરત કરવામાં આવેલ ત્યારની તસવીર.

## રેલ્વે અને ગતિ શક્તિ ની અજેય ભાગીદારી

અમદાવાદ । તા.23

વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં, સચિન તેંડુલકર અને સૌરવ ગાંગુલીએ 26 સંયુક્ત સદીઓ સાથે જોરદાર ભાગીદારી કરી હતી. જેમ તેઓ ક્રિકેટ ક્ષેત્રે પ્રભુત્વ ધરાવે છે તેમ, ભારતીય રેલ્વે અને PM ગતિશક્તિ-નેશનલ માસ્ટર પ્લાન (PMGS-NMP) વચ્ચેની ભાગીદારી માંગને અનુરૂપ ભારતના માળખાકીય વિકાસ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ રહી છે.

આ પરિવર્તનીય અભિગમ વિવિધ વિભાગો, મંત્રાલયો, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સિલોસ તોડવાની સુવિધા આપે છે. ગતિશક્તિ હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ અને નિર્ણય લેવાનો પાયાનો પથ્થર છે, તેનો અમલ રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટરની પહોળાઈમાં ડિવિઝન-સ્તરની બાંધકામ સંસ્થાઓ સુધી વિસ્તરે છે. આ દ્વારા, રેલ્વેએ



સંસ્થાકીય માળખું અને ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS) ડેટા-આધારિત ડિજિટલ પ્લેટફોર્મ - PMGS ને કાર્યરત કરવા માટેના બે મુખ્ય ઘટકોને સંપૂર્ણ રીતે આત્મસાત કર્યા છે. ગતિશક્તિ ગાંગુલીની લાવણ્ય અને અડગ નેતૃત્વની ચેનલ કરે છે, જ્યારે રેલ્વે, તેંડુલકરની અનુકૂલનક્ષમતાની જેમ, વિવિધ પડકારોનો ચતુરાઈથી સામનો કરે છે. આ સંકલિત અભિગમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મંત્રાલયો અને રેલવે ઝોન વચ્ચેના સંકલનમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, પ્રોજેક્ટ મંજૂરીઓને વેગ આપ્યો છે.

પ્રોજેક્ટ સર્વેક્ષણ મંજૂર કરવા માટે જરૂરી સામાન્ય 4-5 મહિનાને બદલે, આ પહેલે મંજૂરીનો સમય ઘટાડીને માત્ર 7 દિવસ કરી દીધો, જેનાથી સમગ્ર રેલવે નેટવર્કની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો. ભૂતકાળમાં આશરે 50ની સરખામણીમાં 2022-23માં 458 પ્રોજેક્ટ સર્વેને મંજૂરી આપવામાં આવી રેલ્વેએ ઐતિહાસિક રીતે અન્ય સરકારી એજન્સીઓ સાથે સંકલન કર્યું હોવા છતાં, PMGS દ્વારા બહુવિધ ટ્રાન્સપોર્ટ મોડ્સના એકીકરણ - અદ્યતન ડિજિટલ પ્લેટફોર્મ અને રીઅલ-ટાઇમ મોનિટરિંગ-એ ભારતના માળખાકીય ઈકોસિસ્ટમમાં ક્રાંતિ લાવી છે. રેલ્વે ઝોન, વિભાગો અને ક્ષેત્રોમાં વધુ સારા સંકલન દ્વારા, PMGS હવે સર્વગ્રાહી માળખાગત આયોજન અને અમલીકરણ માટેનું એક મોડેલ છે. PMGS ની સૌથી વધુ દેખાતી અસરોમાંની એક વિભાગીય સિલોસને તોડી રહી છે. પરંપરાગત રીતે, સાત જુદા જુદા વિભાગો રેલ્વે માળખાકીય વિકાસના વિવિધ પાસાઓ પર સ્વતંત્ર રીતે કામ કરે છે, પરિણામે વિલંબ અને બિનકાર્યક્ષમતા થાય છે.

આંતર-વિભાગીય સંદેશા વ્યવહારને પ્રોત્સાહન આપીને અને ડિજિટલ પ્લેટફોર્મનો લાભ લઈને, પ્રોજેક્ટની મંજૂરી ઝડપી કરવામાં આવી છે અને બિનજરૂરી અમલદારશાહી અવરોધો દૂર કરવામાં આવ્યા છે. PMGS ના અમલીકરણના પરિણામે નાણાકીય વર્ષ 2023-24માં ગતિ શક્તિ પહેલા વાર્ષિક મંજૂર થયેલા 6-7 પ્રોજેક્ટ્સની તુલનામાં 73 પ્રોજેક્ટસ મંજૂર કરવામાં આવ્યા સાથે નોંધપાત્ર રીતે સુધરેલા આયોજનમાં પરિણમ્યું છે. નાણાકીય વર્ષમાં અત્યાર સુધીનો આ સૌથી વધુ રેકોર્ડ છે! 5,309 કિલોમીટરની નવી લાઈન, ડબલિંગ અને ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ્સ પૂર્ણ થતાં પ્રોજેક્ટ ડિલિવરી પણ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી છે. રેલ ઈલેક્ટ્રિફિકેશન 7,188 રૂટ કિલોમીટર (RKM) ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યું, અને ટ્રેક કમિશનિંગ દરરોજ 4 કિમીથી 15 કિમી પ્રતિ દિવસની ઝડપે પહોંચ્યું. અસરકારક રીતે, PMGS-NMP ભાવિ-પ્રૂફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ ક્યાં, શું અને ક્યારે તેના વિગતવાર મેપિંગ દ્વારા. તે સામાજિક અને આર્થિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રંક અને યુટિલિટી નેટવર્ક્સ, મલ્ટીમોડલ કનેક્ટિવિટી, પર્યટન સ્થળો, જમીન મહેસૂલ નકશા અને જંગલની સીમાઓ વગેરે પર સચોટ અને વ્યાપક ડેટા ધરાવે છે.

### પાટણના ચંદુ માણા પી.એમ. શ્રી. પ્રા. શાળા ના આચાર્ય ની બદલી ગામજનો અને શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભ યોજાયો



નિતીન ઠાકર, ચાણસ્મા

પાટણ તાલુકા ના ચંદુમાણા પી.એમ. શ્રી પ્રા શાળા માં આચાર્ય તરીકે ૧૨ વર્ષ દરમિયાન સેવા બજાવી શંખેશ્વર તાલુકા માં આચાર્ય તરીકે બદલી થતાં ચંદુમાણા ગામ લોકો સહીત શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભ યોજાયો હતો સાથે શંખેશ્વર તાલુકા ની પી.એમ.પ્રા શાળા માં આચાર્ય ની સેવા આપી ચંદુમાણા પી એમ. પ્રા.શાળા માં બદલી થી આવનારા નવનિયુક્ત પ્રધાનાચાર્ય ગણેશભાઈ ડોડીયા નો સત્કાર સમારંભ યોજાયો હતો સમારંભ શરૂ થયા પૂર્વે વિદાય લઈ રહેલા આચાર્ય મનિષભાઈ પટેલ અને નવનિયુક્ત આચાર્ય ગણેશભાઈ ડોડીયા ને બગીમાં સન્માન સાથે બેસાડી ચંદુમાણા ગામ ના ગરબી ચોક માંથી ચંદુમાણા ગામ ના રાજમાર્ગે થઈ પ્રા. શાળા સુધી સન્માન યાત્રા યોજાઈ હતી દરમિયાન ગામ લોકો એ સન્માન યાત્રા દરમિયાન બંન્ને પ્રધાનાચર્યો ને કુલડાંથી વધાવ્યા હતા જ્યારે વિદાય સમારંભ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો એ વિદાય માન થતા આચાર્ય ની સેવા ઓને બિરદાવી હતી આ પ્રસંગે ચંદુમાણા ગામ ના વિવિધ સંસ્થા ઓ ના આગેવાનો પાટણ જિલ્લા શિક્ષણ વિભાગ ના અધિકારીઓ શાળા પરિવાર . વાલીઓ વિધાર્થીઓ સહિત મોટી સંખ્યા માં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### શહેરને નાળા મુક્ત બનાવવાની દિશામાં AMC

અમદાવાદ | શહેરને સંપૂર્ણ રીતે નાળા મુક્ત બનાવવા માટે AMC કામગીરી કરી રહ્યું છે. શહેરમાં મુખ્ય ત્રણ એવા ગરનાળા છે, જેના દ્વારા વર્ષો પહેલા પાણી માટે બનાવવામાં આવ્યા હતા. પરંતુ સમય રહેતા તે ડ્રેનેજમાં તબદીલ થઈ ગયા છે, પરંતુ હવે AMC તમામ નાળા પુરી તેના પર રોડ બનાવવાનું આયોજન કરી રહ્યું છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વાડજ નજીક ચંદ્રભાગા ગરનાળાને પુરી દેવામાં આવશે. ગાંધી આશ્રમ નવીનીકરણ કરવામાં આવશે તેની સાથે આ ગરનાળાને પણ પૂરી દેવામાં આવશે.

### CNG ગેસ રિફિલિંગ વખતે કારમાં થયો બ્લાસ્ટ

આણંદ | આણંદના ભાલેજ નજીક ચરોતર CNG ગેસ પંપ પર કારમાં સિલિન્ડર બ્લાસ્ટ થવાની ઘટના બની છે. ઈકો કારમાં CNG રિફિલિંગ સમયે ધડાકા સાથે CNG સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. CNG સિલિન્ડર ધડાકા સાથે ફાટતા કારનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો. ગેસમાં વધુ પ્રેસર આવી ગયુ હોય અને બ્લાસ્ટ થયો હોય તેવું પ્રાથમિક રીતે લાગી રહ્યું છે. આસપાસ ઉભેલી અન્ય બે કાર અને પંપની છતને ભારે નુકસાન થયુ છે. આ ઘટનામાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર હેઠળ મોકલી આપ્યા છે.

## વાવમાં છેલ્લી ઘડીએ બાજી પલટાઈ... ભાજપ ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની 2 હજાર વધુ મતથી જીત

# વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત

(એજન્સી) વાવ | તા.23

બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. ગુજરાતમાં કોંગ્રેસને સૌથી મોટો ઝટકો લાગ્યો છે. વાવ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની જીત થઈ છે. ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો 2436 મતોથી વિજય થયો છે. ભાજપે છેલ્લા 5 રાઉન્ડમાં સારું પ્રદર્શન કરતાં લીડમાં ઘટાડો કર્યો હતો અને કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતનો પરાજય થયો હતો.

વાવ પેટા ચૂંટણીમાં મત ગણતરીના 24માં રાઉન્ડના અંતે ભાજપના સ્વરૂપજી ઠાકોરને 92,129 મત, કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતને 89,693 મત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલને 27,183 મત મળ્યા છે. ભાજપ ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો 2,436 મતથી વિજય થયો છે. નોંધનીય છે કે નોટામાં પણ 3358 મત પડ્યા છે.



**ભાજપના સ્વરૂપજી ઠાકોરની જીત**
બનાસકાંઠાની વાવ બેઠકના ચૂંટણીના હાઈવોલ્ટેજ જંગમાં કોંગ્રેસ પસ્ત થઈ છે અને ભાજપ મસ્ત જોવા મળી રહી છે, કારણ કે વાવ પેટાચૂંટણીના પરિણામમાં ખૂબ જ મોટો ઉલટફેર જોવા મળ્યો છે. વાવ બેઠક પર ભાજપનું કમળ ખીલ્યું છે અને સ્વરૂપજી ઠાકોરની ભવ્ય જીત થઈ છે. વાવમાં ભાજપે 2,353 મતથી જીત મેળવી છે. તમને જણાવી દઈએ કે છેલ્લા 2 રાઉન્ડમાં સ્વરૂપજી ઠાકોરે બાજી મારી છે.

### વાવમાં ભાજપનું કમળ ખીલ્યું

વાવ પેટા ચૂંટણીમાં મત ગણતરીના 24માં રાઉન્ડના અંતે ભાજપના સ્વરૂપજી ઠાકોરને 92,129 મત, કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતને 89,693 મત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલને 27,183 મત મળ્યા છે. ભાજપ ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો 2,436 મતથી વિજય થયો છે. નોંધનીય છે કે નોટામાં પણ 3358 મત પડ્યા છે. ગત લોકસભા ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરે બનાસકાંઠા બેઠક પરથી જીત મેળવી હતી, જેને લઈને વાવ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી યોજવામાં આવી હતી. વાવ બેઠક પર કોંગ્રેસે ગુલાબસિંહ રાજપૂત, ભાજપે સ્વરૂપજી ઠાકોર અને અપક્ષમાંથી માવજી પટેલે ચૂંટણી લડી હતી.

### વિધાનસભામાં ભાજપનું સંખ્યાબળ વધીને 162 થઈ ગયું

પરિણામની વાત કરીએ તો 21 રાઉન્ડ સુધી ભાજપ સતત પાછળ રહી હતી પણ ક્રિકેટ મેચની જેમ વાવની બેઠકમાં પણ અંતિમ બે રાઉન્ડમાં પરિણામનું ચિત્ર બદલાયું અને ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરની જીત થઈ છે. ત્યારે ગુજરાત વિધાનસભામાં હવે ભાજપનું સંખ્યાબળ વધીને 162 થઈ ગયું છે. વિધાનસભામાં હાલમાં ભાજપની 162, કોંગ્રેસની 12, અન્યની 7, 1 ખાલી સીટ છે.

### વાવ બેઠક પર ભગવો લહેરાયો...

**વાવ બેઠક પર ભાજપનું કમળ ખીલ્યું.. કોંગ્રેસના ગુલાબસિંહને પછાડી સ્વરુપજી ઠાકોરે 2500થી વધુ મતથી જીત મેળવી..છેલ્લા ત્રણ રાઉન્ડમાં જ બાજી પલટાઇ અને વાવ બેઠક પર ભગવો લહેરાવ્યો...**

**CM ભૂપેન્દ્ર પટેલે કર્યું ટ્વીટ :** ત્યારે વાવમાં ભાજપની જીત પર CM ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કર્યું છે અને વાવમાં ભાજપની યશસ્વી જીત બદલ સ્વરૂપજી ઠાકોરને અભિનંદન પણ પાઠવ્યા છે. આ સાથે જ મુખ્યપ્રધાને તમામ કર્મઠ કાર્યકર્તાઓ અને ભાજપના વિકાસની રાજનીતિ પર વિશ્વાસની મહોર મારવા બદલ નાગરિકોનો પણ ખૂબ ખૂબ આભાર માન્યો છે. બીજી તરફ વાવમાં ભાજપની જીતને લઈ જશ્ન મનાવવામાં આવી રહ્યો છે. બનાસકાંઠામાં ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી રહી છે. ભાજપના કાર્યકરોએ ફટાકડા ફોડી ઉજવણી કરી છે.



**કોંગ્રેસના ઘણા સમર્થકો હવે રહસ્યમય રીતે ચૂપ છે: હર્ષ સંઘવી :** આ સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ વાવ બેઠક પર ભાજપની જીતને લઈને કોંગ્રેસને આડેહાથે લીધું છે. તેમણે લખ્યું કે, 'ગુજરાત વાવ બેઠકની પેટાચૂંટણી અંગે ટ્વિટર પર મને સવાલ કરતા કોંગ્રેસના ઘણા સમર્થકો હવે રહસ્યમય રીતે ચૂપ છે. વાવ બેઠકના પરિણામો જાહેર થયા બાદ તેમના પાછળના જવાબો હવામાં અદશ્ય થઈ ગયા છે! ધારો કે કેટલાક લોકો સત્યને સંભાળી શકતા નથી!'



### જાતિવાદી સમીકરણના આધારે ભાજપની જીત : કોંગ્રેસ સાંસદ ગેનીબેન

વાવ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપે ભવ્ય જીત મેળવી છે. ત્યારે આ દરમિયાન કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે નિવેદન આપતા કહ્યું કે વાવ વિધાનસભાના અને કોંગ્રેસના કાર્યકરોનો અને મતદારોનો હૃદય પૂર્વક આભાર માનું છું. કોંગ્રેસને ખૂબ વોટ મળ્યા છે પણ ક્યાંક અમારી કચાસ રહી ગઈ છે, લોકશાહીની અંદર જનતા સર્વોપરી છે અને અમે લોકચુકાદો માથા ઉપર ચડાવીએ છીએ.



**ભાજપના ઉમેદવારોએ જે પણ વાયદા આપ્યા છે, તે વાયદા પૂર્ણ કરે એવી આશા: ગેનીબેન ઠાકોર :** આ સાથે જ કોંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોરે વધુમાં કહ્યું કે આવનારા સમયમાં અમારી જે કંઈ નાની મોટી કચાસ રહી ગઈ છે એ કદાચ દૂર કરવાનો પ્રયત્ન કરીશું અને ભાજપના ઉમેદવારોએ જે પણ વાયદા આપ્યા છે, તે વાયદા પૂર્ણ કરે એવી આશા રાખું છું. અમે થોડા મત માટે રહી ગયા છીએ, પરંતુ આવનારા સમયમાં તેનો પૂરો અભ્યાસ કરીને જે પણ ક્ષતિઓ રહી ગઈ છે, તે આવનારા સમયમાં ના રહે એવી દિશામાં પ્રયત્ન કરીશું.



**જીતને લઈને ભાજપના કાર્યકર્તાઓ અને સમર્થકોમાં ખુશીની લહેર**
વાવની પેટા ચૂંટણીમાં કાંટાની ટક્કર વચ્ચે ભાજપની 2367 મતથી જીત થઈ છે. નોંધનીય છે કે, જીતને લઈને ભાજપના કાર્યકર્તાઓ અને સમર્થકોમાં ખુશીની લહેર જોવા મળી છે. આ સાથે ખુશીમાં સમર્થકો અભિનંદન પાઠવવા પહોંચ્યા છે. મહત્વની વાત એ છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વરૂપજી ઠાકોરની અભિનંદન પાઠવ્યાં છે. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ પણ સ્વરૂપજી ઠાકોરને અભિનંદન પાઠવ્યાં છે.

### લોકોનો જનાદેશ અમે સ્વીકારીએ છીએ: કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ

કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતે પોતાની હાર અંગે જે કારણ આપ્યું એ પણ ચોંકાવનારું છે. તેમનું કહેવું છે કે, 'ભાભરમાં અમારી ગણતરી કરતા ભાજપને થોડા વધુ વોટ મળ્યા, નોટામાં વધુ વોટ પડ્યા નહીંતો હું નંબર વન હતો. અમારી તુટીને કારણે આ પરિણામ આવ્યું, જ્યાં અમારી ખામી રહી હશે તેને દૂર કરવાના પગલા ભરીશું, લોકોનો જનાદેશ અમે સ્વીકારીએ છીએ.'



**નોટા અને અપક્ષ ઉમેદવારો:** આ ચૂંટણીમાં નોટામાં મોટી સંખ્યામાં મત પડ્યા છે. આ ઉપરાંત, માવજીભાઈ પટેલ જેવા અપક્ષ ઉમેદવારોને પણ નોંધપાત્ર મત મળ્યા છે. આ બંને પરિબળોએ ચૂંટણીના પરિણામને પ્રભાવિત કર્યા છે. આપને જણાવી દઈએ કે, બપોરે ચાર વાગ્યા સુધીના આંકડા પ્રમાણે વાવ બેઠક પર 3,360 મત NOTAમાં પડ્યા હતા. તો અન્ય અપક્ષ ઉમેદવારોને મળેલા મતોને કારણે પણ ગુલાબસિંહના મત તૂટ્યા હોવાની ચર્ચા છે. જ્યારે ભાજપમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનાર માવજીભાઈ પટેલને 27 હજારથી વધુ મત મળ્યા.

## સુરતમાં સ્નેહમિલન કાર્યક્રમમાં CR પાટીલનું સંગઠનને લઈને મોટું નિવેદન

# CR પાટીલે પ્રદેશ અધ્યક્ષ પદ છોડવાના આપ્યા સંકેત

(એજન્સી) સુરત | તા.23

કેન્દ્રીય નેતા અને ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. સુરતમાં સ્નેહમિલન કાર્યક્રમમાં સી.આર.પાટીલે પ્રદેશ અધ્યક્ષ પદ છોડવા માટેના સંકેત આપ્યા છે. સુરતમાં સ્નેહમિલન કાર્યક્રમમાં CR પાટીલે સંગઠનને લઈને મોટું નિવેદન આપ્યું હતું અને CR પાટીલે પોતાની વિદાય માટેની વાત કરી છે.



### પાર્ટીમાં એક પરિવાર એક હોદ્દાનો નિયમ: પાટીલ

સ્નેહમિલન કાર્યક્રમમાં સી.આર.પાટીલે કહ્યું કે હું ઈચ્છું છું કે મારી વિદાય થાય અને કોઈ નવા વ્યક્તિને તક મળે, નવા આવે એને અભિનંદન પણ તેમને પાઠવ્યા. વાવ જીત બાદ મારી વિદાય સારી લાગશે. મારી પાસે ત્રણ હોદ્દા છે અને આપણી પાર્ટીમાં એક પરિવાર એક હોદ્દાનો નિયમ છે. તમને જણાવી દઈએ આ સ્નેહમિલન કાર્યક્રમમાં ભાજપના ઘણા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા અને રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા.

**વાવ, મહારાષ્ટ્રમાં જીત બાદ સુરતમાં BJP સ્નેહમિલન :** ઉલ્લેખનીય છે કે બનાસકાંઠાની વાવ બેઠક પર પેટા ચૂંટણી અને મહારાષ્ટ્ર ચૂંટણીમાં જીત બાદ સુરતમાં મજુરા ખાતે સ્નેહમિલનનું આયોજન થયું હતું. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષતામાં સંમેલન યોજાયું હતું. જેમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ મેયર, ડેપ્યુટી મેયર, શાસક પક્ષના નેતાઓ ઉપસ્થિત રહ્યા અને ભાજપના હજારો કાર્યકર્તાઓ પણ સંમેલનમાં હાજર રહ્યા હતા.

## ચાલક બન્યો બેફામ..... એકનું મોત, બે લોકો ઘાયલ

# કલોલમાં કારચાલકે મહિલા પર ચડાવી દીધી કાર

(એજન્સી) ગાંધીનગર | તા.23

કલોલમાં એક બેફામ કાર ચાલકે મોટો અકસ્માત સર્જાયો છે. કલોલના નવજીવન રોડ ઉપર બેકાબુ કાર ચાલકે શાકભાજીના ફેરીયા ઉપર કાર ચડાવી દીધી છે અને ગંભીર અક્સ્માત સર્જ્યો છે. કાર ચાલકે શાકભાજી વેચતા ફેરિયા ઉપર કાર ચડાવી દેતા આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે, ત્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયાની જાણકારી મળી રહી છે.



**બેફામ કાર ચાલકની કલોલ પોલીસે કરી ધરપકડ**
પોલીસે આ બેફામ કાર ચાલકની ધરપકડ કરી લીધી છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ ગંભીર અકસ્માતની ઘટના બનતા જ આસપાસના લોકો પણ ગભરાઈ ગયા હતા અને ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને ઘટના સ્થળે અને હોસ્પિટલમાં લોકોના ટોળે ટોળા ઉમટ્યા છે.

**પરિવારજનોએ હોસ્પિટલમાં આક્રંદ કરી દેતા કરુણા દ્રશ્યો સર્જાયા :** કલોલની કોર્ટ પાસે શાકભાજી વેચતા ફેરિયા ઉપર આ કાર ફરી વળી હતી અને ફેરિયાવાળા ઉપર કાર ચડાવી દેતા રોડ ઉપર અફરાતફરીના દ્રશ્યો સર્જાયા હતા. આ અકસ્માતમાં એક મહિલાનું મોત થયું છે અને બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલ થયેલા 2 લોકોને સિવિલ હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પરિવારજનોએ હોસ્પિટલમાં આક્રંદ કરી દેતા કરુણા દ્રશ્યો સર્જાયા છે.

# નારોલમાં અસલી પોલીસે નકલી DYSPને પકડ્યો

## પોલીસનો રાખતો હતો સ્વેગ..... રોલા પાડવા કારમાં લગાવી હતી "લાલ લાઈટ"

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદમાંથી ફરી નકલી પોલીસ ઝડપાઈ ગયો છે,નારોલની અસલી પોલીસે નકલી પોલીસને ઝડપી જેલ હવાલે કર્યો છે,લાંભા રોડ પર નકલી પોલીસ કારની ઉપર પોલીસની લાઈટ અને પોલીસ લખીને ફરી રહ્યો હતો,પોતાની ગાડી પર પોલીસ જેવી લાઈટો રાખી અને લોકોની વચ્ચે રૌફ જમાવતો હતો,ત્યારે આ મામલે પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથધરી છે. નારોલ પોલીસે નકલી પોલીસને ઝડપી પાડયો છે,નકલી પોલીસ અસલી પોલીસનો વહેમ રાખી લોકો સામે રૌફ જમાવતો હતો,પોલીસને આ બાબતની જાણ થઈ હતી અને બાતમીના આધારે તેને કાર સાથે ઝડપી પાડયો હતો,આરોપીનું નામ વિરાજ મેઘા છે અને તેની કારમાંથી એક છરી પણ મળી આવી છે,પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ કરી છે,સાથે સાથે આરોપીએ પોલીસના નામે કયાંય તોડ તો નથી કર્યો તે દિશામાં તપાસ હાથધરી છે.




### આરોપીની ગાડીમાંથી છરી પણ મળી આવી

પોલીસે આરોપીની કાર ચેક કરી તો તેની પાસેથી છરી પણ મળી આવી હતી,પોલીસે આરોપીને છરીને લઈ પૂછ્યુ પરતું તે પોલીસને સહકાર આપી રહ્યો નહી હોવાની વાત સામે આવી છે.આરોપી લોકોને ઓળખ આપતો હતો કે તે ડીવાયએસપી છે અને કંઈ પણ કામ હોય તો જણાવજો એમ કહીને લોકોમાં રોલો પાડતો હતો.

### આરોપી વટવાનો રહેવાસી

વટવા કેનાલ રોડ પાસે આવેલી વિનાયક રેસીડેન્સીમાં રહેતા વિરાજ નીતીનકુમાર મેઘા નકલી ડીવાયએસપી હોવાનો રોફ જમાવીને ફરતો રહેતો હતો. આરોપી યુવકે તેની ગાડીની નંબર પ્લેટ પર ડીવાયએસપી તથા પોલીસના સિમ્બોલ લગાવેલા હતા.

# પાટણની 'રાણીની વાવ': બે વર્ષમાં 5 લાખથી વધુ પ્રવાસીએ લીધી મુલાકાત

(એજન્સી) ગાંધીનગર | તા.23

ગુજરાતમાં પટોળા માટે પ્રખ્યાત પાટણ ખાતે આવેલી રાણીની વાત ગુજરાતના સ્મારકો અને કલાનો ઉત્કૃષ્ટ વારસો છે. રાણીની વાવના જળ વ્યવસ્થાપન તેમજ કલાના ઉત્કૃષ્ટ વારસાને ધ્યાનમાં રાખીને યુનેસ્કો દ્વારા વર્ષ 2014માં રાણીની વાવને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન આપવામાં આવ્યું હતું. રાણીની વાવની કલાકૃતિને જોવા માટે રાજ્ય, દેશ અને દુનિયાના પ્રવાસીઓ મુલાકાતે આવતા હોય છે, ત્યારે છેલ્લા બે વર્ષમાં વર્લ્ડ હેરિટેજ સાઈટ રાણીની વાવ ખાતે દેશભરમાંથી આશરે પાંચ લાખથી વધુ મુલાકાતીઓ આવ્યા, જેમાંથી લગભગ ચાર હજારથી વધુ વિદેશી સહેલાણીઓનો પણ સમાવેશ થાય છે.



**વાવની અદ્ભુત કળા અને કોતરણી...**
ગત વર્ષ 2023-24માં આશરે 3.52 લાખથી વધુ ભારતીય અને 3,327 વિદેશી પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. ઑક્ટોબર 2024 સુધીમાં 1.58 લાખથી વધુ ભારતીય અને 962 વિદેશ પ્રવાસીઓ આવ્યા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...